લીંબડી સંપ્રદાયના વિદ્વાન્ મહારાજશ્રી ગુલાબચંદ્રજી
સ્વામીના શિષ્ય શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજી
સ્વામીએ સુધારેલું –

શ્રી સામાયિક-પ્રતિક્રમણ.

(૭ સમરણ, બોલ, નવતત્વ, ૭ ભાવના, શ્રી
પૂણીયાભાઈના મહીના અને આનુપૂર્વી સાથે.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શ્રી જૈન જ્ઞાનપ્રચારક વિદ્યાલય તરફથી
શાહ ભીખાભાઈ ગુલાબચંદ
ગાંધી રતનચંદ પાનાચંદ.
ઠે. સી. પી. રેલ્વે, [illegible]
મુકામ.

આવૃત્તિ બીજી   પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૮૦   સને ૧૯૨૪.

કિંમત રૂ. ૦-૧૦-૦.

શીળ વિષે.

(રાગ—પુનમ ચાંદનીનો.)

શીલ રતન જતને બેની રાખીયેરે, ફરી ફરી નહિ મળે આ અવતાર;
શીલ સુધારસ ભાવે કરી ચાખીયેરે, જેથી લહિયે ભવ જલ પાર,
શીલ રતન જતને બેની રાખીયે રે, એ ટેક.
બાળપણાથી પાળીયે, શીલ ધર્મ સુખકાર;
અવર ભૂષણ છે કારિમા, સાચો શીલ શણગાર.
શીલ ચુંદડી પેહેર્યાથી રૂડા શોભીયે રે, સાસર પીયરમાં શોભાવનહાર.
બાહ્મી સુંદરી મહા સતી, રાજેમતિ વરનાર;
સીતા કુંતા દ્રૌપદી, સુભદ્રા સુલસા સાર.
ચંદનબાળા સુલા દમયંતી મૃગાવતીરે, શીવા પદમાવતી આદે થઇ અપાર.
કષ્ટ સહિ ખલજન તણા, પાળ્યો શીલ નિઃશંક;
કીર્ત્તિ લહિ જગ ઉજળી, ટાળી નિજ કલંક.
પદ ઉગે આવે ધર્મિનરો પ્રેમથીરે, જેના નામે સદા થાએ જયકાર.
ઝેર અમૃત થઇ પરણમે, નાગ હોવે વરમાલ;
અગ્નિ પાણી સમ હુવે, વાઘ હુવે મૃગ બાલ.
શીલે સંકટ ટળે ને વળે સંપદા રે, સુર અસુર નૃપાદિ ધરે પ્યાર.
ધર્મ સ્થાનને ઘર તજી, નવિ ફરીયે અન્ય દ્વાર;
સંગત રૂડા નરતણી, કરતા વધે સુવિચાર.
સામાયક પોષા પડિક્કમણા બેની કરોરે, તજી પ્રમાદ વિકથા વળી ચાર.
જ્ઞાન દર્શન ચારિત્રથી, ધરિએ પ્રીતિ અપાર;
તપ તપી નવ વાડથી, પાળો શીલ આચાર.
વીર મુનિ કહે શીયલ પ્રભાવથીરે, નરનારી ઘણા પામ્યા શિવદ્વાર.

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

શ્રી વીતરાગાય નમ:

શ્રી સામાયિક–પ્રતિક્રમણ.

(છકાયના બોલ, નવતત્ત્વ, છ દ, છ આરા સહિત.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન સ્થાનકવાસી વિદ્યાલય.

ઠે. સી. પી. ટેંક રોડ, નં. ૫૬–૫૭.

મુંબઈ.

વીર સંવત ૨૪૪૯ ઈ. સ. ૧૯૨૩.

અમદાવાદ–ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કીંમત રૂા. ૦–૩–૦.

વીર સ્તુતિ.

રાગ—આઠ ગુણુવંતી ગુજરાત. એ લય.

જયવંતા પ્રભુ વીર, હમારા, જયવંતા પ્રભુ વીર,
શાસન નાયક ધીર, હમારા, જયવંતા પ્રભુ વીર. એ ટેક

શાસ્ત્ર સરોવર સરસ આપનું, તત્ત્વ રસે ભરપુર;
તેમા ન્હાતા તરતાં નિત્યે, શુદ્ધ થાય અમ ઉર. હમારા

સાત્વિક ભાવે જેહ પ્રકાશ્યું, વાસ્તવિક તત્ત્વ સ્વરૂપ;
આસ્તિકતામાં રમિયે તેથી, આનંદ થાય અનૂપ. હમારા

આપ પ્રકાશિત જ્ઞાન બગીચે, ખીલ્યા છે બહુ ફૂલ;
સુગંધિ વાયુની સરસ લહેરથી, અમે છીએ મશગૂલ. હમારા

આપ વિશાળ વિચાર ભૂમિયે, ઉછર્યા કલ્પ અંકૂર;
રસભર તેનાં ફૂલ ચાખીને, રહેશુ આપ હજૂર. હમારા

નામ આપનું નિશદિન પ્યારૂ, રમી રહ્યું અમ ઉર,
તેની ખાતર પ્રાણ અર્પવા, અમે છીએ મંજૂર, હમારા

માર્ગ બતાવા અમ ઉપર જે, કર્યો મહા ઉપકાર;
અર્પણ કરીએ સર્વ તથાપિ, થાય ન પ્રત્યુપકાર. હમારા

ચરણ આપનાં શરણ હમારે, મરણ જન્મ ભય દૂર;
લોભી ચાતક 'રત્નચંદ્ર' જ્યમ, તમ દર્શન આતૂર. હમારા

મંગળાચરણ.

अर्हन्तो भगवंतइन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिता
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।
श्रीसिद्धांत सुपाठका मुनिवरा, रत्नत्रयाराधकाः
पश्चैते परमेष्ठिनः प्रतिदिनं, कुर्वन्तु वो मंगलम् ॥

સામાયિક વ્રત.

મૂળ પાઠ ૧ લો. नमोकारमंत्र.

નમોઅરિહંતાણં । નમો સિદ્ધાણં । નમો આયરિયાણં । નમો ઉવજ્ઝાયાણં । નમો લોએ સવ્વ સાહૂણં ।।

શબ્દાર્થ પાઠ ૧ લો નમોક્કાર.

નમો અરિહંતાણં.	(કર્મરૂપી) દુશ્મનોને હણનારા ભગવાનોને નમસ્કાર.
નમો સિદ્ધાણં.	(સર્વ કર્મોને હણી સિદ્ધગતિમાં બિરાજે છે તે) સિદ્ધભગવાનોને નમસ્કાર.

નિશાની '।' સંપદાની જાણવી. સંપદા હેતુ વાક્ય પૂર્ણ.

નમો આયરિયાણું.	આચાર્ય મહારાજોને નમસ્કાર.
નમો ઉવજ્ઝાયાણું.	ઉપાધ્યાય મહારાજોને નમસ્કાર.
નમો	નમસ્કાર,
લોએ	લોકને વિષે [અઢી દ્વીપમાં]
સવ્વ	સર્વ, બધા
સાહૂણં.	સાધુઓને

મૂળ પાઠ ૨ જો તિક્ખુત્તો.

તિક્ખુત્તો, આયાહિણુ-પયાહિણું, વંદામિ । નમંસામિ । સક્કારેમિ, સમ્માણેમિ । કલ્લાણં, મંગળં, દેવયં, ચેઇઅં । પજ્જુવાસામિ ॥

શબ્દાર્થ પાઠ ૨ જો તિક્ખુત્તો.

તિક્ખુત્તો	ત્રણવાર.
આયાહિણુ-પયાહિણું	(જમણા કાનથી ડાબાકાનસુધી) આવર્ત્તનથી પ્રદક્ષિણા કરીને.
વંદામિ	વાંદુછું (સ્તુતિ કરૂં છું)
નમંસામિ	(કાયા નમાવી) નમસ્કાર કરૂં છું.
સક્કારેમિ	સત્કાર કરૂં છું (વિનયભક્તિથી)
સમ્માણેમિ	સન્માન દઉં છું. (ગુણગાન કરી)
કલ્લાણું	કલ્યાણકારી

મંગળં	મંગળકારી
દેવયં	ધર્મદેવ, દૈવતરૂપ.
ચેઇઅં	જ્ઞાનવંત [છો તેથી]
પજ્જુવાસામિ	પર્યુપાસના કરૂં છું-સેવા કરૂં છુ

મૂળ પાઠ ૩ જો ઇરિયાવહિયા.

ઇચ્છામિ પડિક્કમિઉં । ઇરિયાવહિયાએ વિરાહણાએ । ગમણાગમણે । પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે,ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા સંતાણા-સંકમણે । જે મે જીવા વિરાહિયા । એગિં-દિયા, બેઈંદિયા, તેઈંદિયા,ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥

શબ્દાર્થ પાઠ ૩ જો ઇરિયાવહિયા.

ઇચ્છામિ	ઇચ્છું છું
પડિક્કમિઉં	પાપ કર્મથી છુટવાને
ઇરિયાવહિયાએ	માર્ગમા ચાલતા (જીવજંતુ-ની થતી)
વિરાહણાએ	વિરાધનાથી
ગમણાગમણે	જતા આવતા

પાણક્કમણે	પ્રાણોને દબાવ્યા હોય
બીયક્કમણે	બીજ કચર્યા હોય
હરિયક્કમણે	લીલી વનસ્પતિ કચરી હોય
ઓસા	ઝાકળ
ઉત્તિંગ	કીડીયારૂં
પણગ	લીલફૂલ
દગ	કાચુ પાણી, સચિત્ત પાણી
મટ્ટી	સચિત્ત માટી
મક્કડા સંતાણા	કરોળીયાની જાળ
સંકમણે	(એ સર્વ) કચર્યો હોય
જે	જે
મે	મેં
જીવા	જીવોને
વિરાહિયા	પીડા કરી હોય
એગિંદિયા	એક ઈંદ્રિયવાળા
બેઇંદિયા	બે ઇંદ્રિયવાળા
તેઇંદિયા	ત્રણ ઈંદ્રિયવાળા
ચઉરિંદિયા	ચાર ઇંદ્રિયવાળા
પંચિંદિયા	પાચ ઈંદ્રિયવાળા
અભિહયા	સામા આવતા હણ્યા હોય
વત્તિયા	ધૂળઆદિથી ઢાક્યા હોય
લેસિયા	મસળ્યા હોય

સંઘાઇયા	એકઠા કર્યા હોય
સંઘટ્ટિયા	છુઆ હોય, દુહવ્યા હોય
પરિયાવિયા	પરિતાપ-કષ્ટ આપ્યા હોય
કિલામિયા	કિલામના ઉપજાવી હોય
ઉદ્દવિયા	ઉદ્દવેગ ઉપજાવ્યો હોય
ઠાણાઓ	એક સ્થાનકેથી
ઠાણું	બીજે સ્થાનકે
સંકામિયા	મુકયા હોય
જીવિયાઓ	જીવિતથકી
વવરોવિયા	જુદાં પાડયા હોય
તસ્સ	તેના
મિચ્છા	નિષ્ફળહો
મિ	મારા
દુક્કડં	પાપ, દુષ્કૃત્ય.

મૂળ પાઠ ૪ થો તસ્સઉત્તરી.

તસ્સ ઉત્તરીકરણેણું, પાયચ્છિત્તકરણેણું, વિસોહી કરણેણું, વિસલ્લીકરણેણું, પાવાણું કમ્માણું, નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં ।।

અન્નત્થ ઊસસિએણું, નીસસિએણું, ખાસિએણું, છીએણું, જંભાઇએણું, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણું,

ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગ-સંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો.

જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમોક્કારેણં, ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥

શબ્દાર્થ પાઠ ૪ થો. તસ્સ ઉત્તરી.

તસ્સ	તેને
ઉત્તરીકરણેણં	ઉત્કૃષ્ટ કરવાને
પાયચ્છિત્તકરણેણં	પ્રાયશ્ચિત–આલોચના કરવાને
વિસોહીકરણેણં	વિશેષ શુદ્ધિ કરવાને
વિસલ્લીકરણેણં	શલ્ય[1] નો ત્યાગ કરવાને
પાવાણં	પાપ[2] ને
કમ્માણં	કર્મ[3] ને
નિગ્ઘાયણટ્ઠાએ	નાશ કરવા અર્થે
ઠામિ	કરું છું,
કાઉસ્સગ્ગં	કાયોત્સર્ગ
અન્નત્થ	અન્ય (ક્રિયાઓ દ્વારા)
ઊસસિએણં	ઉચ્છ્વાસથી

---

૧ શલ્ય ત્રણ છે. (૧) માયા. (૨) નિદાન (ફળકામના). (૩) મિથ્યાત્વ
૨ અઢાર પાપ સ્થાન ૩ આઠ કર્મ.

નીસસિએણં	નિ શ્વાસથી
ખાસિએણં	ખાંસીથી
છીએણં	છીંકથી
જંભાઇએણં	બગાસાંથી
ઉડ્ડુએણં	ઓડકારથી
વાયનિસગ્ગેણં	પુંઠે વાયુના સરવાથી
ભમલીએ	ચક્કર, ફેરથી
પિત્ત મુચ્છાએ	પિત્ત-વિકારની મૂચ્છૉથી
સુહુમેહિં	સૂક્ષ્મ
અંગસંચાલેહિં	અંગસંચારથી
સુહુમેહિં ખેલ સંચાલેહિં	સૂક્ષ્મ કફ-સંચારથી
સુહુમેહિ દિટ્ઠિસંચાલેહિં	સૂક્ષ્મ દ્રષ્ટિ-સંચારથી
એવમાઇએહિં	ઈત્યાદિ
આગારેહિં	આગારોથી
અભગ્ગો	અભંગ
અવિરાહિઓ	અવિરાધીત
હુજજ	હજો
મે	મારો
કાઉસ્સગ્ગો	કાયોત્સર્ગ
જાવ	જ્યા સુધી
અરિહંતાણં	અરિહંત
ભગવંતાણં	ભગવાનોને

નમોક્કારેણં	નમસ્કાર કરી [કાયોત્સર્ગ]
ન	ન
પારેમિ	પારૂં
તાવ	ત્યા સુધી
કાયં	શરીરને, કાયાને
ઠાણેણં	સ્થિર કરીને
મોણેણં	મૌન રહીને
ઝાણેણં	ધ્યાન ધરીને
અપ્પાણં	પોતાના આત્માને
વોસિરામિ.	[અશુભ વ્યાપારોથી] વોસિરાવુ છું-અલગ કરૂં છું.

મૂળ પાઠ ૫ મો. लोगस्स.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મ તિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી. ૧.
ઉસભમજિઅંચ વંદે, સંભવમભિનંદણંચ સુમઇંચ;
પઉમપ્પહં સુપાસં, જિણંચ ચંદપ્પહંવંદે. ૨.
સુવિહિંચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસવાસુપુજ્જંચ;
વિમલમણંતંચ જિણં, ધમ્મં સંતિંચ વંદામિ. ૩.
કુંથું અરંચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણંચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસંતહ વદ્ધમાણંચ. ૪.
એવંમએ અભિત્થુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા;
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫.

૧૧૨૮

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬.
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

શબ્દાર્થ પાઠ ૫ મો લોગસ્સ.

લોગસ્સ	લોકના
ઉજ્જોઅગરે	પ્રકાશના કરનાર, ઉદ્યોતના કરનાર.
ધમ્મ તિત્થયરે	ધર્મરૂપ તીર્થની સ્થાપના કરનાર.
* જિણે	રાગ દ્વેષના જીતનાર,
અરિહંતે	તીર્થંકરોની
કિત્તઇસ્સં	સ્તુતિ કરીશ
ચઉવીસં અપિ	ચોવીશે તીર્થંકરો અને
કેવલી *	સામાન્ય કેવલી, કેવળજ્ઞાની
ઉસભં૧	ઋષભદેવને
અજિઅં	અજિતનાથને
ચ	અને
વંદે	વાંદુ છું
સંભવં૧	સંભવનાથને

* 'તિત્થયરે' શબ્દથી પૂજાતિશય અનેવચનાતિશય 'જિણે' શબ્દથી અપાયાગમાતિશય અને 'કેવલી' શબ્દથી જ્ઞાનાતિશય આ ચાર અતિશય સક્ષેપમા દર્શાવ્યા છે. ૧ સધિ છોડી નાખીને શબ્દો લખ્યા છે.

અભિનંદણું	અભિનંદનને
ચ	અને
સુમઈ	સુમતિનાથને
ચ	અને
પઉમપ્પહં	પદ્મપ્રભને
સુપાસં	સુપાર્શ્વનાથને
જિણું	જિનને
ચ	અને
ચંદપ્પહં	ચન્દ્રપ્રભને
વંદે	નમું છું
સુવિહિં ચ પુપ્ફદંત[1]	સુવિધિનાથ અથવા પુષ્પદન્તને
સીઅલ	શીતલનાથને
સિજ્જંસ	શ્રેયાસનાથને
વાસુપુજ્જં	વાસુપૂજ્યને
ચ	અને
વિમલં	વિમલનાથને
અણુતં	અનંતનાથને
ચ	અને
જિણું	જિનેશ્વરને
ધમ્મં	ધર્મનાથને
સંતિં	શાન્તિનાથને

૧. નવમા પ્રભુના બે નામ છે.

ચ	અને
વંદામિ	વન્દન કરૂ છું
કુંથું	કુંથુનાથને
અરં	અરનાથને
ચ	અને
મલ્લિં	મલ્લિનાથને
વંદે	વાદુ છું
મુણિસુવ્વયં	મુનિસુવ્રતને
નમિજિણં	નમિનાથ જિનેશ્વરને
ચ	અને
વંદામિ	વંદન કરૂં છું
રિટ્ઠનેમિં	અરિષ્ટનેમિ–નેમિનાથને
પાસં	પાર્શ્વનાથને
તહ	તથા
વદ્ધમાણં	વર્દ્ધમાન–મહાવીર ભગવાનને
ચ	અને
એવં	એ પ્રમાણે
મએ	મેં
અભિત્થુઆ	સ્તવન કર્યું
વિહુય	ટાલ્યા છે
રય	કર્મરૂપી રજ (નવા બંધાય તે)
મલા	કર્મરૂપી મેલ(પૂર્વના બંધાયલા)
પહીણ	ખપાવ્યા છે, ક્ષય કર્યાં છે,
જર	જરા, વૃદ્ધાવસ્થા

મરણા	મરણ
ચઉવીસંપિ	ચોવીશે અને
જિણવરા	સામાન્ય જિનેશ્વરો
તિત્થયરા	તીર્થનાં પ્રવર્ત્તકો
મે	મારા ઉપર
પસીયંતુ	પ્રસન્ન હો
કિત્તિય	(વચન યોગથી) કીર્ત્તન કરાયેલા
વંદિય	(કાયા યોગથી) વંદાયેલા
મહિયા	(મન યોગથી) પૂજાયેલા
જે	જે
એ	આ
લોગસ્સ	લોકમાં
ઉત્તમા	ઉત્તમ, પ્રધાન
સિદ્ધા	સિદ્ધ છે.
આરૂગ્ગ બોહિલાભં	આરોગ્ય અને ધર્મનો લાભ
સમાહિ	સમાધિ
'વર	શ્રેષ્ઠ, પ્રધાન
ઉત્તમં	ઉત્તમ

ઘણી ઉત્તમ સમાધિ અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિષે એકતા.

દિંતુ	આપો
ચંદેસુ	ચંદ્રોથી
નિમ્મલયરા	વિશેષ નિર્મળ
આઇચ્ચેસુ	સૂર્યોથી
અહિય	અધિક
પયાસયરા	પ્રકાશ કરનારા
સાગર-	સમુદ્ર } મહા સમુદ્ર જેવા ગંભીર
વર-	મોટા
ગંભીરા	ગંભીર
સિદ્ધા	સિદ્ધ ભગવાન્
સિદ્ધિં	સિદ્ધ-મોક્ષ
મમ	મને
દિસંતુ.	આપો.

નોટ-લોગસ્સનો પાઠ બોલી રહ્યા પછી ગુરૂ (ગુરૂ હાજર ન હોય તો શ્રી સીમંધર સ્વામી) ને સવિનય વંદન કરી સામાયિક બાંધવાની આજ્ઞા લેવી.

મૂળપાઠ ૬ ઠો કરેમિભંતે.

દ્રવ્ય થકી સાવજ્જ જોગનાં પચ્ચક્ખાણ; ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળથકી બે ઘડી, ઉપરાંત ન પાળું ત્યાં સુધી, ભાવ થકી છ કોટીએ પચ્ચક્ખાણ. કરેમિ ભંતે ! સમાઇયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ. જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન

કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા તસ્સ ભંતે !
પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

શબ્દાર્થ પાઠ ૬ ઠો કરેમિ ભંતે.

કરેમિ	કરું છું
ભંતે	હે પૂજ્ય !
સામાઇયં	સામાયિકવ્રત
સાવજ્જં	પાપસહિત
જોગં	વ્યાપારને
પચ્ચક્ખામિ	ત્યાગ કરું છું.
જાવ	જ્યા સુધી
નિયમં	નિયમને
પજ્જુવાસામિ	પર્યુપાસના કરું છું. સેવુ છું,
દુવિહં	બે પ્રકારના (કરણથી)
તિવિહેણં	ત્રણ પ્રકારના (યોગથી)
ન	નહિ
કરેમિ	કરું
ન	નહિ
કારવેમિ	કરાવું
મણસા	મનથી
વયસા	વચનથી
કાયસા	કાયાથી

તસ્સ	તેનાથી [પ્રથમના પાપોથી]
ભંતે	હે સ્વામિન્!
પડિક્કમામિ	નિવૃત્ત થાઉં છું
નિંદામિ	નિંદા કરૂં છું
ગરિહામિ	વિશેષ નિંદા કરૂં છું
અપ્પાણં	આત્માને [આ પાપવ્યાપારથી]
વોસિરામિ	દૂર રાખું છું

સામાયિક બાંધ્યા પછી સિદ્ધ અરિહંત પ્રભુના ગુણ કીર્ત્તન માટે નીચેનો નમોત્થુણંનો પાઠ બે વખત બોલવો.

મૂળ પાઠ ૭ મો नमोत्थुणं.

નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઇગરાણં તિત્થયરાણં સયં-સંબુદ્ધાણં પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં પુરિસ-વર-પુંડરીઆણં પુરિસ-વરગંધ-હત્થીણં, લોગુત્તમાણં લોગ-નાહાણં-લોગ-હિઆણં લોગ-પઇવાણં લોગ-પજ્જોઅ-ગરાણં અભય-દયાણં ચક્ખુ દયાણં મગ્ગ-દયાણં સરણ-દયાણં જીવ-દયાણં બોહિ-દયાણં, ધમ્મ-દયાણં ધમ્મ-દેસયાણં ધમ્મ-નાયગાણં ધમ્મ-સારહીણં ધમ્મ-વર-ચાઉરંત-ચક્ક-વટ્ટીણં દીવો તાણં સરણં ગઇ પઈટ્ઠા, અપ્પડિહય-વર-

---

'દીવો' શબ્દથી પઈટ્ઠા સુધીના શબ્દો પ્રથમા વિભક્ત્યંત છે. તેમ છતાં પ્રાકૃતમાં વિભક્તિનો વિપર્યાસ પણ થાય છે માટે તેને છઠ્ઠી વિભક્ત્યંત માનવા; અને તેનો અર્થ ચતુર્થી વિભક્તિનો કરવો.

નાણુ-દંસણુ-ધરાણું વિઅટ્ટછઉમાણં જિણાણું જાવયાણું તિન્નાણું તારયાણું, બુદ્ધાણું બોહયાણું મુત્તાણું મોઅગાણું, સવ્વન્નૂણું સવ્વદરિસીણું, સિવ મયલ મરૂય મણંત મક્ખય મવ્વાબાહ મપુણુ રાવિત્તિ સિદ્ધિ ગઇ-નામધેયં ઠાણું સંપત્તાણુ નમો જિણાણું જિઅભયાણું.

આ બે વખત બોલવામાં પ્રથમ નમોત્થુણું સિદ્ધ પ્રભુને ઉદ્દેશીને, અને બીજી વખતનું અરિહંત ભગવાનને ઉદ્દેશીને છે તેમ સમજવું. બીજી વખતનું નમોત્થુણું બોલતી વખતે 'નામ ધેયં' સુધી બોલ્યા પછી આગળના શબ્દોને બદલે "ઠાણું સંપાવિઉં કામાણ" શબ્દ બોલવા.

શબ્દાર્થ પાઠ ૭ મો નમોત્થુણં.

નમોત્થુણં	નમસ્કાર હો
અરિહંતાણં	અરિહંત
ભગવંતાણં	ભગવાનને (તે કેવા છે તે કહે છે)
આઇગરાણં	ધર્મની શુરૂઆત કરનારા
તિત્થયરાણં	ચાર તીર્થની સ્થાપના કરનારા
સયં-સંબુદ્ધાણું	સ્વયમેવ બોધ પામેલા

પુરિસુત્તમાણં	પુરૂષોમા શ્રેષ્ઠ
પુરિસ-સીહાણં	પુરૂષોમાં સિંહ સમાન
પુરિસ-વર-પુંડરીઆણં	પુરૂષોમા શ્રેષ્ઠ કમલ સમાન
પુરીસ-વર-ગંધ-હત્થીણં	પુરૂષોમા ઉત્તમ ગંધ હસ્તિ સમાન
લોગુત્તમાણં	લોકમા ઉત્તમ
લોગ-નાહાણં	લોકના નાથ
લોગ-હિઆણં	લોકનું હિત કરનારા
લોગ-પઈવાણં	લોકના દીપક સમાન
લોગ-પજ્જોઅ-ગરાણં	લોકમા ઉદ્દ્યોત કરનારા
અભય-દયાણં	અભય દેનારા
ચક્ખુ-દયાણં	(જ્ઞાન) ચક્ષુ દેનારા
મગ્ગ-દયાણં	(મોક્ષ) માર્ગના દાતા
સરણ-દયાણં	શરણ દેનારા
જીવ-દયાણં	સંયમ-જીવતરના દેનારા
બોહિ-દયાણં	બોધિ અર્થાત્ સમ્યક્ત્વના દેનારા
ધમ્મ-દયાણં	ધર્મના દાતા
ધમ્મ-દેસયાણં	ધર્મના ઉપદેશક
ધમ્મ-નાયગાણં	ધર્મના નાયક
ધમ્મ-સારહીણં	ધર્મના સારથિ
ધમ્મ-વર-ચાઉરંત-	ધર્મમાં પ્રધાન તથા ચાર

ચક્ક-વટ્ટીણું	ગતિનો અંત કરનાર ચક્રવર્તી સમાન
દીવો	દ્વીપ સમાન આધાર રૂપ
તાણં	કર્મ શત્રુથી બચાવનાર અર્થાત્ રક્ષક
સરણં	શરણરૂપ (ઈષ્ટ સન્માર્ગ બતાવવાથી)
ગઈ	આધાર, દુ:ખી જીવોને આશ્રયદાતા
પઇટ્ઠા	પ્રતિષ્ઠા (સંસાર રૂપ ખાડામાં પડતાને ટેકા રૂપ)
અપ્પડિહય-વર-નાણ-દંસણ-ધરાણં	અપ્રતિહત તથા શ્રેષ્ઠ એવા જ્ઞાન-દર્શનના ધારણ કરનાર
વિઅટ્ટછઉમાણં	છદ્મ અર્થાત્ ઘાતિકર્મ રહિત
જિણાણું જાવયાણું	(રાગદ્વેષને) પોતે જીતનારા અને બીજાને જીતાડનારા
તિન્નાણું તારયાણું	(સંસારથી) પોતે તર્યા અને અન્યોને તારનારા
બુદ્ધાણું બોહયાણું	પોતે બોધ પામેલા અને બીજાઓને પમાડનારા
મુત્તાણું મોઅગાણું	(બન્ધનથી) પોતે છુટેલા અને બીજાઓને છોડાવનારા

સવ્વન્નૂણં	સર્વજ્ઞ
સવ્વદરિસીણં	સર્વદર્શી [તથા]
સિવં	નિરૂપદ્રવ
અયલં	સ્થિર
અરૂયં	રોગ-રહિત
અણંતં	અન્ત-રહિત
અક્ખયં	અક્ષય
અવ્વાબાહં	બાધા-રહિત
અપુણરાવિત્તિ	પુનરાગમન રહિત (એવું)
સિદ્ધિ ગઈ	સિદ્ધિ ગતિ
નામધેયં	નામના
ઠાણં	સ્થાનને
સંપત્તાણં	પ્રાપ્ત કરનાર
નમો જિણાણં	નમસ્કારહો જિન ભગવાનને
જિઅભયાણં	ભયના જીતનારા

ત્રીજું નમોથ્થુણં—વર્તમાન કાળના સ્વધર્માચાર્યને કરવાનું છે તે એવી રીતે કે—માહરા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિ બીજનાં દાતાર, જીન શાસનનાં શણગાર એવી અનેક સર્વ શુભોપમાએ બિરાજમાન પૂજ્યજી સાહેબજી શ્રી ૧૦૮
સ્વામીજી આદિ સાધુ સાધ્વીજી ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં તેઓને મારી સમય સમયની વંદના હોજો.

અરિહંત પ્રભુને ઉદ્દેશીને બોલતાં પાઠના છેલ્લા શબ્દો

નામધેયં ઠાણં	નામના સ્થાનને
સંપાવિઉં	પ્રાપ્ત કરવાના
કામાણં	ઇચ્છકને, કામીને

મૂળ પાઠ ૮ મો. સામાયિક પાળવાનો વિધિ.

એયસ્સ નવમસ્સ સામાઇયવ્વયસ્સ પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિવ્વા તં જહા—મણદુપ્પણિહાણે વયદુપ્પણિહાણે, કાયદુપ્પણિહાણે, સામાઇયસ્સ—સઇઅકરણયા, સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સકરણયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥

સામાઇય સમ્મં કાએણં નફાસિયં નપાલિયં, નતીરિયં, નકિત્તિયં, નસોહિયં, નઆરાહિયં, આણાએ× અણુપાલિત્તા:ન ભવઇ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં દશ મનના દશ વચનના બાર કાયાના એ બત્રીશ *દોષ માંહેલો કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં આહારસંજ્ઞા,[1] ભયસંજ્ઞા[2] મૈથુન સંજ્ઞા[3] પરિગ્રહ સંજ્ઞા[4] એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

× પાઠાંતર—આરાહિયં જંચ ન આરાહિયં તસ્સ મિચ્છા મિ દુક્કડં-પચ્ચક્ખાણ ભાષ્ય.

* બત્રીશ દોષના નામ આગળ આવશે.

૧ ખાવાની ઇચ્છા ૨ બ્હીક ૩ અબ્રહ્મચર્ય ૪ માયાની ઇચ્છા.

સામાયિકમા સ્રી કથા,* ભત્તકથા[1], દેશ કથા રાજ કથા એ ચાર કથા માંહેલી કોઇ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં અતિક્રમ[2] વ્યતિક્રમ[3] અતિચાર[4] અણાચાર,[5] જાણતાં અજાણતાં મન વચન, કાયાએ કરી લાગ્યા હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું છતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડ.

સામાયિકમાં કાનો, માત્ર, મીંડી, પદ, અક્ષર, શબ્દ ગાથા, સૂત્ર ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

પાઠ ૮ મો સામાયિક પાળવાનો વિધિ.

એયસ્સ	એવા
નવમસ્સ	નવમા
સામાઇય વ્વયસ્સ	સામાયિક વ્રતના
પંચ અઇયારા	પાંચ અતિચારો
જાણિયવ્વા	જાણવાયોગ્ય (પણ)
ન	નહિ
સમાયરિયવ્વા	આચરવા યોગ્ય

---

* શ્રાવિકાઓએ 'પુરૂષ કથા' શબ્દ બોલવો.

૧ ખાનપાન. ૨ પાપ કરવાનું મન થયું હોય. ૩ પાપ કરવાને પગલું ભર્યું હોય. ૪ વસ્તુને સ્પર્શ કર્યો હોય. ૫ વસ્તુને સેવી પાપ કર્યું હોય.

તં	તે
જહા તે આલોઉં	આ પ્રમાણે
મણદુપ્પણિહાણે	મનની દુષ્ટ પ્રવૃત્તિ કરી હોય
વયદુપ્પણિહાણે	વચનની દુષ્ટ પ્રવૃત્તિ કરી હોય
કાયદુપ્પણિહાણે	કાયાની દુષ્ટ પ્રવૃત્તિ કરી હોય
સામાઇઅસ્સસઇઅકરણયા	સામાયિકની સ્મૃતિ ન રાખી હોય
સામાઇઅસ્સ અણવટ્ઠિ-યસ્સકરણયા	અલ્પકાલીન સામાયિક અથવા અવ્યવસ્થિત સામાયિક કરી હોય
તસ્સ	તે
મિચ્છામિદુક્કડં	મારું પાપ નિષ્ફળ હજો
સામાઇયં	સામાયિકને
સમ્મં કાએણં	સમ્યક્પ્રકારે કાયાવડે
ન ફાસિયં	ન સ્પર્શ્યું
ન પાલિયં	ન પાલન કર્યું
ન તીરિયં	ન પાર ઉતાર્યું
ન કિત્તિયં	ન ગુણગાન કર્યું
ન સોહિયં	ન શોભાવ્યું

ન આરાહિયં	ન આરાધન કર્યું
આણાએ અણુપાલિત્તા	આજ્ઞા પ્રમાણે પાલન
ન ભવઇ	ન થયું હોય
તસ્સ મિચ્છામિદુક્કડં.	તે મારું દુષ્કૃત્ય નિષ્ફળ હજો

ઇતિ સામાયિક સંપૂર્ણ.

સામાયિક કરવાનો વિધિ.

પ્રથમ ભૂમિ પુંજવી, પછી પથરણું પુંજીને પાથરવું, મુહપત્તિને પડિલેહણ કરીને બાંધવી; ગુચ્છો અથવા રજોહરણ પાસે રાખવો. પથરણા ઉપર ઉભા રહી પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી નીચે લખી વિધિ પ્રમાણે સામાયિક કરવી.

૧ નમોક્કાર ૨ તિક્ખુત્તો ૩ ઇરિયાવહિયા ૪ તસ્સ ઉત્તરીના પાઠ અનુક્રમે બોલવા ત્યારબાદ ઇરિયાવહિયાના અને નમોક્કારના પાઠનો કાઉસ્સગ્ગ કરવો.

કાઉસ્સગ્ગ પૂર્ણ થયે 'નમો અરિહંતાણં' શબ્દ (ખુલ્લી રીતે) બોલી કાઉસ્સગ્ગ પાળવો. પછી લોગસ્સનો પાઠ બોલી સ્તુતિ કરવી.

ત્યાર પછી ગુરૂજીને સવિનય વંદન કરી સામાયિક કરવાની આજ્ઞા માંગવી અને કરેમિ ભંતેનો ૬ ઠો પાઠ બોલવો.

ત્યાર બાદ જમણો ઢીંચણ જમીન ઉપર સ્થાપી ડાબો ઢીંચણ ઉભો રાખી બે હાથ જોડી, અંજળી મસ્તકે અડકાડી

નમોત્થુણંનો પાઠ બે વખત કહેવો; બીજી વખત બોલતી વખતે "સિદ્ધિગઈ નામધેયં" સુધી બોલ્યા પછી "ઠાણં સંપાવિઉં કામાણં" શબ્દ બોલવા અને 'નમોત્થુણં મમ ધમ્મગુરૂસ્સ ધમ્માયરિયસ્સ' શબ્દો બોલી ગુરૂનું ગુણ કીર્ત્તન કરવું.

સામાયિક પાળવાનો વિધિ.

સામાયિકનો કાળ પૂર્ણ થયે પ્રથમની માફક પહેલા પાઠથી ચોથા પાઠ સુધી બોલવું; પછી ઇરિયાવહિયા તથા નમોક્કારના પાઠનો કાઉસ્સગ્ગ કરવો; ત્યાર પછી લોગસ્સના પાઠથી સ્તુતિ કરવી ત્યારબાદ આઠમો સામાયિક પાળવાનો વિધિનો પાઠ બોલવો. પછી પ્રથમની માફક આસને બેસી નમોત્થુણં બે વખત બોલવું અને નમોત્થુણં મમ ધમ્મ-ગુરૂસ્સ ધમ્માયરિયસ્સ શબ્દો બોલવા છેવટે નમોક્કાર પાઠનો ત્રણ વખત કાઉસ્સગ્ગ કરવો. અને "નમો અરિ-હંતાણં" શબ્દ પ્રકટ રીતે બોલી કાઉસ્સગ્ગ પાળવો. આ ક્રિયા પછી સામાયિક વ્રતથી છુટા થવાય છે

श्री वीतरागदेवाय नमः ॥

શ્રી પ્રતિક્રમણ સૂત્ર.

"સામાયિક" અંગીકાર કર્યા પછી સવિનયે ઉભા થઇ બે હાથ જોડી ગુરૂજીને યથાવિધિ વંદના કરી "પહેલા આવશ્યકની આજ્ઞા" માગી "इच्छामिण भंते" ના પાઠથી ઉચ્ચાર કરવો.

पाठ १ लो इच्छामिणं भंतेनो.

ઇચ્છામિણું ભંતે તુભેહિં અભણુ નાયસમાણે દેવસિ પડિક્કમણું ઠાએમિ ॥ દેવસિ જ્ઞાન દર્શન ચારિત્ર (તપ*) અતિચાર ચિંતવનાર્થં કરેમિ કાઉસગ્ગં ॥ ૧ ॥

(અહીં "નમોક્કાર" નો પાઠ અને "કરેમિ ભંતે સામાઇય" થી માંડી "વોસિરામિ" સુધીનો પાઠ બોલવો.)

पाठ २ जो इच्छामि ठामि काउसग्गंनो.

ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં ॥ જો મે દેવસીઓ અઇ-યારો કઓ ॥ કાઇઓ વાઇઓ માણુસીઓ ॥ ઉસ્સુત્તા ઉમગ્ગો ॥ અકપ્પો અકરણિજ્જો ॥ દુજ્ઝાઓ દુવિચિંતિઓ ॥ અણા-યારો અણિચ્છિયવ્વો ॥ અસાવગ પાઉગ્ગો ॥ નાણે તહ દંસણે

* તપ—શબ્દ રાત્રી પ્રતિક્રમણમા જ કહેવાનો છે.

ચરિતાચરિતેય ॥ સુએસામાઈએ ॥ તિન્હં ગુત્તિણં ॥ ચઉન્હ કસાયાણં ॥ પંચન્હં મણુવયાણં ॥ તિન્હં ગુણુવયાણં ॥ ચઉન્હં સિક્ખાવયાણં ॥ બારસ્સવિહસ્સ સાવગધમ્મસ્સ ॥ જંખંડિયં, જંવિરાહિયં તસ્સ મિચ્છા મિ દુક્કડં ૨

અહીં "તસ્સઉત્તરીકરણેણં" નો પાઠ બોલવો અને *નવાણુ અતિચારનો કાઉસગ્ગ કરવો.

ઇતિ પ્રથમ આવશ્યક સમાપ્તઃ ॥ ૧ ॥

(પછી પૂર્વની પેઠે ઉભા થઈ બીજા આવશ્યકની આજ્ઞા માગી) "લોગસ્સ" નો પાઠ ઉભા ઉભા બોલવો.

ઇતિ બીજો આવશ્યક સમાપ્તઃ ॥ ૨ ॥

(પછી ઉભા થઇ ત્રીજા આવશ્યકની આજ્ઞા માગવી, ને નીચેનો પાઠ બોલવો.)

पाठ ३ जो इच्छामि खमासमणानो.

(આ પાઠ ઉત્કૃષ્ટી વંદણાનો છે ને તે ઉત્કટ આસને બેસીને બે વખત બોલાય છે.)

---

* નવાણુ અતિચારની વિગત—જ્ઞાનનાં અતિચાર "જંવાઇધ" આદિ ૧૪, સમકિતના "શંકા" આદિ અતિચાર ૫, પહેલા છ વ્રતના દરેકના પાંચ પાંચ મળી ૩૦, સાતમા વ્રતના "સચિત્તાહારે" આદિ ૫ અને "ઇંગાલકમ્મે" આદિ ૧૫ કુલ ૨૦, આઠમા વ્રતથી માંડી બારમા વ્રત સુધીના દરેકના પાંચ પાંચ મળી ૨૫, સંથારાના ૫ એમ કુલ મળી ૯૯ અતિચાર ને એક નમોક્કારનો કાઉસગ્ગ કરવો.

ઇચ્છામિ ખમાસમણો ॥ વંદિઉં ॥ જાવણિજ્જાએ ॥ નિસીહિયાએ ॥ અણુજાણહ મે મિ ઉગ્ગહં ॥ નિસીહિ અહો કાયં ॥ કાયસંફાસં ॥ ખમણિજ્જોભેકિલામો ॥ અપ્પ કિલંતાણં ॥ બહુસુભેણંભે ॥ દિવસો વઇક્કંતો ॥ જત્તાભે ॥ જવણિજ્જં ચ ભે ॥ ખામેમિ ॥ ખમાસમણો દેવસિયં, વઇક્કમં આવસિયાએ પડિક્કમામિ, ખમાસમણાણં ॥ દેવસીઆએ ॥ આસાયણાએ ॥ તિતિસંનયરાએ ॥ જંકિંચિમિચ્છાએ ॥ મણદુક્કડાએ ॥ વયદુક્કડાએ ॥ કાયદુક્કડાએ ॥ કોહાએ ॥ માણાએ ॥ માયાએ ॥ લોહાએ ॥ સવ્વ કાલિયાએ ॥ સવ્વમિચ્છોવયારાએ ॥ સવ્વધમ્માઇક્કમણાએ ॥ આસાયણાએ ॥ જોમેદેવસીઓ ॥ અઇયારોકઓ ॥ તસ્સ ખમાસમણો ॥ પડિક્કમામિ ॥ નિંદામિ ॥ ગરિહામિ ॥ અપ્પાણં વોસિરામિ ॥૩॥ **ઇતિ ત્રીજો આવશ્યક સમાપ્તઃ ॥૩॥**

(અહીંઆ ઉભા થઇ પૂર્વની પેઠે ચોથા આવશ્યકની આજ્ઞા માગવી.)

पाठ ४ थो ज्ञानना अतिचारनो.

દિવસ સંબધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આળોઉં. આગમે ॥ તિવિહે પન્નત્તે ॥ તંજહા ॥ સુત્તાગમે ॥ અત્થાગમે ॥ તદુભયાગમે ॥ એહવા શ્રીજ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આળોઉં ॥ જંવાઇધં ॥ વચ્ચામેલીય ॥ હીણખરં ॥ અચ્ચખરં ॥ પયહીણં ॥ વિણયહીણં ॥ જોગહીણં ॥

ઘોસહીણં ॥ સુઠુદિન્નં ॥ દુઠુપડિછિયં ॥ અકાલેકઓસઝ્ઝાઓ ॥ કાલેનકઓસઝ્ઝાઓ ॥ અસઝ્ઝાઇએ સઝ્ઝાઇયં ॥ સઝ્ઝાઇએ નસઝ્ઝાઇયં ॥ તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૪ ॥

पाठ ५ मो समकितनो.

દંસણ સમકિત ॥ પરમત્થ સંત્થવો વા ॥ સુદિઠપરમત્થ સેવણાવાવિ ॥ વાવન્ન કુદંસણ વજ્જણા ॥ સમત્તસદ્દહણા ॥ એહવા સમકિતના સમણોવાસએણં ॥ સમત્તસ્સ પંચ અઈયારા ॥ પાયાલા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સંકા ॥ કખા ॥ વિતિગિચ્છા ॥ પરપાસંડ પરસંસા ॥ પરપાસંડ સત્થવો ॥ એ પાંચ અતિચાર મધ્યે જે કોઈ અતિચાર લાગ્યા હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૫ ॥

पाठ ६ ठो प्राणातिपातनिवृत्तिनो.

પહિલું અણુવ્રત થુલાઓ ॥ પાણાઈવાયાઓ વેરમણં ॥ ત્રસ જીવ ॥ બેઇંદ્રિય ॥ તેઇંદ્રિય ॥ ચઉરિંદ્રિય ॥ પંચેંદ્રિય ॥ જાણી પ્રીછી સ્વસંબંધી શરીર માહિલા પીડાકારી ॥ સઅપરાધી વિગલેંદ્રિયવિના આકુટીએ હણવા નિમિત્તે હણવાના પચ્ચખાણ ॥ તથા સૂક્ષ્મ એકેંદ્રિય પણ હણવાના પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા પહિલા થુલ પ્રાણાતિપાત વેરમણ વ્રતના ॥ પંચઅઈયારા ॥ પાયાલા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥

તંજહા ॥ તે આળોઉં ॥ બંધે ॥ વહે ॥ છવિછેએ ॥ અઈભારે ॥ ભત્તપાણવોછેએ ॥ એહવા પહેલા વ્રતને વિષે પાપદોષ લાગ્યા હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૬ ॥

पाठ ७ मो मृषावाद विरमणनो.

બીજું અણુવ્રત થુલાઓ ॥ મુસાવાયાઓ વેરમણં ॥ કન્નાલિક ॥ ગોવાલિક ॥ ભોમાલિક ॥ થાપણમોસો ॥ મોટકી કુડિ સાખ ॥ ઇત્યાદિક મોટકું જૂઠું બોલવાના પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા બીજા થુલ મૃષાવાદ વેરમણ વ્રતના પંચઅઈયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સહસ્સાભખાણે ॥ રહસ્સાભખાણે ॥ સદારમંતભેએ ॥ મોસો-વએસે ॥ કુડલેહકરણે ॥ એહવા બીજા વ્રતને વિષે પાપ દોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૭ ॥

पाठ ८ मो अदत्तादान विरमणनो.

ત્રીજું અણુવ્રત થુલાઓ ॥ અદિનાદાણાઓ વેરમણં ॥ ખાતર ખણી ॥ ગાંઠડી છોડી ॥ તાલા ઉપર કુંચીએ કરી ॥ પડી વસ્તુ ધણીઆતી જાણી ॥ ઇત્યાદિક મોટકું અદત્તાદાન લેવાના પચ્ચખાણ ॥ સગા સંબંધી, વ્યાપાર સંબંધી, તથા નિભરમી વસ્તુ ઉપરાંત, અદત્તાદાન લેવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકાર-વેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા ત્રીજા થુલ

અદત્તાદાન વેરમણ વ્રતના ॥ પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ તિનાહડે ॥ તક્કરપઉગ ॥ વિરૂદ્ધરજાઇક્કમે ॥ કુડતોલે કુડમાણે ॥ તપડિરૂવગવવહારે ॥ એહવા ત્રીજા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૮ ॥

पाठ ९ मो मैथुन विरमणनो.

ચોથું અણુવ્રત થુલાઓ ॥ મેહુણાઓ વેરમણં ॥ *સદારસંતોસીએ ॥ અવસેસં મેહુવિહંના પચ્ચખાણ ॥ અને જે સ્ત્રી પુરૂષને મૂળ થકી કાયાએ કરી મેહુણ સેવવાનાં પચ્ચખાણ હોય તેહને દેવતા, મનુષ્ય, તિર્યંચ સંબંધી મેહુણનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દેવતા સંબંધી ॥ દુવિહં ॥ તિવિહેણ ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ મનુષ્ય તિર્યંચ સંબંધી, એગવિહં એગવિહેણં ॥ નકરેમિ ॥ કાયસા ॥ એહવા ચોથા થુલ મેહુણ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમારિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉ ॥ ઇતરિય પરિગહિય ગમણે ॥ અપરિગહિય ગમણે ॥ અનંગક્રીડા ॥ પરવિવાહકરણે ॥ કામભોગેસુ તિવ્વાભિલાસા ॥ એહવા ચોથા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૯ ॥

---

* સ્ત્રીએ " સભર્તાર સંતોસીએ " કહેવું.

पाठ १० मो परिग्रह विरमणनो.

પાંચમું અણુવ્રત થુલાઓ ॥ પરિગ્ગહાઓ વેરમણં ॥ ખેત્તવત્થુનું યથા પરિમાણુ ॥ હિરણ્ણ સોવન્નનું યથા પરિમાણુ ॥ ધન–ધાનનું યથા પરિમાણુ ॥ દુપદ ચઉપદનું યથા પરિમાણુ ॥ કુવિયનું યથા પરિમાણુ ॥ એ યથા પરિ- માણુ કીધું છે તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનાં પચ્ચખાણુ ॥ જાવજીવાએ ॥ એગવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા પાંચમા થુલ પરિગ્રહ પરિમાણુ વેરમણ વ્રતના પચઅઈયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ખેતવત્થુ પમાણુાઇક્કમે ॥ હિરણુસુવન પમાણુાઇક્કમે ॥ ધન–ધાન પમાણુાઈકમે દુપદ ચઉપદ પમાણુાઇક્કમે ॥ કુવિય પમાણુાઈકમે ॥ એહવા પાંચમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૦ ॥

पाठ ११ मो दिशापरिमाणनो.

છઠું દિશિવ્રત ॥ ઉઢુદિશિનું યથા પરિમાણુ ॥ અ- ધોદિશિનું યથા પરિમાણુ ॥ તિરિયદિશિનું યથા પરિમાણુ ॥ એ યથા પરિમાણુ કીધું છે, તે ઉપરાંત સઇચ્છાએ કાયાએ જઈને પાંચે આશ્રવ સેવવાના પચ્ચખાણુ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ નકારવેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા છઠ્ઠા દિશિ વેરમણ વ્રતના

પંચઅઈયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા
તે આળોઉં ॥ ઉડ્ઢદિસિ પમાણાઈક્કમે ॥ અધોદિસિ પમા-
ણાઈક્કમે ॥ તિરિયદિસિ પમાણાઈક્કમે ॥ ખેતવુડ્ઢિ ॥ સઈ-
અંતરધાએ ॥ એહવા છઠ્ઠા વ્રતને વિષે પાપદોષ લાગ્યો
હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૧ ॥

पाठ १२ मो भोगोपभोग मर्यादानो.

સાતમું વ્રત ઉવભોગ–પરિભોગ–વિહં પચ્ચખાયમાણે ॥
૧ ઉલ્લણીઆવિહં ૨ દંતણવિહં ૩ ફળવિહં ૪ અભિં-
ગણવિહં ૫ ઉવટ્ટણવિહં ૬ મંજણવિહં ૭ વત્થવિહં
૮ વિલેવણવિહં ૯ પુફ્ફવિહં ૧૦ આભરણવિહં ૧૧ ધુવ-
વિહં ૧૨ પેજવિહં ૧૩ ભખણવિહં ૧૪ ઉદનવિહં ૧૫
સૂપવિહં ૧૬ વિગયવિહં ૧૭ સાકવિહં ૧૮ મહુરવિહં
૧૯ જમણવિહં ૨૦ પાણીવિહં ૨૧ મુખવાસવિહં ૨૨
વાહનિવિહં ૨૩ વાહનવિહં ૨૪ સયણવિહં ૨૫ સચિત્તવિહં
૨૬ દવ્વવિહં ॥ ઈત્યાદિકનું યથા પરિમાણ કીધું છે, તે
ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચ-
ખાણ ॥ જાવજીવાએ ॥ એગવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥
મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા સાતમા ઉવભોગ પરિ-
ભોગ દુવિહે પન્નતે તંજહા ॥ ભોયણાઉય ॥ કમ્મઉય ॥ ભોય-
ણાઉય સમણોવાસએણં ॥ પંચઅઈયારા જાણિયવ્વા નસ-
માયરિયવ્વા ॥ તંજહા તે આળોઉં ॥ સચિત્તાહારે ॥ સચિત્ત-
પડિબદ્ધાહારે ॥ અપ્પોલિઓ સઈ ભકખણયા ॥ દુપ્પોલીઓ

સઈ ભક્ખણુયા ॥ તુચ્છો સઈ ભક્ખણુયા ॥ કમ્મઉણું સમણો-વાસએણું ॥ પન્નરસ કમ્માદાણાઈ॥ જાણિયવ્વા નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઇંગાલકમ્મે ॥ વણકમ્મે ॥ સાડિકમ્મે ॥ ભાડિકમ્મે ॥ ફોડિકમ્મે ॥ દંતવાણિજ્જે ॥ કેસવાણિજ્જે ॥ રસવાણિજ્જે ॥ લખવાણિજ્જે ॥ વિસવાણિજ્જે ॥ જંતપીલણકમ્મે ॥ નિલંચ્છણકમ્મે ॥ દવગ્ગિદાવણયા ॥ સરદહતલાગ પરિસોસણઆ ॥ અસઈ પોસણઆ ॥ એહવા સાતમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૨ ॥

पाठ १३ मो अनर्थदंड विरमणनो.

આઠમું વ્રત અણત્થાદંડનું વેરમણં ॥ ચઉવિહે અણત્થાદંડે ॥ પન્નતે ॥ તંજહા ॥ અવઝ્ઝાણાચરિયં ॥ પમાચાચરિયં ॥ હિંસપયાણું ॥ પાવકમ્મોવએસં ॥ એહવા આઠમા અણત્થાદંડ સેવવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા આઠમા અણત્થાદંડ વેરમણ વ્રતના પંચઅઈયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ કંદપ્પે ॥ કુક્કુઈએ ॥ મોહરિએ ॥ સંજુતાહિગરણે ॥ ઉવભોગ પરિભોગ અઈરત્તે ॥ એહવા આઠમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૩ ॥

पाठ १४ मो सामायिक व्रतनो.

નવમું સામાયિક વ્રત સાવજ્જજોગનું વેરમણું ॥ જાવનિયમ પજ્જુવાસ્સામિ ॥ દુવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવી સદ્દહણા પરૂપણાએ કરી સામાયિકનો અવસર આવે સામાયિક કરીએ તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા નવમા સામાયિક વ્રતના પંચઅઇઆરા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આલોઉં ॥ મણુદુપ્પડિહાણે ॥ વયદુપ્પડિહાણે ॥ કાયદુપ્પડિહાણે ॥ સામાઇયસ્સ સઈ અકરણયાએ ॥ સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયાએ ॥ એહવા નવમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૪ ॥

पाठ १५ मो दिशावगासीयानो.*

દશમુ દિશાવગાસિક વ્રત ॥ દિનપ્રત્યે પ્રભાતથકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે ઉપરાંત સઇચ્છાએ કાયાએ જઇને પાંચે આશ્રવ

---

* ૧૦ મુ દિશાવગાશિક વ્રત બાધવાનો વિધિઃ—દ્રવ્યથકી સાવજ્જજોગ સેવવાના પચ્ચખાણ, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી કાલનો દિવસ ઉગ્યા સુધી, ભાવથકી છ કોટીએ પચ્ચખાણ દશમું દિશાવગાશિક વ્રત જાવ અહોરત્તં પજ્જુવાસ્સામિ, દુવિહં તિવિહેણું નકરેમિ, ન કારવેમિ, મણુસા વયસા કાયસા, તસ્સ ભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણું વોસિરામિ.

સેવવાનાં પચ્ચખાણ ॥ જાવ અહોરત્તં ॥ દુવિહં ॥ તિ-
વિહેણું ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કા-
યસા ॥ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તેમાંહિ દ્રવ્યા-
દિકની મર્યાદા કીધી છે તે ઉપરાંત ઉવભોગ પરિભોગ
ભોગનિમિત્તે ભોગવવાના પચ્ચખાણ ॥ જાવ અહોરત્તં એ-
ગવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ મણુસા ॥ વયસા ॥
કાયસા ॥ એહવા ॥ દસમા દિશાવગાશિક વ્રતના પંચઅ-
ઈયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે
આળોઉં ॥ આણવણપઉગે ॥ પેસવણપઉગે ॥ સદ્દાણુવાએ ॥
રૂવાણુવાએ ॥ બહિયા પોગ્ગલપખેવે ॥ એહવા દશમા
વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ
દુક્કડં ॥ ૧૫ ॥

पाठ १६ मो पौषधव्रतनो.*

અગ્યારમું પ્રતિપૂર્ણ પૌષધવ્રત ॥ અસણું ॥ પાણું ખાઈમં ॥
સાઈમંના પચ્ચખાણ ॥ અબ્રહ્મસેવવાના પચ્ચખાણ ॥ મણિ-
સોવનના પચ્ચખાણ ॥ માલાવન્નગવિલેવણના પચ્ચખાણ ॥

---

* ૧૧ મું પડિપૂર્ણ પોષધવ્રત બાંધવાનો વિધિ—
દ્રવ્યથકી સાવજ્જજોગ સેવવાનાં પચ્ચખાણ, ક્ષેત્રથકી આખા
લોક પ્રમાણે, કાળથકી કાલનો દીવસ ઉગ્યા સુધિ, ભાવ-
થકી છ કોટીએ પચ્ચખાણ, અગ્યારમું પડિપૂર્ણ પોષધવ્રત
અસણું, પાણું, ખાઈમં, સાઈમંના પચ્ચખાણ, અબ્રહ્મ
સેવવાનાં પચ્ચખાણ, મણિસુવર્ણનાં પચ્ચખાણ, માલાવ-

સત્થમુસલાહિક સાવજ્જજોગના પચ્ચખાણુ ॥ જાવઅહોરત્તં પજ્જુવાસ્સામિ ॥ દુવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવી સદ્દહણા પરૂપણાએ કરી પોષાનો અવસર આવે, પોષો કરૂં તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા અગ્યારમા પડિપૂર્ણ પૌષધ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ અપડિલેહિય દુપડિલેહિય સેજ્જા સંથારએ ॥ અપમજ્જિય દુપમજ્જિય સેજ્જાસંથારએ ॥ અપડિલેહિય દુપડિલેહિય ઉચ્ચાર પાસવણુ ભૂમિ ॥ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચાર પાસવણુ ભૂમિ ॥ પોસહસ્સ સમંઅણાણુ પાલણુયા ॥ એહવા અગ્યારમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૬ ॥

૧૧ મું. પૌષધવ્રત પાળવાનો વિધિ.

એહવા અગ્યારમા પડિપૂર્ણ પૌષધ વ્રતના પંચ અઇયારા જાણીયવ્વા નસમાયરિયવ્વા તંજહા તે આળોઉં, અપડિલેહિય દુપડિલેહિય સેજ્જા સંથારએ ૧ અપમજ્જિય

ન્નગવિલેવણુનાં પચ્ચખાણુ, સત્થમૂસલાહિક સાવજ્જજોગ સેવવાનાં પચ્ચખાણુ, જાવઅહોરત્તં પજ્જુવાસ્સામિ, દુવિહં, તિવિહેણું–ન કરેમિ, ન કારવેમિ, મણુસા વયસા કાયસા, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણું વોસિરામિ.

દુપમજ્જિય સેજ્જા સંથારએ ૨ અપડિલેહિય દુપડિલેહિય ઉચ્ચારપાસવણ ભૂમી ૩ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચાર-પાસવણ ભૂમી ૪ પોસહસ્સ સમંઅણુપાલણયા ૫ એ પાંચ અતિચાર માંહીલા જે કોઇ અતિચાર લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ૧

પોષધવ્રતમાં સમકાએણું નફાસિયં નપાલિયં નતિ-રિયં નકિત્તિયં નસોહિયં નઆરાહિયં આણાએ અણુપાલિતા નભવઈ તસ્સ મિચ્છા મિ દુક્કડં ૨

પોષધવ્રતમાં એકવીશ દોષ માંહીલા જે દોષ લાગ્યા હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં ૩

પોષધવ્રતમાં સ્ત્રીકથા ભત્તકથા દેશકથા રાજકથા એ ચારકથા માંહીલી કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ૪

પોષધવ્રતમાં આહારસંજ્ઞા ભયસંજ્ઞા મૈથુનસંજ્ઞા પ-રિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞા માંહેલી કોઈ સંજ્ઞા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૫

પોષધવ્રત વિધીએ લીધું વિધીએ પાળ્યું વિધીએ કરતાં અવિધીએ થયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૬

પોષધવ્રતમાં અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અણાચાર જાણતાં અજાણતાં મને વચને કાયાએ કરી જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ સંબંધી કોઈ દોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૭

પોષધવ્રતમાં કાનો માત્રા મીંડી પદ અક્ષર ઓછું અધિકું વિપરીત ભણાણો હોય તો અનંત સિદ્ધ કેવળીની સાક્ષીએ મહારે મિચ્છા મિ દુક્કડં. ૮

૧૦ મું વ્રત પાળવાનો વિધિ.

અગ્યારમા વ્રતની પેઠેજ કહેવાનું છે, પણ એટલો ફેર કે ૧૧મા વ્રતના અતિચારને બદલે ૧૦ મા વ્રતના અતિચાર બોલવા અને ૧૧માં વ્રતનાં બદલે ૧૦ મું વ્રત કહેવું.

पाठ १७ मो आतिथि संविभागनो.

બારમું અતિથિ સંવિભાગવ્રત ॥ સમણે નિગ્ગંથે ॥ ફાસુએસણિજ્જેણં ॥ અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઇમં ॥ વત્થ ॥ પડિગ્ગહ ॥ કંબલ ॥ પાયપૂછણેણં ॥ પાઢીઆરૂ ॥ પીઠ ॥ ફલગ ॥ સેજ્જા સંત્થારએણં ॥ ઉસહભેસજ્જેણં ॥ પડિલાભેમાણે વિહરામિ ॥ એહવી સદ્દહણા ॥ પરૂપણાએ કરી સાધુસાધવીની જોગવાઇ મિલે, તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા બારમા અતિથિ સંવિભાગ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સચિત્તનિખેવણિયા ॥ સચિત્તપેહણિયા ॥ કાલાઇક્કમે ॥ પરોવએસે ॥ મચ્છરિયાએ ॥ એહવા બારમા વ્રતને વિષે પાપદોષ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૭ ॥

पाठ १८ मो अणसण (संत्थारो) करवानी विधिनो.

અપચ્છિમ મારણાંતિય સંલેહણા ॥ પોષધશાળા પુંજીને ॥ ઉચ્ચારપાસવણ ભૂમિકા પડિલેહિને ॥ ગમણાગમણે પડિક્કમિને ॥ દર્ભાદિક સંત્થારો સંત્થરીને ॥ દર્ભાદિક સંત્થારો દુરૂહિને ॥ પૂર્વ તથા ઉત્તર દિશે પલ્યંકાદિક આસને બેસીને ॥ કરયલ સંપગ્ગહિયં ॥ સિરસાવતયં ॥ મત્થએ ॥ અંજલિકટ્ટુ ॥ એવંવયાસી ॥ નમોત્થુણં ॥ અરિહંતાણં ॥ ભગવંતાણં ॥ જાવ સંપત્તાણં ॥ એમ અનંતાસિદ્ધને નમસ્કાર કરીને ॥ વર્તમાન પોતાના ધર્મગુરૂ ધર્માચાર્યને નમસ્કાર કરીને ॥ પૂર્વે જે વ્રત આદર્યાં છે તે આળોઇ, પડિક્કમી, નિંદી, નિસલ્ય થઇને ॥ સવ્વં પાણાઈવાયં પચ્ચખામિ ॥ સવ્વં મુસાવાયં પચ્ચખામિ ॥ સવ્વં અદિનાદાણં પચ્ચખામિ ॥ સવ્વંમેહુણં પચ્ચખામિ ॥ સવ્વં પરિગ્ગહં પચ્ચખામિ ॥ સવ્વં કોહં પચ્ચખામિ ॥ જાવ મિચ્છાદંસણસલ્લં અકરણિજ્જં જોગં પચ્ચખામિ ॥ જાવજીવાએ ॥ તિવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ કરંતં નાણુજાણઈ ॥ મણસા વયસા કાયસા ॥ એમ અઢાર પાપસ્થાનક પચ્ચખીને ॥ સવ્વં અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઇમં ॥ ચઉવિહંપિઆહારં પચ્ચખામિ ॥ જાવજીવાએ એમ ચારે આહાર પચ્ચખીને ॥ જંપિયં ॥ ઇમં શરીરં ઇઠં કંતં પિયં ॥ મણુન્નં ॥ મણામં ॥ ધિજં ॥ વિસાસિઅં ॥ સમયં ॥ અણુમયં ॥ બહુમયં ॥ ભંડકરંડગસમાણં ॥ રયણ-

કરંડગભૂયં ॥ માણુંસીયં ॥ માણું ઉન્હં ॥ માણું ખુહા ॥ માણું પિવાસા ॥ માણું બાલા ॥ માણું ચોરા ॥ માણું દંસા ॥ માણુંમસગા ॥ માણું વાઈય પિત્તિય સંભિમ સન્નિવાઈયં ॥ વિવિહારોગાયંકા પરિસહોવસગા ફાસાફુસંતીતિકટ્ટુ ॥ એયંપિએણું ॥ ચરિમેહિં ॥ ઉસાસનિસાસેહિં ॥ વોસિરામીતિકટ્ટુ ॥ એમ શરીર વોસિરાવીને ॥ કાલંઅણવકંખમાણે વિહરંતિ ॥ એહવી સદ્દહણા પરૂપણાએ કરી અણસણનો અવસર આવે અણસણ કરૂં તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા અપચ્છિમ મારણંતિય સંલેહણા ॥ ઝુસણા ॥ આરાહણાના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઈહલોગાસંસપ્પઉગે ॥ પરલોગાસંસપ્પઉગે ॥ જીવિયાસંસપ્પઉગે ॥ મરણાસંસપ્પઉગે ॥ કામભોગાસંસપ્પઉગે ॥ એહવા સંથારાનાં પાંચ અતિચાર માહિલો જે કોઈ અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૮ ॥*

---

* રાત્રિ પ્રતિક્રમણમા તપના બાર ભેદનો પાઠ આ પ્રમાણે બોલાય છે.—૧ અણસણ, ૨ ઉણોદરી, ૩ વૃતિસંક્ષેપ, ૪ રસપરિત્યાગ, ૫ કાયક્લેશ, ૬ ઇંદ્રિયપ્રતિસંલિનતા, ૭ પ્રાયશ્ચિત્ત, ૮ વિનય, ૯ વૈયાવચ્ચ, ૧૦ સઝાય, ૧૧ ધ્યાન, ૧૨ કાઉસ્સગ્ગ. એ પ્રથમ ૭ બાહ્ય અને ૭ અભ્યંતર મળી બાર પ્રકારના તપને વિષે જે કોઈ પાપદોષ લાગ્યો હોય તો, અનંત સિદ્ધ ભગવંતની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડ. ॥

એમ સમક્તિપૂર્વક બારવ્રત સંલેહણાસહિત નવાણું અતિચાર એહને વિષે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં, મન, વચન કાયાએ કરી સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય તો અનંતસિદ્ધ કેવળીની સાક્ષીએ તસ્સ મિચ્છા મિ દુક્કડં. ॥

पाठ १९ मो अढार पापस्थानकनो.

અઢાર પાપસ્થાનક સંબંધી પાપદોષ લાગ્યા હોય તે આળોઉં છું:–૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭, માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલેશ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ પરપરિવાદ, ૧૬ રઈઅરઈ, ૧૭ માયામોસો, ૧૮ મિચ્છાદંસણસલ્લ, એ અઢાર પાપસ્થાનક સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય તો અનંત સિદ્ધ કેવળીની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૧૯ ॥

पाठ २० मो पचीश प्रकारनां मिथ्यात्वनो.

પચીશ પ્રકારનું મિથ્યાત્વ લાગ્યું હોય તે આળોઉં છું. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનાભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ, ૫ અણાભોગ મિથ્યાત્વ, ૬ લૌકિક મિથ્યાત્વ, ૭ લોકોત્તર મિથ્યાત્વ, ૮ કુપ્રાવચન મિથ્યાત્વ, ૯ જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ, ૧૦ જિન માર્ગથી અધિકપરૂપે તે મિથ્યાત્વ,

૧૧ જિનમાર્ગથી વિપરીત પરૂપે તે મિથ્યાત્વ, ૧૨ ધર્મને અધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૩ અધર્મને ધર્મ કહે તે મિ-થ્યાત્વ, ૧૪ જીવને અજીવ કહે તે મિથ્યાત્વ, ૧૫ અજીવને જીવ કહે તે મિથ્યાત્વ, ૧૬ જિનમાર્ગને અન્ય માર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૭ અન્ય માર્ગને જિનમાર્ગ કહે તે મિથ્યાત્વ ૧૮ સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ, ૧૯ કુસાધુને સાધુ કહે તે મિથ્યાત્વ, ૨૦ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૧ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૨ અવિનય મિથ્યાત્વ, ૨૩ અક્રિયા મિથ્યાત્વ ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ, ૨૫ આશાતના મિથ્યાત્વ. એ પચીશ પ્રકારનું મિથ્યાત્વ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદન આપ્યું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૨૦॥

पाठ २१ मो चौद स्थानकना सम्मूर्च्छिम मनुष्यनो.

ચૌદ પ્રકારનાં સમુચ્છિમ મનુષ્ય સંબંધી પાપ લાગ્યું હોય તે આળોઉં છું. ૧ ઉચ્ચારેસુ વા, ૨ પાસવણેસુ વા, ૩ ખેળેસુ વા, ૪ સંઘાણેસુ વા, ૫ વંતેસુ વા, ૬ પિતેસુ વા, ૭ પુએસુ વા, ૮ સોણિએસુ વા, ૯ સુક્કેસુ વા, ૧૦ સુકકપોગળ પરિસાડિએસુ વા, ૧૧ વિગયજીવકલેવરેસુ વા, ૧૨ ઈત્થીપુરિસસંજોગેસુ વા, ૧૩ નગર-નિધમણેસુ વા, ૧૪ સવ્વેસુચેવ અસુઈઠાણેસુ વા, એ ચૌદ પ્રકારનાં સમુચ્છિમ મનુષ્ય સંબંધી પાપ લાગ્યું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૨૧ ॥

(અહિંઆ "ઈચ્છામિ આળોઉં, જોમેદેવસિઓ,

અઈયાવોકઓ" થી "જંવિરાહિયં તસ્સ મિચ્છા મિ દુક્કડં" સુધી બોલવું. પછી "નમોક્કાર" નો પાઠ બોલવો, ને પછી "કરેમિભંતે સામાઈયં" થી "અપ્પાણું વોસિરામિ" સુધીનો પાઠ બોલવો.)

पाठ २२ मो चत्तारि-मंगलंनो.

(આ પાઠ કહેતી વખતે જમણો ઢીંચણ ઉંચો રાખી ડાબો ઢીંચણ ધરતીએ સ્થાપી બે હાથ જોડી પગે લાગી કહેવો.)

ચત્તારિ મંગલં ॥ અરિહંતા મંગલં ॥ સિદ્ધા મંગલં ॥ સાહુ મંગલં ॥ કેવલી પન્નતો ધમ્મો મંગલં ॥ ચત્તારિ લોગુત્તમા ॥ અરિહંતા લોગુત્તમા ॥ સિદ્ધા લોગુત્તમા ॥ સાહુ લોગુત્તમા ॥ કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમા ॥ ચત્તારિ સરણં પવ્વજામિ ॥ અરિહંતા સરણં પવ્વજામિ ॥ સિદ્ધા સરણં પવ્વજામિ ॥ સાહુ સરણં પવ્વજામિ ॥ કેવળી પન્નતો ધમ્મો સરણં પવ્વજામિ ॥ ચાર શરણા કરે જેહ ॥ ભવસાગરમાં ન બુડે તેહ ॥ સકળ કર્મનો આણે અંત ॥ મોક્ષતણા સુખ લહે અનંત ॥ ભાવ ધરીને જે ગુણ ગાય ॥ તે જીવ તરીને મુગતે જાય ॥ ૧ ॥ સંસાર માંહિ શરણાં ચાર ॥ અવર શરણ નહિ કોય ॥ જે નરનારી આદરે તેને ॥ અક્ષય અવિચળ પદ હોય ॥ ૨ ॥ અંગુઠે અમૃત વસે ॥ લબ્ધિતણા ભંડાર ॥ ગુરૂ ગૌતમને સમરીએ તો ॥ મનવંચ્છિત ફલદાતાર ॥ ૩ ॥ ॥ ૨૨ ॥

(અહિંઆ " ઈચ્છામિ પડિક્કમિઉં જોમે દેવસિઓ અઈયારોકઓ " થી " તસ્સ મિચ્છા મિ દુક્કડં " સુધીનો પાઠ કહીને " ઇરિયાવહિયા " નો પાઠ કહેવો. પછી ઉભા થઈ વિનયે " શ્રમણસૂત્ર "ની આજ્ઞા માગવી.)

पाठ २३ मो पहेलुं समणसूत्र, निद्राना दोष निवारवानो*

ઈચ્છામિ પડિક્કમિઉં ॥ પગામસિજ્જાએ ॥ નિગામસિજ્જાએ ॥ સંથારાઉવટ્ટણાએ ॥ પરિયટ્ટણાએ ॥ આઉંટ્ટણાએ ॥ પસારણાએ ॥ છપ્પઈસંઘટ્ટણાએ ॥ કુઇએ ॥ કક્કરાઈએ ॥ છીએ ॥ જંભાઈએ ॥ આમોસે ॥ સસરખામોસે ॥ આઉલમાઉલાએ ॥ સુવણુવત્તિયાએ ॥ ઈત્થીવિપરિયાસિયાએ ॥ દિઠ્ઠિવિપરિયાસિયાએ ॥ મણુવિપરિયાસિયાએ ॥ પાણભોયણવિપરિયાસિયાએ ॥ જોમેદેવસિઓ અઈયારોકઓ ॥ તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૨૩ ॥

पाठ २४ मो बीजुं समणसूत्र, गोचरीना दोष निवारवानो×

પડિક્કમામિ ગોયરગચરિયાએ ॥ ભિક્ખાયરિયાએ ॥ ઉગ્ઘાડકવાડ ઉઘાડણાએ ॥ સાણાવચ્છાદારા સંઘટ્ટણાએ ॥ મંડિયાહુડિયાએ ॥ બલિપાહુડિયાયે ॥ ઠવણાપાહુડિયાએ ॥ સંકિએ ॥ સહસ્સાગારે ॥ અણેસણાએ ॥ પાણભોયણાએ ॥

---

* સુઈને ઉઠયા પછી " ૪ લોગસ્સ " તથા " પહેલા શ્રમણસૂત્ર " નો કાઉસગ્ગ કરવો.

× ગતમાં વહોરી આવ્યા પછી " ઇરિયાવહિયા " તથા " બીજા શ્રમણ સૂત્ર " નો કાઉસગ્ગ કરવો.

ભીયલોયણાએ ॥ હરિયલોયણાએ ॥ પચ્છાકમ્મિયાએ ॥ પુરા-
કમ્મિયાએ ॥ અદિઠ્ઠહડાએ ॥ દગઅસંસઠ્ઠહડાએ ॥ રયસં-
સઠ્ઠહડાએ ॥ પારિસાડણિયાએ ॥ પારિઠાવણિયાએ ॥ ઉહા-
સણભિક્ખાએ ॥ જંઉગમેણં ॥ ઉપાયણેસણાએ ॥ અપરિસુદ્ધં
પડિગાહિયં ॥ પરિભુત્તંવા ॥ જં ન પરિઠવિયં ॥ તસ્સ-
મિચ્છા મિ દુક્કડં ॥ ૨૪ ॥

पाठ २५ मो त्रिजुं समणसूत्र, प्रतिलेखन दोष टाळवानो.*

પડિક્કમામિ ચાઉકાલં સજ્ઝાયસ્સ ॥ અકરણયાએ ॥
ઉભઓકાલં ॥ ભંડોવગરણસ્સ ॥ અપડિલેહણયાએ ॥ દુપ-
ડિલેહણયાએ ॥ અપમજ્જણાએ ॥ દુપમજ્જણાએ ॥ અઇ-
ક્કમે ॥ વઇક્કમે ॥ અઇયારે ॥ અણાયારે ॥ જોમેદેવસિઓ ॥
અઇયારોકઓ ॥ તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૨૫ ॥

पाठ २६ मो चोथुं समणसूत्र, हेयादि दोष निवारिनो.

પડિક્કમામિ એગવિહે અસંજમે ॥૧॥ પડિક્કમામિ
દોહિં બંધણેહિં ॥ રાગ બંધણેણં ॥ દોસબંધણેણં ॥૨॥
પડિક્કમામિ તિહિં દંડેહિં ॥ મણદંડેણં ॥ વયદંડેણં ॥
કાયદંડેણં ॥ પડિક્કમામિ તિહિં ગુત્તિહિં ॥ મણગુત્તીએ ॥
વયગુત્તીએ ॥ કાયગુત્તીએ ॥ પડિક્કમામિ તિહિં સલ્લેહિં ॥
માયાસલ્લેણં ॥ નિયાણસલ્લેણં ॥ મિચ્છાદંસણ સલ્લેણં ॥
પડિક્કમામિ તિહિં ગારવેહિં ॥ ઇડ્ઢિગારવેણં ॥ રસગારવેણં ॥

---

* કોઇ પણ મતમા પડિલેહણ કર્યા પછી "ઇરિયાવહિયાનો" તથા "શ્રમણસૂત્ર ત્રીજા" નો કાઉસગ્ગ કરવો.

સાયાગારવેણું ॥ પડિક્કમામિ તિહિં વિરાહણાએ ॥ નાણુવિરાહણાએ ॥ દંસણુવિરાહણાએ ॥ ચરિત્તવિરાહણાએ ॥૩॥ પડિક્કમામિ ચઉહિં કસાએહિં ॥ કોહકસાએણું ॥ માણુકસાએણું ॥ માયાકસાએણું ॥ લોહકસાએણું પડિક્કમામિ ચઉહિં-સન્નાહિ ॥ આહારસન્નાએ ॥ ભયસન્નાએ ॥ મેહુણસન્નાએ ॥ પરિગ્ગહસન્નાએ ॥ પડિક્કમામિ ચઉહિ વિકહાહિં ॥ ઈત્થીકહાએ ॥ભત્તકહાએ ॥ દેસકહાએ ॥રાયકહાએ॥ પડિક્કમામિ ચઉહિ ઝાણેણું ॥ અટ્ટેણું ઝાણેણું ॥ રૂદ્દેણું ઝાણેણું ॥ ધમ્મેણું-ઝાણેણું ॥ સુક્કેણું ઝાણેણું ॥૪॥ પડિક્કમામિ પંચહિ કિરિયાહિં ॥ કાઈયાએ ॥ અહિગરણીયાએ ॥ પાઉસીયાએ ॥ પારિતાવણિયાએ ॥ પાણાઈવાયકિરિયાએ ॥ પડિક્કમામિ પંચહિં કામ ગુણેહિં ॥ સદ્દેણું ॥ રૂવેણું ॥ ગંધેણું ॥ રસેણું ॥ ફાસેણું ॥ પડિક્કમામિ પંચહિ મહવ્વએહિં ॥ સવ્વાઓ પાણાઈવાયાઓ વેરમણું ॥ સવ્વાઓ મુસાવાયાઓ વેરમણું ॥ સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણું ॥ સવ્વાઓ મેહુણાઓ વેરમણું ॥ સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણું ॥ પડિક્કમામિ પંચહિં સમિએહિં ॥ ઇરિયાસમિએ ॥ ભાસાસમિએ ॥ એસણાસમિએ ॥ આયાણભંડમત્તનિખેવણાસમિએ ॥ ઉચ્ચારપાસવણખેલજલસંઘાણપારિઠાવણિયાસમિએ ॥ ૫ ॥ પડિક્કમામિ છહિં જીવનિકાએહિં ॥ પુઢવિકાએણું ॥ આઉકાએણું ॥ તેઉકાએણું ॥ વાઉકાએણું ॥ વણસ્સઈકાએણું ॥ તસ્સકાએણું ॥ પડિક્કમામિ છહિં લેસાહિં ॥ કિન્હલેસાએ ॥

નીલલેસાએ ॥ કાઉલેસાએ ॥ તેઉલેસાએ ॥ પઉમલેસાએ ॥ સુક્કલેસાએ ॥ ૬ ॥ પડિક્કમામિ સત્તહિં ભયઠાણેહિં ॥ ૭ ॥ અઠહિંમયઠાણેહિં ॥ ૮ ॥ નવહિં બંભચેરગુત્તિહિં ॥ ૯ ॥ દસવિહે સમણધમ્મે ॥ ૧૦ ॥ એગારસહિં ઉવાસગ્ગ- પડિમાહિં ॥ ૧૧ ॥ બારસહિં ભિક્ખુપડિમાહિ ॥ ૧૨ ॥ તેરસહિં કિરિયાઠાણેહિં ॥ ૧૩ ॥ ચઉદસહિ ભુયગામેહિં ॥ ૧૪ ॥ પન્નરસહિં પરમાહમ્મિએહિં ॥ ૧૫ ॥ સોલસહિં ગાહાસોલસએહિં ॥ ૧૬ ॥ સત્તરસ્સવિહે અસંજમેહિં ॥ ૧૭ ॥ અઠારસ્સવિહે અબંભેહિં ॥ ૧૮ ॥ એગુણવીસાએ નાયઝયણેહિં ॥ ૧૯ ॥ વીસાએ અસમાહિઠાણેહિં ॥ ૨૦ ॥ એગવીસાએ સબલેહિં ॥ ૨૧ ॥ બાવીસાએ પરિસહેહિં ॥ ૨૨ ॥ તેવીસાએ સુયગડજ્ઝયણેહિં ॥ ૨૩ ॥ ચઉવીસાએ દેવેહિં ॥ ૨૪ ॥ પણવીસાએ ભાવણાહિં ॥ ૨૫ ॥ છવી- સાએ દસાકપ્પવવહારેણં ઉદ્દેસણકાલેણં ॥ ૨૬ ॥ સત્તાવી- સાએ અણગાર ગુણેહિં ॥ ૨૭ ॥ અઠાવીસાએ આયારપ- કપ્પેહિં ॥ ૨૮ ॥ એગુણત્તિસાએ પાવસુયપસંગેહિં ॥ ૨૯ ॥ ત્તિસાએ મહામોહણિઠાણેહિં ॥ ૩૦ ॥ એગત્તિસાએ સિ- દ્ધાઈગુણેહિં ॥ ૩૧ ॥ બત્તિસાએ જોગ સંગહેહિં ॥ ૩૨ ॥ તેત્તિસાએ આસાયણાએ ॥૩૩॥ અરિહંતાણં આસાયણાએ ॥૧॥ સિદ્ધાણં આસાયણાએ ॥૨॥ આયરિયાણં આસાયણાએ ॥ ૩ ॥ ઉવજ્ઝાયાણં આસાયણાએ ॥ ૪ ॥ સાહૂણં આસા- યણાએ ॥ ૫ ॥ સાહૂણીણં આસાયણાએ ॥ ૬ ॥ સાવયાણં

આસાયણાએ ॥ ૭ ॥ સાવિયાણું આસાયણાએ ॥ ૮ ॥ દેવાણું આસાયણાએ ॥ ૯ ॥ દેવીણું આસાયણાએ ॥ ૧૦ ॥ ઇહલોગસ્સ આસાયણાએ ॥ ૧૧ ॥ પરલોગસ્સ આસાયણાએ ॥ ૧૨ ॥ * કેવલી પન્નતસ્સ ધમસ્સ આસાયણાએ ॥ ૧૩ ॥ સદેવમણુયા સુરસ્સ લોગસ્સ આસાયણાએ ॥ ૧૪ ॥ સવ્વપાણ ભૂઅજીવસત્તાણું આસાયણાએ ॥ ૧૫ ॥ કાલસ્સ આસાયણાએ ॥ ૧૬ ॥ સુયસ્સ આસાયણાએ ॥ ૧૭ ॥ સુયદેવયાએ આસાયણાએ ॥ ૧૮ ॥ વાયણારિયસ્સ આસાયણાએ ॥ ૧૯ ॥ જંવાઇધં ॥ ૨૦ ॥ વચ્ચામેલીયં ॥ ૨૧ ॥ હીણખરં ॥ ૨૨ ॥ અચ્ચખરં ॥ ૨૩ ॥ પયહીણું ॥ ૨૪ ॥ વિણયહીણું ॥ ૨૫ ॥ જોગહીણું ॥ ૨૬ ॥ ઘોસહીણું ॥ ૨૭ ॥ સુહુદિન્નં ॥ ૨૮ ॥ દુહુપડિછિય ॥ ૨૯ ॥ અકાલેકઓ સઝ્ઝાઓ ॥ ૩૦ ॥ કાલેનકઓ સઝ્ઝાઓ ॥ ૩૧ ॥ અસઝ્ઝાઇએ સઝ્ઝાઇયં ॥ ૩૨ ॥ સઝ્ઝાઇએ ન સઝ્ઝાઇયં ॥ ૩૩ ॥ તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૨૬ ॥

એક બોલથી માંડિ, તેત્રીશ બોલ સુધિ, મારા જીવે, તમારા જીવે, જાણુવાજોગ જાણ્યા ન હોય, છાંડવાજોગ છાંડયા ન હોય, આદરવાજોગ આદર્યો ન હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ધન્ય તે મહાપુરૂષ જાણુવાજોગ જાણતા હશે, છાંડવાજોગ છાંડતા હશે, આદરવાજોગ આદરતા હશે, તેને મ્હારી તમારી સમય સમયની વંદણા હોજો.

---

* 'કેવલીણું' આસાયણાએ એવો પાઠ જુની પ્રતોમા નથી.

पाठ २७ मो पांचमुं समणसूत्र विशुद्ध प्रवचन मार्गनो.

નમો ચઉવીસાએ તીત્થયરાણું ॥ ઉસભાઈ મહાવીર પજ્જવસાણાણું ॥ ઈણમેવ નિગ્ગંથં ॥ પાવયણું ॥ સચ્ચં ॥ અણુત્તરં ॥ કેવલીયં ॥ પડિપુન્નં ॥ નેયાઉયં ॥ સંસુદ્ધં ॥ સલ્લકત્તણું ॥ સિદ્ધિમગ્ગં ॥ મુત્તિમગ્ગં ॥ નિજ્જાણમગ્ગં ॥ નિવ્વાણમગ્ગં ॥ અવિતહમવિસંધિં ॥ સવ્વદુક્ખપહીણમગ્ગં ॥ ઇત્થ ઠિયાજીવા ॥ સિઝન્તિ બુઝંન્તિ ॥ મુચ્ચંતિ ॥ પરિનિવાયંતિ ॥ સવ્વદુક્ખાણમંતં કરંતિ ॥ તંધમ્મં સદ્દહામિ ॥ પતિયામિ ॥ રોયામિ ॥ ફાસેમિ ॥ પાલેમિ ॥ અણુપાલેમિ ॥ તંધમ્મં સદ્દહતો ॥ પતિયંતો ॥ રોયંતો ॥ ફાસંતો ॥ પાલંતો ॥ અણુપાલતો ॥ તસ્સ ધમ્મસ્સ ॥ કેવળી પન્નતસ્સ ॥ અબ્ભુઠિઓમિ આરાહણાએ ॥ વિરઓમિ વિરાહણાએ ॥ અસંજમં પરિયાણામિ ॥ સંજમં ઉવસંપવ્વજામિ ॥ ૧ ॥ અબંભં પરિયાણામિ ॥ બંભં ઉવસંપવ્વજામિ ॥ ૨ ॥ અકપ્પં પરિયાણામિ ॥ કપ્પં ઉવસંપવ્વજામિ ॥ ૩ ॥ અન્નાણું પરિયાણામિ ॥ નાણું ઉવસંપવ્વજામિ ॥ ૪ ॥ અકિરિયં પરિયાણામિ ॥ કિરિયં ઉવસંપવ્વજામિ ॥ ૫ ॥ મિચ્છત્તં પરિયાણામિ ॥ સમત્તં ઉવસંપવ્વજામિ ॥ ૬ ॥ અબોહિં પરિયાણામિ ॥ બોહિં ઉવસંપવ્વજામિ ॥ ૭ ॥ અમગ્ગં પરિયાણામિ ॥ મગ્ગં ઉવસંપવ્વજામિ ॥૮॥ જં સંભરામિ ॥ જં ચ ન સંભરામિ ॥ જં પડિક્કમામિ ॥ જં ચ ન પડિક્કમામિ ॥ તસ્સ સવ્વસ્સ દેવ-

સિયસ્સ ॥ અઇયારસ્સ ॥ પડિક્કમામિ ॥ સમણોહં ॥ સંજય ॥ વિરય ॥ પડિહય ॥ પચ્ચખાય ॥ પાવકમ્મે ॥ અનિયાણો ॥ દિઠિસંપન્નો ॥ માયામોસો વિવજ્જીઓ ॥ અઠ્ઠાઇજ્જેસુ દિવસમુદેસુ ॥ પન્નરસ્સ કમ્મભુમિસુ ॥ જાવંતિકેઈ સાહુ ॥ રયહરણગુચ્છગ પડિગ્ગહધરા ॥ પંચમહવ્વયધરા ॥ અઠારસ્સ સહસ્સ સીલાગરથધરા ॥ અક્ખયઆચાર ચરિત્તા ॥ તે સવ્વે ॥ સિરસા ॥ મણસા ॥ મત્થએણ ॥ વંદામિ ॥

ખામેમિ સવ્વે જીવા ॥ સવ્વે જીવાવિ ખમંતુ મે ॥ મિત્તી મે સવ્વભુએસુ ॥ વેરમઝં ન કેણઈ ॥ ૧ ॥ એવમહં આલોઈયં, પડિક્કમિયં નિંદિયં ગરહિયં દુગંછિયં ॥ સવ્વંતિવિહેણં પડિક્કંતો ॥ વંદામિ જિણચઉવીસં ॥ ૨ ॥ ઇતિ અતિચાર આલોવ્યા, પડિકમ્યા, નિંધા, ગરહયા નિઃશલ્લ થયા—વિશેષે વિશેષે અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાધ્વી, ગુર્વાદિકને ભુજો ભુજો કરી ખમાવું છું. ॥ ૨૭ ॥

इति पांच श्रमणसूत्र संपूर्ण.

पाठ २८ मो आरिहंतना पहेला खामणानो.

પહેલા ખામણા પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકરદેવ બિરાજે છે ॥ તેમને કરૂં છું ॥ તે સ્વામીનાં નામ—૧ શ્રી સીમંધરસ્વામી, ૨ શ્રી યુગમંધર સ્વામી, ૩ શ્રી બાહુસ્વામી, ૪ શ્રી સુબાહુસ્વામી, ૫ શ્રી સુજાત-

સ્વામી, ૬ શ્રી સ્વયંપ્રભસ્વામી, ૭ શ્રી ઋષભાનનસ્વામી, ૮ શ્રી અનંતવીર્ય સ્વામી, ૯ શ્રી સુરપ્રભસ્વામી, ૧૦ શ્રી વિસાળપ્રભસ્વામી, ૧૧ શ્રી વજ્રધરસ્વામી, ૧૨ શ્રી ચંદ્રાનનસ્વામી, ૧૩ શ્રી ચંદ્રબાહુસ્વામી, ૧૪ શ્રી ભુજંગદેવસ્વામી, ૧૫ શ્રી ઈશ્વરસ્વામી, ૧૬ શ્રી નેમપ્રભસ્વામી, ૧૭ શ્રી વીરસેનસ્વામી, ૧૮ શ્રી મહાભદ્રસ્વામી, ૧૯ શ્રી દેવજશસ્વામી, ૨૦ શ્રી અજિતસેનસ્વામી ॥ એ જઘન્ય તીર્થંકર વીશ, ઉત્કૃષ્ટા હોય તો એકસો સાઠ, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે; ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે; સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે; ચૌદ રાજલોક અંજલી પ્રમાણે જાણી દેખી રહ્યા છે. અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે, અનંતુ વીર્ય છે, એ ષટે ગુણે કરી સહિત છે, ચોત્રીશ પ્રકારના અતિશયે કરી બિરાજમાન છે; પાત્રિશ પ્રકારની સત્ય વચન વાણી ગુણે કરી સહિત છે; એક હજાર અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર છે, અઢાર દોષ રહિત છે; બાર ગુણે કરી સહિત છે; ચાર કર્મ ઘનઘાતી ક્ષય કીધાં છે, ચાર કર્મ પાતળાં પાડયા છે; મુક્તિ જવાના કામી થકા સ્વામી વિચરે છે; ભવ્ય જીવના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવળ જ્ઞાની, કેવળ દર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયક સમ-

કિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ સહિત છે, ચોસઠ ઇંદ્રના પૂજનિક, વંદનિક, અર્ચનિક સ્મરણનિક છે; પંડિત વીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામાગર નગર, રાયહાણી, ખેડ, કવડ, પુરપાટણ, જયા જયા સ્વામી દેશના દેતા થકા વિચરતા હશે; ધન્ય તે રાઇસર, તલવર, માડંબી, કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, જે સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે. તમે સ્વામી ત્યા બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુન્હી અહિંઆ બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, આશાતના, અભકિત, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી ભુજો ભુજો કરી ખમાવું છું. ("તિક્ખુત્તો"નો પાઠ ત્રણ વાર ભણી વંદણા કરી ખમાવવું.) ॥ ૨૮ ॥

पाठ २९ मो सिद्ध भगवंतना खामणानो.

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતજીને કરૂં છું. આ ચોવીશીના નામ લહું છું-૧ શ્રી ઋષભદેવસ્વામી, ૨ શ્રી અજિતનાથસ્વામી, ૩ શ્રી સંભવનાથસ્વામી, ૪ શ્રી અભિનંદનસ્વામી, ૫ શ્રી સુમતિનાથસ્વામી, ૬ શ્રી પદ્મપ્રભસ્વામી, ૭ શ્રી સુપાર્શ્વનાથસ્વામી, ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી, ૯ શ્રી સુવિધિનાથસ્વામી, ૧૦ શ્રી શીતળનાથ-

સ્વામી, ૧૧ શ્રી શ્રેયાશનાથસ્વામી, ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રી વિમળનાથસ્વામી, ૧૪ શ્રી અનંતનાથસ્વામી, ૧૫ શ્રી ધર્મનાથસ્વામી, ૧૬ શ્રી શાતિનાથસ્વામી, ૧૭ શ્રી કુંથુનાથસ્વામી, ૧૮ શ્રી અરનાથસ્વામી, ૧૯ શ્રી મલ્લિનાથસ્વામી, ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રી નમિનાથસ્વામી, ૨૨ શ્રી નેમનાથસ્વામી, ૨૩ શ્રી પાર્શ્વનાથસ્વામી, ૨૪ શ્રી મહાવીરસ્વામી એ ચોવીશી અનંત ચોવીશી અનંતે ભેદે સીઝી બુઝી આઠ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. તે આઠ કર્મનાં નામ–૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય, એ આઠ કર્મ ક્ષય કરી મુક્તિએ પધાર્યા છે. તે મુક્તિનું સ્થળ કીહા છે ? સમ પૃથ્વીથી સાતસેં નેવુ જોજન ઉંચપણે તારામંડળ છે, ત્યાથી દશ જોજન ઉંચપણે સુર્યનું વિમાન છે, ત્યાંથી એંશી જોજન ઉંચપણે ચંદ્રમાનું વિમાન છે, ત્યાથી ચાર જોજન ઉંચપણે નક્ષત્રના વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઉંચપણે બુધનો તારો છે, ત્યાથી ત્રણ જોજન ઉંચપણે શુક્રનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે બ્રહસ્પતિનો તારો છે, ત્યાથી ત્રણ જોજન ઉંચપણે મંગળનો તારો છે, ત્યાથી ત્રણ જોજન ઊંચપણે શનિશ્ચરનો તારો છે, એમ નવસેં જોજન સુધી જ્યોતિષચક્ર છે. ત્યાથી અસંખ્યાતા જોજન કોડાકોડિ ઊંચપણે પહેલું સુધર્મા ને બીજું ઈશાન નામે દેવલોક છે. એકેકું અર્ધ ચંદ્રમાને

આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે,પહેલામા બત્રીસ લાખ ને બીજામાં અઠાવીશ લાખ વિમાન છે ત્યાંથી અસંખ્યાતા જોજન ઊચપણે ત્રીજું સનત્કુમાર અને ચોથું મહેંદ્ર નામે દેવલોક છે. એકેકું અર્ધો ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્રીજામા બાર લાખ ને ચોથામાં આઠ લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે પાંચમું બ્રહ્મલોક નામે દેવલોક છે. તે એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ચાર લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉચપણે છઠું લાંતક નામે દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં પચાસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે સાતમું મહાશુક નામે દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં ચાલીશ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉચપણે આઠમું સહસાર નામે દેવલોક છે. એકલું પૂર્ણ ચદ્રમાને આકારે છે. તેમાં છ હજાર વિમાન છે ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે નવમું આણુત ને દશમું પ્રાણુત નામે દેવલોક છે. એ બે જોડાજોડ છે અકેકું અર્ધો ચંદ્રમાને આકારે છે બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે બેમાં મળીને ચારસેં વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે અગ્યારમુ આરણુ ને બારમું અચ્યુય એ બે દેવલોક જોડાજોડ છે. અકેકું અર્ધો ચંદ્રમાને આકારે છે બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. બેમાં મળી ત્રણસેં

વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે નવ ગ્રૈવે-
યક છે, તેનાં નામ. ૧ ભદ્દે ૨ સુભદ્દે ૩ સુજાએ ૪ સુમા-
ણસે ૫ પ્રિયદંસણે ૬ સુદંસણે ૭ આમોહે ૮ સુપડિબદ્ધે
૯ જસોધરે, પહેલી ત્રિકમા એકસો અગીઆર વિમાન છે,
બીજી ત્રિકમા એકસો સાત વિમાન છે, ત્રીજી ત્રિકમાં
એકસો વિમાન છે. ત્યાંથી અસખ્યાતાં જોજન ઊચપણે
પાંચ અનુત્તર વિમાન છે, તેના નામ ૧ વિજય, ૨ વિજ-
યંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થ સિદ્ધ મહાવિમાન,
સઘળા મળી વિમાન કુલે ૮૪૯૭૦૨૩ છે. તે સર્વાર્થસિદ્ધ-
મહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઉંચે મુક્તિશિલા છે,
તે મુક્તિશિલા કેવી છે ? પિસતાલીસ લાખ જોજનની
લાંબી પહોળી છે; ગોળાકાર છે; મધ્યે આઠ જોજનની
જાડી છે; ઉતરતા છેડે માખીની પાખ થકી પણ અધિક
પાતળી છે. ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાનો પટ,
મોતીનો હાર ને ક્ષીરસાગરના પાણીથી પણ અધિક ઉજળી
છે, તે સિદ્ધિશિલા ઉપર એક જોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા
ભાગને વિષે સિદ્ધ ભગવંતજી બિરાજી રહ્યા છે. તે સ્વામી
કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અ-
વિનાશી, ભુખ નહીં, દુઃખ નહીં, રોગ નહીં, સોગ નહીં,
જન્મ નહીં, જરા નહીં, મરણ નહીં, કાયા નહીં, કર્મ
નહીં, અનંત અનંત સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.
તમે સ્વામી ત્યાં બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર

ગુન્હી અહીં બેઠો છું. આપના જ્ઞાન દર્શન સબંધી અવિનય આશાતના અભક્તિ અપરાધ કર્યા હોય તો મન, વચન, કાયાએ ભૂજો ભૂજો કરી ખમાવુ છું. ("તિક્ખુત્તો" નો પાઠ ત્રણ વાર ભણી વંદણા કરી ખમાવવુ) ॥ ૨૯ ॥

पाठ ३० मो सामान्य केवलीना खामणानो.

ત્રીજા ખામણા પંચમહાવિદેહક્ષેત્રને વિષે જયવંતા કેવળી ભગવાન બિરાજે છે, તે જઘન્ય હોય તો બે ક્રોડ કેવળી, ઉત્કૃષ્ટા હોય, તો પ્રત્યેક ક્રોડ કેવળી, તે સ્વામી કેવા છે ? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજલોક અંજલી પ્રમાણે જાણી દેખી રહ્યા છે; અનંતુ જ્ઞાન દર્શન છે, અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે, અનંતુ વીર્ય છે, એ ષટે ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતીઆ ક્ષય કર્યા છે, ચાર કર્મ પાતળાં પાડયાં છે, મુક્તિ જવાના કામી થકા સ્વામી વિચરે છે, ભવ્ય જીવના સંદેહ ભાંગે છે, સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયક સમકિત, શુકલ ધ્યાન, શુકલ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, પંડિત વીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામાગર, નગર, રાયહાણી, ખેડ, કવડ, પુરપાટણ જયા જયાં સ્વામી દેશના દેતા થકા વિચરતા હશે, ધન્ય તે રાઈસર, તલવર, માડંબી કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથા-

પતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે. તમે સ્વામી ત્યાં બીરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુન્હી અહિં બેઠો છું. આપના જ્ઞાન દર્શન ચરિત્ર તપ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તે મન, વચન, કાયાએ કરી ભુજો ભુજો કરી ખમાવુ છું ("તિક્ખુત્તો"નો પાઠ ત્રણ વાર ભણી વંદણા કરી ખમાવવું.) ॥૩૦॥

પાઠ ૧૧ મો સર્વ સાધુ સાધ્વીના ખામણાનો.

ચોથા ખામણા પાંચ ભરત, પાચ ઇરવત, પાંચ મહાવિદેહ એમ અઢિદ્વીપક્ષેત્રને વિષે, બાવન ગુણે કરી સહિત ગણધરજી છે, છત્રીશ ગુણે કરી સહિત આચાર્યજી છે, પચીશ ગુણે કરી સહિત ઉપાધ્યાયજી છે. સાધુ સાધ્વીજી સત્તાવીશ ગુણે કરી સહિત છે તેમને કરૂં છું. તે જઘન્ય હોય તો બે હજાર ક્રોડ સાધુસાધ્વી, ઉત્કૃષ્ટા હોય તો પ્રત્યેક હજાર ક્રોડ સાધુસાધ્વી, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે ? પંચ મહાવ્રતના પાલણહાર છે. પાંચ સમિતિએ સમિતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, છકાયના પીયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર છે. દશ વિધિ યતિધર્મના અજવાળિક છે. અગીઆર શ્રાવકની ને બાર ભિક્ખુની પડિમાના જાણ છે. બાર

ભેદે તપસ્યાના કરણહાર છે. સત્તર ભેદે સંયમના ધરણહાર છે. વીશ અસમાધિના ટાલણહાર છે. બાવીસ પરીસહના જિતણહાર છે, સત્તાવિશ સાધુજીને ગુણે કરી સહિત છે. તેત્રીશ આશાતનાના ટાલણહાર છે, બેતાળીશ તથા છન્નું દોષ રહિત આહાર પાણીના લેવણહાર છે. બાવન અનાચિરણના ટાલણહાર છે, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન કામનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, મહા વૈરાગી, સમતાના સાગર, દયાના આગર, આદિ અનેક શુભ ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામ, નગર, પુર પાટણ–તમે સ્વામી ત્યા વિચરો છો. હું અપરાધી અહિં બેઠો છું. આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબધી અવિનય, અશાતના, અભકિત, અપરાધ કર્યો હોય, તે મન વચન કાયાએ કરી ભુજો ભુજો કરી ખમાવું છું (અહિંયા "તિક્ખુત્તો" નો પાઠ ત્રણ વાર ભણી વંદના કરી ખમાવવુ.) ॥ ૩૧ ॥

पाठ ३२ मो पोताना गुर्वादिकना खामणानो.

પાંચમા ખામણા મહારા તમારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર, મહાપુરૂષ, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્રસિદ્ધાંતના જાણ, તરણતારણ તારણી નાવા સમાન, સફરી જહાજ સમાન, કલ્પવૃક્ષ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના અગ્રેસર, ધર્મના મુખી, ધર્મના નાયક, એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજ-

માન હતા, એવા પૂજ્ય સાહેબજી શ્રી ૧૦૦૮............
....આદિ ઘણા ઘણા સાધુ–સાધ્વીજી આળોઇ, પડિક્કમી, નિંદી, નિઃશલ્લ થઇ આયે દેવગતિએ પધાર્યા છે. તેમનો ઘણો ઉપકાર છે. આજ વર્તમાનકાળે તરણતારણ, તારણી નાવા સમાન, રત્ન ચિંતામણિ સમાન, પાર્શ્વમણિ સમાન, જિન-શાસનના શણગાર, સાધુજીના સકળ ગુણે કરી બિરા-જમાન પૂજ્ય સાહેબજી શ્રી ૧૦૦૮.. ....આદિ જે જે સાધુ–સાધ્વીજી વીતરાગદેવની આજ્ઞા પ્રમાણે વિચરે છે, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે? (અહીં પાઠ ૩૧ મા પ્રમાણે બાકીનો પાઠ બોલવો.) ॥ ૩૨ ॥

पाठ ३३ मो सर्व जीवोना खामणानो.

છઠ્ઠા ખામણા અઢિદ્વીપ માંહેના અને અઢિદ્વીપ બ-હારના અસંખ્યાતા શ્રાવક શ્રવિકાને કરૂં છું. તે શ્રાવક શ્રવિકાજી કેવા છે? સમકિત સહિત બાર વ્રતધારી, અગીઆર પડિમાના સેવણહાર છે. જીવ અજીવ આદિ નવતત્ત્વના જાણપણાવાળા, કોઇના ઠગાવ્યા ઠગે નહિ, કોઇના ચળાવ્યા ચળે નહિ, પરધન પત્થર બરાબર ને પરસ્ત્રી માત બેન સમાન જાણે છે. શ્રાવકના એકવીશ ગુણે કરી સહિત છે. (તેઓમાંથી જેઓ) મુજથી દાન, શીળ, તપ અને ભાવમાં અધિક છે, તેમને ત્રણ વાર નમસ્કાર

કરીને મન, વચન, કાયાએ કરીને જુજ્વે જુજ્વે કરી ખમાવું છું.

સાધુ સાધ્વીને ખમાવું છું, શ્રાવક શ્રાવિકાને ખમાવું છું, સમકિતદૃષ્ટિ જીવને ખમાવું છું. ઉપકારી ભાઈ બાઈને ખમાવું છું. ચોરાશી લાખ જીવા યોનીના જીવને ખમાવું છું. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશલાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદલાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈંદ્રિય, બે લાખ તેઈંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચાર લાખ દેવતા, ચૌદ લાખ મનુષ્ય, એ ચોરાશી લક્ષ જીવાયોનિના જીવને હાલતા, ચાલતાં, ઉઠતાં, બેસતા, જાણતાં, અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના, કિલામના ઉપજાવી હોય, તો અનંતા સિદ્ધ કેવળીની સાખે મ્હારે તમારે મિચ્છા મિ દુક્કડં ॥ ૩૩ ॥

(અહીં " ઇચ્છામિ ખમાસમણો "નો પાઠ બે વખત કહેવો.)

ઇતિ ચોથો આવશ્યક સંપૂર્ણ ॥ ૪ ॥

(હવે પૂર્વની માફક પાચમાં આવશ્યકની આજ્ઞા માંગવી.)

પાઠ ૩૪ મો પ્રાયશ્ચિત્ત વિશુદ્ધતાનો.

દેવસી પ્રાયશ્ચિત્ત વિશુદ્ધનાર્થં કરેમિ કાઉસગ્ગં ॥

(અહીં નમોક્કારનો પાઠ કહી " કરેમિભંતે સામાઈયં "

થી "અપ્પાણું વોસિરામિ" સુધીનો પાઠ કહેવો. ત્યાર પછી ઇચ્છામિઠામિ કાઉસગ્ગં" થી "જંવિરાહિયં તસ્સમિચ્છામિદુક્કડં" સુધીનો પાઠ કહેવો, ને કાઉસગ્ગ કરવો.)

[કાઉસગ્ગ માટે સૂચનાઃ—દિવસ અને રાત્રી પ્રતિક્રમણમાં ચાર "લોગસ્સ" નો, પક્ખી પ્રતિક્રમણમાં બાર "લોગસ્સ" નો, ચઉમાસિ પ્રતિક્રમણમાં વીશ "લોગસ્સ" નો અને સંવત્સરી પ્રતિક્રમણમા ચાલીશ "લોગસ્સ" નો કાઉસગ્ગ કરવો. દરેક કાઉસગ્ગને અંતે મનમાં 'નમોક્કારનો પાઠ" બોલી પ્રગટ "નમો અરિહંતાણં" નો શબ્દોચ્ચાર કરી કાઉસગ્ગ પાળવો.] (પછી "લોગસ્સ" નો પ્રગટ પાઠ ભણી "ઇચ્છામિ ખમાસમણા" નો પાઠ બે વાર કહેવો.) ॥ ૩૪ ॥

ઇતિ પાચમો આવશ્યક સંપૂર્ણ ॥ ૫ ॥

पाठ ३५ मो प्रत्याख्याननो.

"ચઉવિહારનાં પચ્ચખાણ"

ધાર્યો પ્રમાણે ચઉવિહંપિ આહારં પચ્ચખાણ, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નથાણા ભોગેણં, સહસ્સાગારેણં, અપ્પાણું વોસિરામિ ॥ ૧ ॥

"એકટાણાના પચ્ચખાણ"

એકટાણા ઉપરાંત દુવિહંપિ આહારં પચ્ચખાણ, અસણં, ખાઇમં, અન્નથાણા ભોગેણં, સહસ્સાગારેણં, અપ્પાણું વોસિરામિ ॥ ૨ ॥

"આયંબિલનાં પચ્ચખાણ."

આયંબીલવિહં તિવિહંપિ આહારં પચ્ચખાણ, અસણં, ખાઈમં, સાઈમં, અન્નથ્થાણા ભોગેણં, સહસ્સાગારેણં, લેવાલેવેણં, ગિહથ્થસંસઠેણં, પડુચ્ચમખ્ખેણં, ગુરૂ અભુઠ્ઠાણેણં; ઉખિખત્તવિવેગેણં, સવ્વસમાહિ વત્તિયાગારેણં, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥ ૩ ॥

"ઉપવાસનાં પચ્ચખાણ"

કાલ સુર્યઉગે ચઉવિહંપિ આહારં પચ્ચખાણ, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નથ્થાણાભોગેણ, સહસ્સાગારેણં, અપ્પાણ વોસિરામિ ॥ ૪ ॥ ૩૫ ॥

ઇતિ છઠો આવશ્યક સંપૂર્ણ ॥ ૬ ॥

पाठ ३६ मो प्रतिक्रमण पाळवानो.

૧ સામાયક, ૨ ચઉવિસત્થો, ૩ વંદણા, ૪ પ્રતિક્રમણ, ૫ કાઉસગ્ગ, ૬ પચ્ચખાણ એ છ આવશ્યક પુરા થયા, તેહને વિષે, ગાથા પદ, અક્ષર કાનો, માત્રા, મીંડુ, હ્રસ્વ, દીર્ઘ, ઓછું, અધિક વિપરીત ભણાણું હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥

મિથ્યાત્વનુ પ્રતિક્રમણ ॥ ૧ ॥ અવ્રતનું પ્રતિક્રમણ ॥ ૨ ॥ પ્રમાદનું પ્રતિક્રમણ ॥ ૩ ॥ કષાયનું પ્રતિક્રમણ

॥ ૪ ॥ અશુભ જોગનું પ્રતિક્રમણ ॥ ૫ ॥ એ પાંચ પ્રતિક્રમણ એકસો ચોવીસ દોષ ટાળીને સમી રીતે પડિક્મ્યાં ન હોય, તો તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૨ ॥

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનકાળનો સંવર, આવતા કાળના પચ્ચખાણ, કરેમિ મંગલં, મહામંગલં, થય ત્થુઈ મંગલં ॥ ૩ ॥ ૩૬ ॥ (અહીં ત્રણ "નમોત્થુણ" કહેવા.)

॥ ઈતિ પ્રતિક્રમણ સૂત્રં સમાપ્તમ્ ॥

શ્રી છકાયના બોલ.

અથ છકાયના બોલ લખ્યા છે ॥ પ્રથમ છકાયના નામ કહે છે. ॥ પહેલે બોલે ઈંદી થાવર કાય ॥ ૧ ॥ બંભી થાવર કાય ॥ ૨ ॥ સપિ થાવર કાય ॥ ૩ ॥ સુમતિ થાવર કાય ॥ ૪ ॥ પયાવચ્ચ થાવર કાય ॥ ૫ ॥ જંગમ કાય ॥ ૬ ॥ એ છકાયના નામ કહ્યા ॥ હવે ગોત્ર કહે છે ॥ પૃથ્વી કાય ॥ ૧ ॥ અપ કાય ॥ ૨ ॥ તેઉ કાય ॥ ૩ ॥ વાઉ કાય ॥ ૪ ॥ વનસ્પતિ કાય ॥ ૫ ॥ ત્રસ કાય ॥ ૬ ॥ એ છ ગોત્ર કહ્યા ॥

હવે પૃથ્વીકાયના બે ભેદ છે ॥ સૂક્ષ્મ ને બાદર ॥ સૂક્ષ્મ તે આખા લોકમા ભર્યા છે. તે આપણી નજરે ન આવે ॥ કેવલજ્ઞાની જાણે દેખે ॥ ૧ ॥ હવે બાદર પૃથ્વીકાયના નામ કહે છે ॥ પહેલે બોલે માટી ને મીઠાની જાત ॥ ૧ ॥ બીજે ખડી ને ખારાની જાત ॥ ૨ ॥ ત્રિજે કાળમિઢ મરડીયા પહાણા ને સિલ્લાની જાત ॥ ૩ ॥ ચોથે હીંગલો ને હડતાળની જાત ॥ ૪ ॥ પાચમે ગેરૂ ને ગોપીચંદનની જાત ॥૫॥ છઠે રત્ન પરવાળાની જાત ॥૬॥ સાતમે બોલે સોનું, રૂપું, સીસુ, ત્રાબુ, લોહુ વગેરે ધાતુની જાત તથા સોળ જાતના રત્ન, આદે તેતાલીસ જાતની પૃથ્વીકાય છે. તેમા સુવાળી અને ખરખરી (કઠણ) એવા બે ભેદ છે, તેમાં

સુંવાળીના સાત ભેદ ને ખરીખરીના છત્રીસ ભેદ, એ તેંતાલીસ જાતની પૃથ્વીકાય છે. તેના એક એક કકડામા અસંખ્યાતા જીવ શ્રી ભગવતે કહ્યા છે. તેમાથી જુવાર તથા પીલુ જેટલી પૃથ્વીકાય લઇએ, તેમાથી એક એક જીવ નીકળીને પારેવા જેવડી કાયા કરે તો એક લાખ જોજનના જંબૂદ્વીપમા સમાય નહિ એમ જાવત અસખ્યાતા દ્વીપ સમુદ્ર ભરાય એટલા જીવ છે. તેના કૂળ બારલાખ કરોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર મુહૂર્તનું છે. ઉત્કૃષ્ટ જુદુ જુદુ, તે નીચે મુજબ. સુકુમાળ માટીનું એક હજાર વરસનું, શુદ્ધ માટીનુ બારહજાર વરસનું, વેળુ (રેતી) નું ચૌદ હજાર વરસનું, મણુસીલનું સોળ હજાર વરસનું, કાકરાનું અઢાર હજાર વરસનું, ખર તે કઠણ પૃથ્વી, વજ્ર, હીરા વગેરે તેનું બાવીશ હજાર વરસનું આયુષ્ય છે, તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ. ઈતિ પૃથ્વીકાય સમાપ્ત ॥ ૧ ॥

હવે અપકાય તે પાણી, તેના બે ભેદ છે. સૂક્ષ્મ ને બાદર, સૂક્ષ્મ તે આખા લોકમા ભર્યા છે. તે આપણી નજરે ન આવે, ફક્ત કેવળી દેખે. હવે બાદર પાણીના નામ કહે છે. પેહેલે બોલે વરસાદ ને કરાના પાણી ॥ ૧ ॥ બીજે બોલે ઝાકળ ને ધુમરના પાણી ॥ ૨ ॥ ત્રીજે કુવા, તળાવ ને નદીના પાણી ॥ ૩ ॥ ચોથે દરીઆ ને ઝરણાના પાણી ॥ ૪ ॥ ખારા ખાટા પાણી ॥ ૫ ॥ મોળા મીઠા

પાણી ॥ ૬ ॥ જુદા જુદા રસના સાત સમુદ્ર છે તેના પાણી, લવણ સમુદ્રનું પાણી ખારૂં છે, કાળોદધી સમુદ્રનું પાણી મીઠું, કાળું ને ભારે છે, એક સમુદ્રનું ઘીના રસ સરીખું છે, એક સમુદ્રનું દુધના રસ સરીખું છે, પુષ્કર અને સયંભુરમણ એ બે સમુદ્રનું મીઠું, આછુ, હલકું ને પથ્ય છે, ને એક સમુદ્રનું પાણી મદીરાના રસ સરખું છે ॥ ૭ ॥ બાકી અસખ્યાતા સમુદ્રના પાણી શેરડીના રસ જેવા છે, એ આદે ઘણી જાતના પાણી છે, તેના એક બીંદુમા અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એક એક જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનના જંબૂદ્વીપમા સમાય નહિં. "પુર્વની પેરે." તેના કૂળ સાતલાખ ક્રોડ છે. તેનું આયુષ્ય જઘન્ય અતર મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટું સાત હજાર વરસનું છે. તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ. ॥ ૨ ॥

હવે તેઉકાય તે અગ્નિ. તેના બે ભેદ, સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે આખા લોકમા ભર્યા છે. તે આપણી નજરે ન આવે. કેવળજ્ઞાની જાણે દેખે ॥ ૧ ॥ હવે બાદર અગ્નિના નામ કહે છે પેહેલે બોલે ચૂલા ને ભઠ્ઠીની અગ્નિ ॥ ૧ ॥ ધુમાડા ને તાપણીની અગ્નિ ॥ ૨ ॥ ચકમક ને વીજળીની અગ્નિ ॥ ૩ ॥ દીવા ને ઉમાડાની અગ્નિ ॥ ૪ ॥ ધગધગતા લોઢા ને અરણીની અગ્નિ ॥ ૫ ॥ એ આદે દઈને

घणी जातनी अग्नि छे, तेना एक तणखामां असंख्याता जीव भगवंते कह्या छे. तेमाथी एक एक जीव नीकळीने खसखसना दाणा जेवडी काया करे तो एक लाख जोजनना जंबूद्वीपमां समाय नहिं. तेना कूळ त्रण लाख करोड छे. तेनुं आयुष्य जघन्य अंतर मुहूर्त्तनुं, उत्कृष्ट त्रण अहोरात्रीनुं छे. तेनी दया पाळीए तो अनंता मोक्षना सुख पामीए. ॥ ३ ॥

हवे वाउकाय ते वायरो, तेना बे भेद छे. सूक्ष्म ने बादर, सूक्ष्म ते आखा लोकमां भर्या छे. ते आपणी नजरे न आवे. ज्ञानी जाणे देखे ॥ १ ॥ हवे बादर वायराना नाम कहे छे. उगमणो ने आथमणो वा ॥ १ ॥ उत्तर ने दक्षिणनो वा ॥ २ ॥ उंचो, नीचो ने त्रीछो वा ॥ ३ ॥ वंटोळीओ ने मंडळीओ वा ॥ ४ ॥ गुंजवा ने सुधवा ॥ ५ ॥ ए आदे दईने घणी जातनो वायरो छे ॥ ते केम करी हणाय छे ? ते कहे छे. उघाडे मोढे बोलवे ॥ झापट नांखवे ॥ सुपडे सोवे ॥ झाटकवे ॥ कातवे ॥ पींजवे ॥ टाळोटा वगाडवे ॥ वींझणे वींझवे एटले हलावे ॥ हींचोळे हींचकवे ॥ ए आदे दइने घणी जातना शस्त्रे करी हणाय छे. तेमां एकवार उघाडे मोढे बोलवे असंख्याता जीव हणाय छे. तेमांथी एक एक जीव नीकळीने वडना बीज जेवडी काया करे तो लाख जोजनना जंबूद्वीपमां समाय नहि. तेना कूळ सातलाख करोड छे. तेनु आयुष्य जघन्य

અંતર મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટ ત્રણહજાર વરસનું છે, તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥ ૪ ॥

હવે પાંચમે બોલે વનસ્પતિ કાય ॥ તેના બે ભેદ ॥ સૂક્ષ્મ ને બાદર ॥ સૂક્ષ્મ તે આખા લોકમાં ભર્યા છે ॥ તે આપણી નજરે ન આવે જ્ઞાની જાણે દેખે ॥ હવે બાદર વનસ્પતિ કાય તેના બે ભેદ ॥ પ્રત્યેક ને સાધારણ ॥ પ્રત્યેક તે કોને કહીએ? એક શરીરે એક એક જીવ હોય તેને પ્રત્યેક કહીએ ॥ ૧ ॥ એક શરીરે અનંતા જીવ હોય તેને સાધારણ કહીએ ॥ ૨ ॥ હવે પ્રત્યેક વનસ્પતિ કાયના નામ કહે છે ॥ પેહેલે બોલે વૃક્ષ ને વેલાની જાત ॥ ૧ ॥ બીજે રીંગણી, તુલસી ને ગુલમની જાત ॥ ૨ ॥ ત્રીજે એરડા, આકડા ને ધંતુરાની જાત ॥ ૩ ॥ દાડમ, શેરડી ને કેળાની જાત ॥ ૪ ॥ ધ્રો, કેવડો, ડાભડો ને તરણાની જાત ॥ ૫ ॥ ફુલ, કમળ ને નાગરવેલની જાત ॥ ૬ ॥ બોરડી, કેરડો, કસેળાની જાત ॥ ૭ ॥ જુવાર, બાજરો, મઠ, મકઈની જાત ॥ ૮ ॥ સુવા, મોધરી, તાજળઓ, વાલોળ ફળીની જાત ॥ ૯ ॥ એ આદિ દઇને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતિ છે ॥ તેમા ભગવતે ત્રણ પ્રકારના જીવો કહ્યા છે ॥ સંખ્યાતા ॥ ૧ ॥ અસંખ્યાતા ॥૨॥ અને અનંતા ॥૩॥ તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટ દસહજાર વરસનું છે ॥ તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥ ૫ ॥

હવે સાધારણ વનસ્પતિ કાયના નામ કહે છે ॥ પેહેલે

લીલફુલ ને સેવાળની જાત ॥ ૧ ॥ બીજે ગાજર મુળાની જાત ॥ ૨ ॥ ત્રીજે ડુંગળી લસણુની જાત ॥ ૩ ॥ ચોથે આદુ ને ગરમરની જાત ॥ ૪ ॥ પાચમે કંટાળો થોર, ખુરસાણી, કુંવાર, સેલરાની જાત ॥ ૫ ॥ છઠે મોથ ને લુણીની જાત ॥ ૬ ॥ ઉગતા અંકુર ને કુણી કાકડીની જાત ॥ ૮ ॥ એ આદે ઘણી જાતની સાધારણ વનસ્પતિ છે ॥ તેમા ભગવતે ત્રણ પ્રકારના જીવ કહ્યા છે ॥ સંખ્યાતા ॥ ૧ ॥ અસંખ્યાતા ॥ ૨ ॥ અનંતા ॥ ૩ ॥ તેમા એક કંદમુળના કકડામા અસંખ્યાતા શરીર છે ને એક એક શરીરે અનંતા જીવ છે ॥ તે સમયે સમયે એક એક જીવ કાઢતાં અનંતે કાળે પણ એક શરીર ખાલી ન થાય પણ ઘણે અનંતે કાળે ખાલી થાય ॥ તેનું આયુષ્ય જઘન્ય ને ઉત્કૃષ્ટુ અંતર્મુહૂર્ત્તનું છે ॥ તે બેનાં કૂળ અઠાવીશ લાખ ક્રોડ છે. તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥ ૫ ॥

હવે ત્રસ કાય ॥ તેના ચાર ભેદ ॥ બેઇંદ્રિય ॥ ૧ ॥ તેઇંદ્રિય ॥ ૨ ॥ ચઉરેંદ્રિય ॥૩॥ પચેંદ્રિય ॥૪॥ હવે બે ઇંદ્રિયના બે ભેદ ॥ અપ્રજાપ્તા ને પ્રજાપ્તા ॥ બેઇંદ્રિય કોને કહીએ ? જેને કાયા ને જીભ્યા. કાયા તે સ્પર્શેંદ્રિય ને જીભ્યા તે રસેંદ્રિય એ બે ઇંદ્રિય હોય તેને બેઇંદ્રિય કહીએ ॥ તેના નામ ॥ જળો ને પોરાની જાત ॥ ૧ ॥ કીડા, કરમીઆ, સરમીયાની જાત ॥ ૨ ॥ મામણમુંડા ને અળસીયાની જાત

॥ ૩ ॥ લટલાળની જાત ॥ ૪ ॥ શંખ છીપ ને કોડાની જાત ॥ ૫ ॥ એ આદે ઈને ઘણી જાતના બેઇંદ્રિય જીવ છે ॥ તેના કૂળ સાતલાખ કરોડ છે. ॥ તેનું આયુષ્ય જઘન્ય અંતરમુહૂર્ત્તનુ, ઉત્કૃષ્ટુ બાર વરસનુ છે ॥ તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥ ૧ ॥

હવે તેઇંદ્રિયના બે ભેદ ॥ અપ્રજાપ્તા ને પ્રજાપ્તા ॥ તેઇંદ્રિય કોને કહીએ ? ॥ કાયા તે સ્પર્શેંદ્રિ, મુખ તે રસેંદ્રિ ને નાશીકા તે ઘાણેંદ્રિય એ ત્રણ ઇંદ્રિય હોય તેને તેઇંદ્રિય કહીએ ॥ તેના નામ ॥ જુ લીંખની જાત ॥ ૧ ॥ ચાચડ માંકડની જાત ॥ ૨ ॥ કીડી કથવાની જાત ॥ ૩ ॥ માટલા ને ધનેડાની જાત ॥ ૪ ॥ જુવા, ઈતડી, ગીંગોડાની જાત ॥૫॥ ધીમેલ, ઉધઈ ને ગધેયાની જાત ॥ ૬ ॥ કાનખજુરા ને મંકોડાની જાત ॥ ૭ ॥ એ આદે ઘણી જાતના તેઇંદ્રિય જીવ છે ॥ તેના કૂળ આઠ લાખ ક્રોડ છે ॥ તેનું આયુષ્ય જ૦ અંતર્મુહૂર્તનું, ઉ૦ ઓગણપચાસ દિવસનું ॥ તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥ ૨ ॥

હવે ચઉરિંદ્રિયના બે ભેદ ॥ અપ્રજાપ્તા ને પ્રજાપ્તા ॥ ચઉરિંદ્રિય તે કોને કહીએ ? કાયા, મુખ, નાશીકા ને આખ, કાયા તે સ્પર્શેંદ્રિય, મુખ તે રસેંદ્રિય, નાશીકા તે ઘ્રાણેંદ્રિય, આખ તે ચક્ષુ ઇંદ્રિય એ ચાર ઇંદ્રિય હોય તેને ચઉરિંદ્રિય કહીએ ॥ માંખી ને મસલાની જાત ॥૧॥ ડાંસ ને મચ્છરની જાત ॥૨॥ ભમરા, તીડ, પતંગની જાત ॥ ૩ ॥ કરોળીયા, કંસારીની

જાત ॥ ૪ ॥ વીંછી, ખડમાંકડીની જાત ॥ ૫ ॥ બગા, ધુડીયા ને કુહાની જાત ॥૬॥ એ આદે ઘણી જાતના ચઉરિંદ્રિય જીવ છે ॥ તેના કૂળ નવ લાખ કોડ છે ॥ તેનું આયુષ્ય જ૦ અંતર્મુહૂર્તનું, ઉ૦ છ માસનુ છે. ॥ તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥ ૩ ॥

હવે પંચેંદ્રિય તે કોને કહીએ ? કાયા, મુખ, નાશીકા, આખ ને કાન (શ્રોતેંદ્રિય) એ પાચ ઇદ્રિ હોય તેને પ ચેંદ્રિય કહીએ ॥ તેની ચાર જાત ॥ નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતા ॥ તેમાં નારકીમા સાત નરક ॥ તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એમ ચૌદ ભેદ નારકીના. તેની કુળ કોડી ૨૫ લાખ કોડ છે ॥ તિર્યંચના પાંચ ભેદ ॥ જળચર, થળચર, ભુજપર, ને ખેચર એ પાંચ સમુચ્છિમ ને એ પાચ ગર્ભજ ॥ એમ પાચ દુ દસ તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવં દસ દુ વીશ ભેદ તિર્યંચ પંચેંદ્રિયનાં જાણવા.

હવે તિર્યંચ પંચેદ્રિયની કુળ કોડી જુદી જુદી કહે છે. જળચરની સાડાબાર લાખ કોડ, થળચરની દસલાખ કોડ, ઉરપરની દસ લાખ કોડ, ભુજપરની નવ લાખ કોડ, ખેચરની બાર લાખ કોડ ॥ એમ તિર્યંચની કૂળ કોડી જાણવી.

હવે મનુષ્યના ચાર ભેદ તે કહે છે ॥ પંદર કર્મભૂમિના, ત્રીસ અકર્મભૂમિના, છપન અંતરદ્વીપાના મનુષ્ય ॥ એ ત્રણે એકશો ને એક ક્ષેત્રના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવં એકસો એક દુ બસેં બે ભેદ થયા ॥ હવે ચોથા ભેદમાં

ચૌદ સ્થાનકના સમુર્ચ્છિમ મનુષ્ય તે પણ એકસો એક ક્ષેત્રમાં ઉપજે છે તે અપ્રજાપ્તા છે. માટે એકસો એક ભેદ તેના ॥ એમ સર્વ મળીને ત્રણસેં ને ત્રણ ભેદ મનુષ્યના છે, તેના કૂળ બાર લાખ ક્રોડ છે.

હવે દેવતાના ચાર ભેદ છે ॥ ભવનપતિ ॥ ૧ ॥ વાણુ-વ્યતર ॥ ૨ ॥ જ્યોતષી ॥૩॥ વેમાનીક ॥ ૪ ॥ ચારે જાતના નવાણુ ભેદ થાય, તેના અપ્રજાપ્તા ને પજાપ્તા એમ એકશો અઠાણુ ભેદ દેવતાના જાણવા. તેના કુળ છવીસ લાખ ક્રોડ છે ॥ હવે નારકીનું આઉખું જઘન્ય દસ હજાર વરસનું, ઉત્કૃષ્ટુ તેત્રીસ સાગરોપમનું ॥ તિર્યંચનું આઉખું જ૦ અં. ઉ૦ ત્રણ પલ્યનું ॥ મનુષ્યનું આઉખું જ૦ અંતર્મુહૂર્તનું, ઉ૦ ત્રણ પલ્યનું ॥ દેવતાનું આઉખું જ૦ દસહજાર વરસનું, ઉ૦ તેત્રીસ સાગરોપમનું. એમ આઉખું જાણવું. સર્વ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય ને પંચેંદ્રિય એ સર્વના મળીને પાંચસેં ને ત્રેસઠ ભેદ જીવના જાણવા. તેનો વિસ્તાર નવતત્ત્વથી જાણવો. તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ॥

ઇતિ શ્રી છકાયના બોલ સંપૂર્ણ.

શ્રી નવતત્વ.

હવે વિવેકી સમકીતદ્દષ્ટિ જીવને નવ પદાર્થ જેવા છે તેવા તથારૂપ બુદ્ધિ પ્રમાણે ગુરૂ આમન્યાયથી ધારવા જોઇએ માટે તે નવ પદાર્થના નામ કહે છે ॥ જીવતત્ત્વ, અજીવ-તત્ત્વ, પુણ્ય તત્ત્વ, પાપ તત્ત્વ, આશ્રવ તત્ત્વ, સંવર તત્ત્વ, નિર્જરા તત્ત્વ, બંધ તત્ત્વ અને નવમો મોક્ષ તત્ત્વ.

હવે પેહેલો જીવતત્ત્વ કોને કહીએ ? ચેતન્ય, લક્ષણ, સદા સઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખ દુઃખનો જાણ, સુખદુઃખનો વેદક અને પર્યાયવંત ને પ્રાણનો ધારણ કરનાર તેને જીવ તત્ત્વ કહીએ ॥ ૧ ॥ અજીવતત્ત્વ તે કોને કહીએ ? જડ, લક્ષણ, ચૈતન્યરહીત તેને અજીવતત્ત્વ કહીએ ॥ ૨ ॥ પુણ્ય તે શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી જેના ફળ ભોગવતાં આત્માને મીઠા લાગે તેને પુણ્ય તત્ત્વ કહીએ ॥ ૩ ॥ પાપ તત્ત્વ તે કોને કહીએ ? અશુભ કમાણીયે કરીને અશુભ કર્મના ઉદયે કરી જેનાં ફળ આત્માને ભોગવતાં કડવા લાગે (દુઃખ થાય) તેને પાપ તત્ત્વ કહીએ ॥ ૪ ॥ આશ્રવ તે અવ્રત ને અપચ્ચખાણે કરી, વિષય કષાયને સેવવે કરી ॥ આત્મારૂપ તલાવને વિષે ॥ ઇંદ્રિઆદિક ઘડનાળે (છીદ્રે) કરી કર્મ પાપરૂપ જળનો પ્રવાહ આવે ॥ તેને આશ્રવ તત્ત્વ કહીએ ॥ ૫ ॥ સંવર

તે જીવરૂપ તળાવને વિષે કર્મરૂપ જળને વ્રત પચ્ચખાણાદિક દ્વાર દઈ રોકીએ તેને સંવર તત્ત્વ કહીએ ॥ ૬ ॥ નિર્જરા તે આત્માના પ્રદેશથી બારે ભેદે તપશ્ચર્યાયે કરી, દેશ થકી કર્મનુ નિર્ઝરવું (દુર થવુ) તેને નિર્જરા તત્ત્વ કહીએ ॥ ૭ ॥ બધ તે આત્માના પ્રદેશને કર્મ પુદ્ગળના દળ ખીર નીરનીપરે, લોહપીંડ અગ્નિની પરે લોલીભુત થઈ જીવ અને કર્મ માહોમાહે એકઠા થઇ બંધાય તેને બધ તત્ત્વ કહીએ ॥ ૮ ॥ સકળ આત્માના પ્રદેશથી સકળ કર્મનું છુટવુ, સકળ બંધનું મુકાવવુ, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષ તત્ત્વ કહીએ ॥ એ નવ પદાર્થમા જીવ ને અજીવ એ બે જાણવા જોગ છે. પુણ્ય, સંવર નિર્જરા અને મોક્ષ એ ચારે આદરવા જોગ છે. પાપ, આશ્રવ અને બંધ એ ત્રણ છાંડવા જોગ છે. હવે જીવનો એક ભેદ. સકલ જીવોનું ચૈતન્ય લક્ષણ એક છે. માટે સંગ્રહનયે કરી એક ભેદે જીવ કહીએ તથા બે પ્રકારે પણ જીવ કહીએ ॥ ત્રસ ને થાવર, બેઇન્દ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય, તેને ત્રસ કહીએ ॥૧॥ થાવર એટલે સ્થિર રહે તેને થાવર કહીએ તે પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ ॥ ૨ ॥ બે પ્રકારે જીવ, સિદ્ધ અને સંસારી તથા ત્રણ ભેદે જીવ ॥ સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ ॥ વળી ત્રણ પ્રકારે જીવ ॥ ભવસિદ્ધિયા, અભવસિદ્ધિયા, નોભવસિદ્ધિયાનોઅભવસિદ્ધિયા ॥ તથા ચાર ભેદે જીવ ॥ નારકી, તીર્યંચ, મનુષ્ય ને દેવતા

॥ વળી ચાર પ્રકારે જીવ ॥ ચક્ષુદર્શની ॥ ૧ ॥ અચક્ષુદર્શની ॥ ૨ ॥ અવધિદર્શની ॥ ૩ ॥ કેવળદર્શની ॥ ૪ ॥ તથા પાંચ પ્રકારે જીવ ॥ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય ॥ ચઉરિંદ્રિય, પંચેંદ્રિય. વળી પાંચ પ્રકારે જીવ ॥ સજોગી ॥ મનજોગી ॥ વચનજોગી ॥ કાયજોગી ॥ અજોગી ॥ તથા છ પ્રકારે જીવ ॥ પૃથ્વીકાય ॥ અપકાય ॥ તેઉકાય ॥ વાઉકાય ॥ વનસ્પતિકાય ॥ ત્રસકાય ॥ વળી છ પ્રકારે જીવ ॥ સકષાયી ॥ ક્રોધકષાયી ॥ માનકષાયી ॥ માયાકષાયી ॥ લોભકષાયી॥ અકષાયી ॥ તથા સાત પ્રકારે જીવ ॥ નારકી, તિર્યંચ, ॥ તિર્યંચણી ॥ મનુષ્ય ॥ મનુષ્યણી ॥ દેવતા ॥ દેવી ॥ તથા આઠ પ્રકારે જીવ ॥ સલેશી ॥ કૃષ્ણલેશી ॥ નીલલેશી ॥ કાપુતલેશી ॥ તેજુલેશી ॥ પદ્મલેશી ॥ શુકલલેશી ॥ અલેશી ॥ તથા નવ પ્રકારે જીવ ॥ પૃથ્વી ॥ અપ ॥ તેઉ ॥ વાઉ ॥ વનસ્પતિ ॥ બેઇંદ્રિય ॥ તેઇંદ્રિય ॥ ચઉરિંદ્રિય ॥ પંચેંદ્રિય ॥ તથા દસ ભેદે જીવ ॥ પાચ સ્થાવર ॥ ચાર ત્રસ ને સિદ્ધ ॥ તથા અગિઆર ભેદે જીવ ॥ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય, એ પાંચના અપજાપ્તા ને પજાપ્તા ॥ એવં દસ ને અનેંદ્રિય તે ઇંદ્રિય રહિત ॥ એવં અગ્યાર ॥ તથા બાર ભેદે જીવ ॥ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, નારકી, તિર્યંચ પંચેંદ્રિય મનુષ્ય ને દેવતા એવં બાર ॥ હવે તેર પ્રકારે જીવ ॥ કૃષ્ણલેશી, નીલલેશી, કાપુતલેશી, તેજુલેશી, પદ્મલેશી, ને શુકલલેશી, એ છના

અપ્રજાપ્તા ને પ્રજાપ્તા, એવં છ દુ બાર, ને અલેશી એ મળીને તેર ભેદ થયા ॥ હવે ચઉદ પ્રકારે જીવ ॥ સૂક્ષ્મ એકેદ્રિયનો અપ્રજાપ્તો, ને પ્રજાપ્તો, બાદર એકેંદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, બેઇદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, તેઇદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, ચઉરિદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, અસન્ની પચેદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, સન્ની પંચેદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, એ ચઉદ પ્રકારે જીવ. હવે વ્યવહાર વિસ્તારનયે કરી સર્વ સંસારી જીવના ૫૬૩ ભેદ કહે છે.

હવે પ્રથમ નારકીના ચોદ ભેદ કહે છે ॥ સાત નરક તેના નામ કહે છે ॥ ઘમા ॥૧॥ વશા ॥ ૨ ॥॥ શિલા ॥ ૩ ॥ અંજણા ॥૪॥ રિઠા ॥૫॥ મઘા ॥૬॥ માઘવઈ॥૭॥ હવે તેના ગોત્ર કહે છે ॥ રત્નપ્રભા ॥૧॥ સકરપ્રભા ॥૨॥ વાલૂપ્રભા ॥૩॥ પંકપ્રભા ॥૪॥ ધૂમપ્રભા ॥૫॥ તમપ્રભા ॥ તમતમાપ્રભા ॥૭॥ એ સાતે નરકના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવં સાત દુ ચોદ ભેદ નારકીના જાણવા ॥ હવે તિર્યંચના અડતાળીશ ભેદ કહે છે ॥ પૃથ્વી ॥ પાણી ॥ તેઉ ॥ વાઉ ॥ એ ચાર સૂક્ષ્મ ને બાદર ॥ એવં આઠ ॥ એ આઠના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા ॥ એવં આઠ દુ સોલ ને વનસ્પતિના ત્રણ ભેદ ॥ સૂક્ષ્મ ॥ પ્રત્યેક ॥ સાધારણ ॥ એ ત્રણના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવં ત્રણ દુ છ ॥ એ છ ને આગલા સોલ મળી બાવીશ ભેદ એકેંદ્રિયના થયા ॥ ત્રણ વિગલેંદ્રિય તે બેઇદ્રિય ॥ તેઇદ્રિય

॥ ચઉરિંદ્રિય ॥ એ ત્રણના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા ॥ એવં છ ને આગલા બાવીશ કુલ અઠાવીશ થયા ॥ હવે જળચર ॥ ॥ થળચર ॥ ઉરપર ॥ ભુજપર ॥ ખેચર ॥ એ પાંચ સમુર્ચ્છિમ ને ગર્ભજ ॥ એવં દશ, તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ વીશ ॥ કુલ અઠાવીશ ને વીશ અડતાલીશ ભેદ તિર્યચના કહ્યા. હવે ત્રણસેં ત્રણ ભેદ મનુષ્યના કહે છે. ॥ પંદર કર્મભૂમિના મનુષ્ય ॥ ત્રીસ અકર્મભૂમિના મનુષ્ય ॥ છપન અંતરદ્વીપાના મનુષ્ય ॥ એવં એકસો એક ક્ષેત્રના ગર્ભજ મનુષ્ય ॥ તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા ॥ એવં બસેંબે ને એકસો એક ક્ષેત્રના સમુર્ચ્છિમ મનુષ્ય તે અપ્રજાપ્તા ॥ એવં ત્રણસેં ને ત્રણ ભેદ થયા ॥ હવે એકસો એક ક્ષેત્રનો વિસ્તાર કહે છે ॥ કર્મભૂમિ તે કોને કહીએ ? અસી એટલે તલ્વાર પ્રમુખ હથિયારનું બાધવુ ॥ મસી એટલે લખવુ ॥ કૃષી એટલે ખેડ કરવી ॥ એ ત્રણ પ્રકારના વ્યાપારે કરી આજીવિકા ચલાવે તેને કર્મભૂમિના મનુષ્ય કહીએ ॥ તે કર્મભૂમિના પંદર ક્ષેત્ર છે તે કહે છે. ॥ પાચ ભરત ॥ પાચ ઇરવત ॥ પાચ મહાવિદેહ ॥ એ પદર ક્ષેત્ર કયા છે ? તે કહે છે ॥ એક લાખ જોજનનો જંબૂદ્વીપ છે. તેમા એક ભરત, એક ઇરવત ને એક મહાવિદેહ એ ત્રણ છે. જંબૂદ્વીપને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તેને ફરતો ચાર લાખ જોજનનો ધાતકીખંડ દ્વીપ છે, તેમાં બે ભરત, બે ઈરવત ને બે

મહાવિદેહ એમ છ ક્ષેત્ર છે ।। ધાતકીખંડને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધી સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો અર્ધપુષ્કર દ્વીપ છે, તેમા બે ભરત, બે ઇરવત, બે મહાવિદેહ એમ છ ક્ષેત્ર છે ।। એ પંદર ક્ષેત્ર કર્મભૂમિના કહ્યા ।। હવે ત્રીશ અકર્મભૂમિના મનુષ્ય કહે છે ।। અકર્મભૂમિ તે કોને કહીએ ? અસી, મસી ને કૃષી એ ત્રણ પ્રકારના વ્યાપાર રહિત ને દસ પ્રકારના કલ્પવૃક્ષે કરીને જીવે તેને અકર્મભૂમિના મનુષ્ય કહીએ ।। તે કયા ? પાંચ હેમવય ।। પાંચ ઈરણ્રવય ।। પાચ હરિવાસ ।। પાચ રમકવાસ ।। પાંચ દેવકુરૂ ।। પાચ ઉત્તર કુરૂ ।। એવ ત્રીસ ।। તે કયાં છે ? એક હેમવય, એક ઇરણ્રવય, એક હરિવાસ, એક રમકવાસ, એક દેવકુરૂ, એક ઉત્તરકુરૂ, એ છ ક્ષેત્ર જંબૂદ્વીપમા છે હેમવય પ્રમુખ બબે ક્ષેત્ર ધાતકીખંડ દ્વીપમા છે. એવં અઢાર ને હેમવય પ્રમુખ બબે ક્ષેત્ર અર્ધપુષ્કર દ્વીપમા છે. એ કુલ ત્રીસ ક્ષેત્ર અકર્મભૂમિના મનુષ્યનાં કહ્યા ।। હવે છપન અંતરદ્વીપના મનુષ્યના કહે છે. જંબૂદ્વીપના ભરત ક્ષેત્રની મર્યાદાનો કરણહાર ચૂલ હેમવંત નામે પર્વત છે, તે પીલો સોનાનો છે, સો જોજનનો ઊંચો છે, સો ગાઉનો ઊંડો છે, ઉત્તર દક્ષિણ એક હજાર બાવન જોજન ને બાર કળાનો પહોળો છે. પૂર્વ પશ્ચિમ ચોવીસ હજાર નવસેં બત્રીસ જોજનનો લાંબો છે. તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે ડાઢા નીકળી છે એમ ગ્રંથમાં અધિકાર છે.

એક એક ડાઢા ચોરાસીસેં ચોરાસીસેં જોજનની ઝાઝેરી લાંબી છે. તે એક એક ડાઢા ઉપર સાત સાત અંતર દ્વીપા છે. તે ચાર ડાઢા ઉપર સાત ચોક અઠાવીસ અંતર દ્વીપા છે. તેમજ ઈરવત ક્ષેત્રની મર્યાદાનો કરણહાર શિખરી પર્વત છે. તે પણ ચૂલ હેમવંત સરિખો જાણવો. તેને પણ પૂર્વ પશ્ચિમે બએ ડાઢા નીકળેલી છે, તે એક એક ડાઢા ઉપર સાત સાત અંતર દ્વીપા છે. એવં અઠાવીસ દુ છપન અંતર દ્વીપા જાણવા. તે એક સો એક ક્ષેત્રના સમુચ્છિમ મનુષ્ય ચૌદ સ્થાનકમાં ઉપજે છે. તે કહે છે ॥ ઉચ્ચારેસુ વા–તે વડી નીતમાં ઉપજે ॥ ૧ ॥ પાસવણેસુ વા–તે લઘુ નીતમાં ઉપજે ॥ ૨ ॥ ખેળેસુ વા–તે બળખામા ઉપજે ॥ ૩ ॥ સંઘાણેસુ વા–તે નાકની લીંટમાં ઉપજે ॥ ૪ ॥ વંતેસુ વા–તે વમનમા ઉપજે ॥ ૫ ॥ પીતેસુ વા–તે લીલા પીળા પીતોડામા ઉપજે ॥ ૬ ॥ પુએસુ વા–તે પરૂમા ઉપજે ॥૭॥ સોણીએસુ વા–તે લોહીમા ઉપજે ॥ ૮ ॥ સુક્કેસુ વા–તે વીર્યમાં ઉપજે ॥ ૯ ॥ સુક્ક પોગલપરિસાડીએસુ વા–તે વીર્યાદિકના પુદ્‌ગલ સુકાણા, તે ફરીથી ભીના થાય તેમાં ઉપજે ॥ ૧૦ ॥ વિગયજીવકલેવરેસુ વા–તે મનુષ્યના કલેવરમાં ઉપજે ॥ ૧૧ ॥ ઇત્થીપુરિસસંજોગેસુ વા–તે સ્ત્રી પુરૂષના સંજોગમા ઉપજે ॥ ૧૨ ॥ નગરનિધમણેસુ વા–તે નગરની ખાળ પ્રમુખ ગટરમાં ઉપજે ॥ ૧૩ ॥ સવ્વેસુ ચેવ અસુઇઠાણેસુ વા–તે સર્વ અશૂચિના સ્થાનકોમાં ઉપજે ॥ ૧૪ ॥

એવં સર્વ મળીને ત્રણસેં ત્રણ ભેદ મનુષ્યના કહ્યા ॥ હવે દેવતાના એક સો અઠાણું ભેદ કહે છે ॥ તેમાં દસ ભવનપતિ. તેના નામ અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, પવનકુમાર, સ્તનિતકુમાર, ॥ ૧૦ ॥ હવે પંદર પરમાધામીના નામ કહે છે. અંબ, અંબરિસ, સામ, સબળ, રૂદ્ર, વૈરૂદ્ર, કાળ, મહાકાળ, અસિપુત્ર, ધનુષ્ય, કુંભ, વાળુ, વેતરણી, ખરસ્વર, મહાઘોષ ॥ ૧૫ ॥ હવે સોળ વાણવ્યંતરના નામ કહે છે. પિશાચ, ભૂત, જક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ, ગાંધર્વ, આણુપન્ની, પાણુપન્ની, ઇસિવાઈ, ભૂઈવાઈ, કંદીય, મહાકંદીય, કોહંડ, પયંગદેવ એ ॥૧૬॥ હવે દસ જંભકાના નામ કહે છે. આણુજંભકા, પાણુજંભકા, લયણુજંભકા, સયણુજંભકા, વત્થજંભકા, પુષ્પજંભકા, ફળજંભકા, બીયજંભકા, વિજ્જુજંભકા, અવિયતજંભકા ॥ ૧૦ ॥ હવે દસ જ્યોતિષીના નામ. ચંદ્રમા, સૂર્ય, ગૃહ, નક્ષત્ર, તારા, એ પાચ ચર તે અઢીદ્વીપમાં છે, ને પાંચ સ્થિર તે અઢી દ્વીપ બહાર છે. એવં ॥૧૦॥ હવે ત્રણ કિલ્વિષીના નામ કહે છે. ત્રણ પલ્લીયા, ત્રણ સાગરીયા, તેર સાગરીયા, હવે નવ લોકાંતિકના નામ. સારસ્વત આદિત્ય, વહ્નિ, વરૂણ, ગર્દતોયા, તોશિયા, અવ્યાબાધ, અગિચ્ચા, રિઠ્ઠા એવં ॥ ૯ ॥ હવે બાર દેવલોકના નામ. સુધર્મા, ઈશાન, સનતકુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, લંતક

મહાશુક્ર, સહસાર, આણુત, પ્રાણુત, આરણ, અચ્યુત, એવં ॥ ૧૨ ॥ હવે નવ ગ્રૈવેયકના નામ કહે છે. ભદ્દે, સુભદ્દે, સુજાએ, સુમાણસે, પ્રીયદંસણે, સુદંસણે, આમોહે, સુપડિબધ્ધે, જસોધરે એવં ॥ ૯ ॥ હવે પાંચ અનુત્તર વિમાનના નામ. વિજય, વિજયંત, જયંત, અપરાજીત, સર્વાર્થસિદ્ધ, એ ॥ ૫ ॥ એવં સર્વ મળીને નવાણુ જાતના દેવતા ॥ તેના અપ્રજાતા ને પ્રજાપ્તા, એવં નવાણું દુ એકશો અઠાણું ભેદ દેવતાના જાણવા. ચારે ગતિના સર્વ મળીને ત્રેસઠ ભેદ જીવના જાણવા. ઈતિ જીવ તત્ત્વ સમાપ્ત ॥ ૧ ॥

બીજો અજીવતત્ત્વ કહે છે ॥ હવે પ્રથમ અજીવતત્ત્વના ચૌદ ભેદ કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.એ ત્રણ દ્રવ્યના એક એક દ્રવ્યના ત્રણ ત્રણ ભેદ થાય છે, તે કહે છે ॥ ધર્માસ્તિકાયનો સ્કંધ ॥૧॥ દેશ ॥૨॥ પ્રદેશ ॥ ૩ ॥ અધર્માસ્તિકાયનો સ્કંધ ॥ ૪ ॥ દેશ ॥ ૫ ॥ પ્રદેશ ॥૬॥ આકાશાસ્તિકાયનો સ્કંધ ॥૭॥ દેશ ॥૮॥ પ્રદેશ ॥૯॥ ને અદ્ધા સમયકાળ ॥૧૦॥ એ દશ ભેદ અરૂપી અજીવના કહ્યાં ॥ હવે પુદ્‌ગલાસ્તિકાયના ચાર ભેદ ॥ પુદ્‌ગલાસ્તિકાયનો સ્કંધ ॥ ૧ ॥ દેશ ॥ ૨ ॥ પ્રદેશ ॥ ૩ ॥ પરમાણુ પુદ્‌ગલ ॥ ૪ ॥ એ ચાર ભેદ રૂપી અજીવના કહ્યાં ॥ એવં કુલ ચૌદ ભેદ જાણવા ॥ હવે વ્યવહાર વિસ્તારનયે કરી ૫૬૦ ભેદ અજીવતત્ત્વના કહે છે ॥ તેમાં પ્રથમ ત્રીશ ભેદ અરૂપિ અજીવના કહે છે ॥ ધર્માસ્તિકાય દ્રવ્ય થકી

એક ॥ ક્ષેત્ર થકી લોક પ્રમાણે ॥ કાળ થકી અનાદિ અનંત ॥ ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ॥૪॥ ગુણ થકી ચલણ સહાય ॥ ૫ ॥ અધર્મા-સ્તિકાય દ્રવ્યથકી એક ॥૬॥ ક્ષેત્રથકી લોક પ્રમાણે ॥ ૭ ॥ કાળથકી આદિ અંત રહિત ॥ ૮ ॥ ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ॥ ૯ ॥ ગુણથકી સ્થીર સહાય ॥ ૧૦ ॥ આકાશાસ્તિકાય દ્રવ્ય થકી એક ॥ ૧૧ ॥ ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે ॥ ૧૨ ॥ કાળથકી અનાદિ અનંત ॥ ૧૩ ॥ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ॥ ૧૪ ॥ ગુણથકી અવગાહનાદાન તે વસ્તુનો સમાવવો ॥ ૧૫ ॥ હવે કાળ દ્રવ્યથકી અનેક ॥ ૧૬ ॥ ક્ષેત્ર થકી અઢીદ્વીપ પ્રમાણે ॥ ૧૭ ॥ કાળથકી અનાદિ અનંત ॥ ૧૮ ॥ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ॥ ૧૯ ॥ ગુણ થકી વર્તના લક્ષણ તે જીવઅજીવ ઉપર વર્તે છે ॥૨૦ ॥ આ વીશ ને પુર્વે દસ કહ્યા તે મળી ત્રીસ ભેદ અરૂપિ અજીવના જાણવા ॥ હવે ૫૩૦ ભેદ રૂપી અજીવના કહે છે ॥ તેમા પ્રથમ વર્ણ પાચ ॥ કાળો ॥ ૧ ॥ લીલો ॥ ૨ ॥ રાતો ॥૩॥ પીળો ॥૪॥ ધોળો ॥૫॥ એક એક વર્ણમાહે વીશ વીશ ભેદ લાભે તે કહેછે ॥ બે ગંધ ॥ પાચ રસ ॥ પચ સઠાણ ॥ આઠ ફરસ ॥ એવં વીશ ॥ તે પાચેના વીશ પંચાને સો થયા ॥ હવે ગધ બે ॥ સુરભિગંધ ને દુર્ભિગંધ ॥ એક એક ગંધમાંહે ત્રેવીસ ત્રેવીસ ભેદ લાભે

તે કહેછે ॥ પાચ વર્ણ ॥ પાચ રસ ॥ પાચ સઠાણુ ॥ આઠ ફરસ ॥ એવં તેવીશ દુ છેતાલીશ ભેદ બે ગંધના જાણુવા ॥ હવે પાચ રસ ॥ તીખો ॥ કડવો ॥ કસાયલો ॥ ખાટો ॥ મીઠો ॥ ૫ ॥ એક એક રસમાં વીશ વીશ ભેદ લ.ભે તે કહે છે ॥ પાચ વર્ણ ॥ બે ગંધ ॥ પાચ સંઠાણુ ॥ આઠ ફરસ ॥ એવ વીશ. તે પાચના વીશ પંચા સો ભેદ રસના જાણુવા ॥ હવે પાચ સંઠાણુ કહે છે ॥ પરિમં-ડળ સંઠાણુ ॥૧॥ વટ સંઠાણુ ॥૨॥ ત્ર્યંશસઠાણુ ॥૩॥ ચઉરંશ સંઠાણુ ॥ ૪ ॥ આયત સંઠાણુ ॥૫॥ એક એક સંઠાણુમાં વીશ વીશ ભેદ લાભે તે કહે છે ॥ પાંચ વર્ણ ॥ બે ગંધ ॥ પાંચ રસ ॥ આઠ ફરસ ॥ એવં વીશપંચા સો ભેદ સ-ઠાણુના જાણુવા ॥

હવે આઠ ફરસ કહે છે. ખરખરો ॥૧॥ સુવાળો (લીસો) ॥ ૨ ॥ ભારે ॥ ૩ ॥ હળવો ॥ ૪ ॥ ટાઢો ॥ ૫ ॥ ઉનો ॥ ૬ ॥ ચોપડયો ॥ ૭ ॥ લુખો ॥૮॥ એક એક ફરસમાં તેવીશ તેવીશ ભેદ લાભે તે કહે છે ॥ પાચ વર્ણ ॥ બે ગંધ ॥ પાચ રસ ॥ પાચ સઠાણુ ॥ છ ફરસ ॥ એવં તેવીશ ભેદ લાભે ॥ ખરખરામાં ખરખરો ને સુવાળો બે વર્જવા ॥ સુવાળામા સુવાળો ને ખરેખરો બે વર્જંવા ॥ ભારેમા હલકો ને ભારે વર્જવો ॥ હલકામાં ભારે ને હલકો વર્જવો ॥ ટાઢામાં ટાઢો ને ઉનો વર્જવો ॥ ઉનામાં પણુ એ બે વર્જવા ॥ લુખામાં લુખો ને ચોપડયો એ બે વર્જવા

॥ તેમાં ચોપડ્યામાં પણ એ બે વર્જવા ॥ એમ બબે ફરસ વર્જવા ॥ એમ એક ફરસના તેવીસ ભેદ પ્રમાણે આઠ ફરસના એકસો ચોરાસી ભેદ જાણવા ॥ પુર્વે કહ્યા તે ત્રીશ ભેદ અરૂપી અજીવના ॥ સો પાચ વર્ણના ॥ છેંતાળીશ બે ગંધના ॥ સો પાચ રસના ॥ સો પાંચ સંઠાણના ॥ એકસો ચોરાસી આઠ ફરસના ॥ કુલ મળીને ૫૬૦ ભેદ અજીવતત્ત્વના જાણવા ॥ ઇતિ અજીવતત્ત્વ સમાપ્ત ॥૨॥

હવે ત્રીજો પુણ્યતત્ત્વ કહે છે ॥ હવે તેમા નવ પ્રકારે પુણ્ય ઉપરાજે તે કહે છે ॥ અન્ન પુન્ને–તે અન આપવાથી ॥ ૧ ॥ પાણપુન્ને–તે પાણી વીગેરે આપવાથી ॥ ૨ ॥ લયણ પુન્ને–તે સાધુ મુનિરાજ આદેને જગ્યા દેવાથી ॥ ૩ ॥ સયણપુન્ને–તે શય્યા પાટ પ્રમુખ દેવાથી ॥ ૪ ॥ વત્થ પુન્ને–તે વસ્ત્ર આપવાથી ॥ ૫ ॥ મનપુન્ને ॥ ૬ ॥ વચનપુન્ને ॥ ૭ ॥ કાયપુન્ને ॥ ૮ ॥ નમસ્કારપુન્ને ॥ ૯ ॥ તેના શુભ ફળ બેંતાળીસ ભેદે ભોગવે તે કહે છે ॥ શાતા વેદનીય તે જેને ઉદયે જીવ શાતા પામે ॥ ૧ ॥ ઉંચ ગોત્ર તે ઉંચા કુળમા ઉપજે ॥ ૨ ॥ મનુષ્યગતિ ॥ ૩ ॥ મનુષ્યાનુપૂર્વિ ॥ ૪ ॥ દેવગતિ ॥ ૫ ॥ દેવાનુપૂર્વિ ॥ ૬ ॥ પંચેંદ્રિય જાતિ કે જેના ઉદયે પંચેંદ્રિયપણું પામે ॥ ૭ ॥ પાચ શરીર તે કહે છે ॥ ઉદારિક શરીર ॥ ૮ ॥ વૈક્રેય શરીર ॥ ૯ ॥ આહારક શરીર ॥ ૧૦ ॥ તેજસ શરીર ॥ ૧૧ ॥ કાર્મણ શરીર ॥ ૧૨ ॥ ઉદારિકના અંગ ઉપાંગ

॥ ૧૩ ॥ વૈક્રેયના અંગ ઉપાગ ॥ ૧૪ ॥ આહારકના અંગ ઉપાગ ॥ ૧૫ ॥ તેજસ્, કાર્મણને અગ ઉપાંગ નથી ॥ વજ્રઋષભનારાચ સંઘયણ તેનો અર્થ કહે છે. વજ્ર તે ખીલી, ઋષભ તે પાટો, નારાચ તે બે પાસાના મર્કટબંધ, પ્રથમ મર્કટબંધ, તે ઉપર પાટો, તે ઉપર ખીલી એવો હાડનો સમુદાય હોય તેને વજ્રઋષભનારાચસંઘયણ કહીએ ॥ ૧૬ ॥ સમ ચઉરશ સંઠાણ ॥ ૧૭ ॥ શુભ વર્ણ તે ધોળો, પીળો પ્રમુખ ॥ ૧૮ ॥ શુભ ગંધ તે સુરભિ ગંધ ॥ ૧૯ ॥ શુભ રસ ॥ ૨૦ ॥ શુભ સ્પર્શ ॥ ૨૧ ॥ અગુરૂ લઘુ નામ તે આકડાના કપાસની માફક શરીર હળવું નહિ ॥ તેમ લોહાના ગોળાની માફક ભારે પણ નહિ ॥ ૨૨ ॥ પરાઘાત નામ તે જેના ઉદયથી બળીયાને જીતે ॥ ૨૩ ॥ ઉશ્વાસ નામ તે શ્વાસોશ્વાસ સુખે લે ને મુકે તે ॥ ૨૪ ॥ આતાપ નામ તે સૂર્યની માફક તેજ લાગે તે ॥ ૨૫ ॥ ઉદ્યોત નામ તે ચંદ્રમાની માફક પ્રકાશવંત થવું તે ॥ ૨૬ ॥ શુભ ચાલવાની ગતિ ॥ ૨૭ ॥ નિર્માણ નામ તે અંગના અવયવને ઠેકાણે બેસાડવું તે ॥ ૨૮ ॥ ત્રસ નામ ॥ ૨૯ ॥ બાદર નામ ॥ ૩૦ ॥ પ્રજાસા નામ ॥ ૩૧ ॥ પ્રત્યેક નામ ॥ ૩૨ ॥ સ્થિર નામ ॥ ૩૩ ॥ શુભ નામ ॥ ૩૪ ॥ સૌભાગ્ય નામ ॥ ૩૫ ॥ સુસ્વર નામ ॥ ૩૬ ॥ આદેય નામ ॥ ૩૭ ॥ જસોકીર્તિ નામ ॥ ૩૮ ॥ દેવતાનું આઉખું ॥ ૩૯ ॥ મનુષ્યનું આઉખું ॥ ૪૦ ॥ તિર્યંચનું આઉખું જુ-

ગલવત્ ॥ ૪૧ ॥ તીર્થંકર નામ કર્મ ॥ ૪૨ ॥ એવં બેં-તાળીશ ભેદ પુણ્ય તત્ત્વના જાણવા ॥ પુણ્ય તે આત્માને પવિત્ર કરે ॥ ધર્મની સહાય દે ॥ ચૌદમા ગુણઠાણા સુધી પુણ્ય છે ॥ તે વોળાવા રૂપ જાણવો ॥ પુણ્યથી મળેલ શુભ ભોગ તથા પાંચ ઇંદ્રિયોનો વિષય, તેમાં તલ્લીન થઈ રાચવું નહિ; પણ તે ભોગ છાંડવા યોગ્ય છે ॥ ઇતિ પુણ્યતત્ત્વ સમાપ્ત ॥ ૩ ॥

હવે ચોથો પાપતત્ત્વ કહે છે. અઢાર પ્રકારે પાપ ઉપરાજે ॥ પ્રાણાતિપાત–જીવની હિંસા કરવાથી ॥ ૧ ॥ મૃષાવાદ–જુઠુ બોલવું તે ॥ ૨ ॥ અદત્તાદાન–ચોરી કરવી તે ॥ ૩ ॥ મૈથુન–સ્ત્રી સેવવી તે ॥ ૪ ॥ પરિગ્રહ–તે પૈસો વગેરે એકઠો કરી રાખવો તે ॥ ૫ ॥ ક્રોધ ॥ ૬ ॥ માન ॥ ૭ ॥ માયા–કપટ કરવું તે ॥ ૮ ॥ લોભ ॥ ૯ ॥ રાગ ॥ ૧૦ ॥ દ્વેષ ॥ ૧૧ ॥ કલહ ॥ ૧૨ ॥ અભ્યાખાન–આળ ચડાવવુ તે ॥ ૧૩ ॥ પૈશૂન્ય–ચાડી ખાવી તે ॥ ૧૪ ॥ પર-પરિવાદ–અવરણવાદ બોલવા તે ॥ ૧૫ ॥ અરઈરઈ–ધર્મમાં અરતિ ને પાપમાં રતિ તે ॥ ૧૬ ॥ માયામોસો–કપટ સહિત જુઠું બોલવું તે ॥ ૧૭ ॥ મિચ્છાદંસણસલ્લ–ખોટું દેખવું, સરધવું તે શલ્ય, ॥ ૧૮ ॥ એ અઢાર સ્થાનકે પાપ ઉપરાજે તેના અશુભ ફળ બ્યાસી પ્રકારે ભોગવે તે કહે છે ॥ મતિ જ્ઞાનાવરણીય ॥ ૧ ॥ શ્રુત જ્ઞાનાવરણિય ॥ ૨ ॥ અવધિ જ્ઞાના-વરણિય ॥૩॥ મનઃપર્યવ જ્ઞાનાવરણીય ॥ ૪ ॥ કેવળ જ્ઞાના-

વરણીય ॥ ૫ ॥ એ પાંચને ઢાકનાર તે જ્ઞાનાવરણી કહેવાય ॥ દાનાતરાય ॥ ૬ ॥ લાભાંતરાય ॥ ૭ ॥ ભોગાંતરાય ॥ ૮ ॥ ઉપભોગાતરાય ॥ ૯ ॥ વીર્યાતરાય ॥ ૧૦ ॥ નિદ્રા ॥ ૧૧ ॥ નિદ્રા નિદ્રા ॥ ૧૨ ॥ પ્રચલા ॥ ૧૩ ॥ પ્રચલા પ્રચલા ॥ ૧૪ ॥ થિણદ્ધી નિદ્રા ॥ ૧૫ ॥ ચક્ષુ દર્શનાવરણીય ॥ ૧૬ ॥ અચક્ષુ દર્શનાવરણીય ॥ ૧૭ ॥ અવધિ દર્શનાવરણીય ॥ ૧૮ ॥ કેવળ દર્શનાવરણીય ॥ ૧૯ ॥ નીચ ગોત્ર ॥ ૨૦ ॥ અસાતાવેદનીય ॥ ૨૧ ॥ મિથ્યાત્વમોહનીય ॥ ૨૨ ॥ સ્થાવરપણું ॥ ૨૩ ॥ સૂક્ષ્મપણું ॥ ૨૪ ॥ અપ્રજાસાપણું ॥ ૨૫ ॥ સાધારણપણું ॥ ૨૬ ॥ અસ્થિર નામ ॥ ૨૭ ॥ અશુભ નામ ॥ ૨૮ ॥ દુર્ભાગ્ય નામ ॥ ૨૯ ॥ દુસ્વર નામ ॥ ૩૦ ॥ અનાદેય નામ ॥ ૩૧ ॥ અજશો કીર્ત્તિ નામ ॥ ૩૨ ॥ નરકની ગતિ ॥ ૩૩ ॥ નરકનુ આઉખું ॥ ૩૪ ॥ નરકાનુપૂરવી ॥ ૩૫ ॥ અનંતાનુંબંધિ (જેના બંધનો છેડો ન આવે તે) ॥ ૩૬ ॥ માન ॥ ૩૭ ॥ માયા ॥ ॥૩૮॥ લોભ ॥૩૯॥ અપ્રત્યાખ્યાની ક્રોધ ॥ ૪૦ ॥ માન ॥ ૪૧ ॥ માયા ॥ ૪૨ ॥ લોભ ॥ ૪૩ ॥ પચ્ચખાણાવરણીય ક્રોધ ॥ ૪૪ ॥ માન ॥ ૪૫ ॥ માયા ॥ ૪૬ ॥ લોભ ॥ ૪૭ ॥ સંજવળનનો ક્રોધ ॥ ૪૮ ॥ માન ॥ ૪૯ ॥ માયા ॥૫૦॥ લોભ ॥ ૫૧ ॥ હાસ્ય ॥ ૫૨ ॥ રતિ ॥ ૫૩ ॥ અરતિ ॥ ૫૪ ॥ ભય ॥ ૫૫ ॥ શોક ॥ ૫૬ ॥ દુગંચ્છા ॥ ૫૭ ॥ સ્ત્રીવેદ ॥ ૫૮ ॥ પુરૂષવેદ ॥ ૫૯ ॥ નપુંસકવેદ ॥ ૬૦ ॥ તિર્યંચની ગતિ

॥ ૬૧॥ તિર્યંચાનુપૂરવી ॥ ૬૨ ॥ એકેંદ્રિયપણું॥ ૬૪ ॥ બેઇ- દ્રિયપણું ॥૬૪॥ તેઇદ્રિયપણુ ॥૬૫॥ ચઉરિદ્રિયપણુ ॥૬૬॥ અશુભ ચાલવાની ગતિ ॥૬૭॥ ઉપઘાત નામ ॥૬૮॥ અશુભ વર્ણ ॥ ૬૯ ॥ અશુભ ગંધ ॥૭૦ ॥ અશુભ રસ ॥૭૧॥ અશુભ સ્પર્શ ॥ ૭૨ ॥ ઋષભનારાચસંઘયણુ—તે બે પાસે મર્કટબંધ હોય ॥ ૭૩ ॥ નારાચ—તે મર્કટબંધ એકલો હોય ॥ ૭૪ ॥ અર્ધ નારાચ—તે એક પાસે મર્કટબંધ ॥ ૭૫ ॥ કીલકૂ સંઘણુ—તે હાડ માંહોમાહે એક ખીલીનો બંધ ॥ ૭૬ ॥ છેવટું સંઘયણુ—તે ખીલી રહિત હોય ॥ ૭૭ ॥ નિગોહપ- રિમંડળ સંઠાણુ ॥ ૭૮ ॥ સાદિ સંઠાણુ ॥ ૭૯ ॥ વામન સંઠાણુ ॥ ૮૦ ॥ કુબ્જ સંઠાણુ ॥ ૮૧ ॥ હુંડ સંઠાણુ ॥ ૮૨ ॥ એ બ્યાસી ભેદ પાપતત્ત્વના જાણવા. પાપે કરી આત્મા મેલો થાય તેથી ઘણા અશુભ કર્મ બંધાય, ઘણાંજ દુઃખ ભોગવતો ચાર ગતિમાં ગોથા ખાય ॥ ઇતિ પાપ- તત્ત્વ સમાપ્ત ॥ ૪ ॥

હવે પાચમો **આશ્રવતત્ત્વ** કહે છે—તેના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે ॥ મિથ્યાત્વ તે આશ્રવ ॥ ૧ ॥ અવ્રત તે આશ્રવ ॥ ૨ ॥ પ્રમાદ તે આશ્રવ ॥ ૩ ॥ કષાય તે આશ્રવ ॥ ૪ ॥ અશુભ જોગ તે આશ્રવ ॥ ૫ ॥ પ્રા- ણાતિપાત તે આશ્રવ ॥ ૬ ॥ મૃષાવાદ તે આશ્રવ ॥ ૭ ॥ અદત્તાદાન તે આશ્રવ ॥ ૮ ॥ મૈથુન તે આશ્રવ ॥ ૯ ॥ પરિગ્રહ તે આશ્રવ ॥ ૧૦ ॥ શ્રોતેંદ્રિય અસંવરે તે આશ્રવ

॥ ૧૧ ॥ ચક્ષુઇંદ્રિય અસંવરે તે આશ્રવ ॥ ૧૨ ॥ ઘ્રાણેં-દ્રિય અસંવરે તે આશ્રવ ॥ ૧૩ ॥ રસેંદ્રિય અસંવરે તે આશ્રવ ॥ ૧૪ ॥ સ્પર્શેંદ્રિય અસંવરે તે આશ્રવ ॥ ૧૫ ॥ મન અસંવરે તે આશ્રવ ॥ ૧૬ ॥ વચન અસંવરે તે આશ્રવ ॥ ૧૭ ॥ કાયા અસંવરે તે આશ્રવ ॥ ૧૮ ॥ ભંડ ઉપગ-રણુ અજતનાએ લે મુકે તે આશ્રવ ॥ ૧૯ ॥ શુચિ કુસગ કરે તે આશ્રવ ॥ ૨૦ ॥ સુચી એટલે સોય ને કુસગ એટલે ડાભડાની અણી તે હાંસી નિમિત્તે દ્વેષે કરીને બી-જાને અડાડે તે આશ્રવ. એ વીશ ભેદ આશ્રવના સામાન્ય પ્રકારે કહ્યા ॥ હવે વિશેષે બેંતાલીસ ભેદ કહે છે ॥ પાંચ આશ્રવ ॥ પાચ ઇંદ્રિય ॥ ચાર કષાય ॥ ત્રણુ અશુભ જોગ ॥ એવં સત્તર ॥ હવે પચીસ ક્રિયા કહે છે. કાઇયાએ તે કાયાને અજતનાએ પ્રવર્તાવતાં જે ક્રિયા લાગે તે ॥ ૧ ॥ અહિગરણિયા—ખડ્ગાદિક અધિકરણે જીવ હણાય તે ॥ ૨ ॥ પાઉસિઆ જીવ અજીવ ઉપર દ્વેષની ચિંતવના કરવી તે ॥ ૩ ॥ પારિતાવણિયા—પોતાને તથા પરને પરિતાપ ઉ-પજાવવો તે ॥૪॥ પાણાઇવાય—એકેંદ્રિય આદિ જીવને હણવું, હણાવવું તે ॥ ૫ ॥ આરંભિયા—કૃષિ પ્રમુખ આરંભ કર-તા લાગે તે ॥ ૬ ॥ પરિગહિયા—ધન, ધાન્યાદિક નવવિધ પરિગ્રહ મેળવતાં તથા તેના ઉપર મુચ્છી ધરતા લાગે તે ॥ ૭ ॥ માયાવત્તીયા—માયાએ પરને ઠગતા લાગે તે ॥૮॥ અપચ્ચખાણુ વત્તિયા—પચ્ચખાણુ કીધા વગર, અવતિ

રહ્યા થકાં સર્વ વસ્તુની ક્રિયા લાગે તે ॥ ૯ ॥ મિચ્છા-દંસણુવત્તિયા–જીનવચન અણુસદ્દહતો વિપરિત પરૂપણા કરતા લાગે તે ॥ ૧૦ ॥ દિટ્ઠિયા–કૌતુક વસે હર કોઈ જોણું જોતા લાગે તે દૃષ્ટિની ક્રિયા ॥ ૧૧ ॥ પુઠિયા–પુરૂષ, સ્ત્રી, ગાય, બળદ, વસ્ત્ર પ્રમુખ સુકુમાળ વસ્તુનો સ્પર્શ કરતા લાગે તે ॥ ૧૨ ॥ પાડુચ્ચિયા–બીજાને ઘેર હાથી ઘોડા આભરણ વસ્ત્ર પ્રમુખ દેખી દ્વેષ ધરે જે એ વસ્તુ એની પાસે કેમ એમ ચિંતવતા લાગે તે ॥ ૧૩ ॥ સામંતોવ-ણીયા–પોતાને ઘેર ઘોડા પ્રમુખ જોવા લોક આવે તે વખાણે ત્યારે ખુશી થાય અથવા દહીં, દુધ, ઘી, તેલ પ્રમુખના ઠામ ઉઘાડા રાખે તેમાં જીવ મરતા લાગે તે ॥ ૧૪ ॥ નેસત્થિયા–રાજાનો અધિકારી થકો વાવ, કુવા ખોદાવતાં ને હથીયાર ઘડાવતાં લાગે તે ॥ ૧૫ ॥ સાહત્થિયા–પોતાને હાથે જીવ વિણાસે તથા ચિત્રા કુતરા પાસે જીવ હણાવતાં લાગે તે ॥ ૧૬ ॥ આણુવણિયા–આજ્ઞા દીધે ક્રિયા બેસે તે ॥ ૧૭ ॥ વિદારણિયા-જીવ અજીવ વિદારણ કરતાં લાગે તે ॥ ૧૮ ॥ અણાભોગી–કામ વગર વસ્તુને લેવો તથા મુકવો તથા હિંડતાં, બેસતાં લાગે તે ॥ ૧૯ ॥ અણુવ-કંખવતિયા–આ લોક તથા પરલોક વિરૂદ્ધ કામ આચરતા લાગે તે ॥ ૨૦ ॥ અનાપઉગી–આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન ચિંતવે કર્મ બાંધે તે ॥ ૨૧ ॥ સામુદાણી–ઘણાં મળી એવું મોટું પાપ કરે કે જેથી આઠ કર્મનો બંધ એકઠો બાંધે

તે ॥ ૨૧ ॥ પેજવતિયા–પ્રેમના વચન એવા બોલે કે જેથી અધિકો રાગ વધે તે ॥ ૨૩ ॥ હોસવતિયા–અહંકારી થઈ ગર્વના વચન બોલે જેથી આગલાને દ્વેષ ઉપજે તે ॥ ૨૪ ॥ ઇરિયાવહિયાક્રિયા–કષાય રહિત કેવળ કાયજોગ પ્રવર્તાવતે લાગે તે ઇરિયાવહિયા કહેતા પંથનીક્રિયા તે અપ્રમત સાધુને તથા કેવળીને પણ હોય ॥ ૨૫ ॥ એવ પચીસ ને સત્તર પૂર્વે કહ્યા તે કુલ બેંતાલીસ ભેદ જાણવા ॥ આશ્રવ તે જીવને કર્મ ચાલ્યા આવે તે ॥ કેવી રીતે ? જેમ કુટેલ નાવામા પાણી આવે ને પાણીરૂપ પ્રવાહથી વહાણુ ભરાઈને ભારે થાય તેમ કર્મરૂપ પ્રવાહથી જીવ ભારેકર્મી થઈ ચાર ગતિમાં રખડે ॥ ઇતિ આશ્રવ તત્ત્વ સમાપ્ત ॥૫॥

હવે છઠો **સંવર** તત્ત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે ॥ સમકિત તે સંવર ॥ ૧ ॥ વ્રત પચ્ચખાણુ–તે સંવર ॥ ૨ ॥ અપ્રમાદ તે સંવર ॥ ૩ ॥ અકષાય તે સંવર ॥ ૪ ॥ શુભજોગ તે સવર ॥ ૫ ॥ જીવ દયા પાળવી તે સંવર ॥ ૬ ॥ સત્યવચન બોલવુ તે સંવર ॥ ૭ ॥ દત્તવ્રત ગ્રહણુ કરવુ તે સંવર ॥ ૮ ॥ શીયળ પાળવું તે સંવર ॥ ૯ ॥ અપરિગ્રહ તે સંવર ॥ ૧૦ ॥ ઇદ્રિય પાંચ ને જોગ ત્રણુ એ આઠનું સવરવુ તે સંવર એવં અઢાર ॥ ભંડ ઉપગરણુ જતનાએ લે મુકે તે સંવર ॥ ૧૯ ॥ શુચિકુસગ્ગ ન કરે તે સંવર ॥ ૨૦ ॥ એ વીશ ભેદ જાણવા ॥

હવે વિશેષે સત્તાવન ભેદે સંવર કહે છે ॥ ઇરિયા-

સમિતિ તે ઉપયોગ સહિત જતનાએ ચાલવું ॥ ૧ ॥ ભા-
ષાસમિતિ–તે નિર્દોષ ભાષા બોલવી ॥ ૨ ॥ એસણા સમિતિ
નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, પાત્રની ગવેષણા કરવી તે.
॥ ૩ ॥ આયાણભંડમત્ત નિખેવણા સમિતિ–જતનાએ પુંજી
વસ્તુ લેવી મુકવી તે ॥ ૪ ॥ ઉચ્ચારપાસવણખેલજલ સઘાણ
પારિઠાવણીયા સમિતિ–વડિનીત, લઘુનીત, બળખો, મેલ
પ્રમુખ જતનાએ પુજીને પરઠવવા તે ॥ ૫ ॥ એ પાંચ
સમિતિ માઠે ધ્યાને કરી ઉપજેલ કલ્પનાજાળને ટાળવી
॥ ધર્મધ્યાને કરી મધ્યસ્થ પરિણામ કરવો ॥ સર્વથા મનને
રોકવો ॥ તેરમા ગુણઠાણાને અતે લાવવો ॥ એ ત્રણ પ્રકારે
મન ગોપવવુ તે મનગુપ્તિ ॥ ૧ ॥ હાથ પ્રમુખની સંજ્ઞા ન
કરે એવો મૌનપણો ॥ યાચના પ્રમુખકાર્યે પણ મુખે જતના
રાખી બોલે તથા સર્વથા વચનરોધ જતનાએ બોલવું તે
વચનગુપ્તિ ॥ ૨ ॥ પરિસ્સહ ઉપજે તોપણ કાયા સ્થિર
રાખવી અથવા યોગ નિરૂદ્ધવસ્થાએ સર્વથા શરીર ચેષ્ટા
તજવી ॥ આસન શયન પ્રમુખને વિષે સૂત્રોક્ત વિધિએ
ચેષ્ટાનો નિયમ તે કાયગુપ્તિ. એ ત્રણ ગુપ્તિ ને પાંચ સમિતિ
એ આઠ પ્રવચન આદરવાજોગ છે.

હવે બાવીસ પરીસ્સહ કહે છે ॥ ભુખ લાગે તે ખમે
ને આહારની ઇચ્છા ન કરે તે ક્ષુધા પરિસ્સહ ॥ ૧ ॥
તરશ ખમે તે તૃષાનો પરિસ્સહ ॥ ૨ ॥ ટાઢ સહન કરે
તે ટાઢનો પરિસ્સહ ॥ ૩ ॥ તાપ ખમે તે તાપનો પરિસ્સહ

॥૪॥ ડાંસ મચ્છર જું પ્રમુખ ચટકા ભરે ને ખમે તે ડંસ પરિસ્સહ ॥ ૪ ॥ વસ્ત્રને અભાવે મેલા ફાટયાં વસ્ત્ર ધરતે છતે દીનપણું ન કરે અથવા વસ્ત્રનું પ્રમાણ તે અચેલનો પરિસ્સહ ॥ ૬ ॥ સંજમને વિષે ખેદ તે અરતિનો પરિસ્સહ ॥ ૭ ॥ રૂપવંત સ્ત્રી દેખીને ક્ષોભ પામે નહિ તે સ્ત્રીનો પરિસ્સહ ॥ ૮॥ વિહાર કરતા ખેદ પામે નહિ તે ચરિયાનો પરિસ્સહ ॥ ૯ ॥ શ્મશાનમાં તથા જૂના ઘરમા રહેતા ખેદ ન પામે તે બેસવાનો પરિસહ ॥ ૧૦ ॥ સુતાની જગ્યા ખરાબ હોય તો પણ ખેદ પામે નહિ તે સેજ્જા પરિસહ ॥ ૧૧ ॥ કોઈ તિરસ્કારના વચન કહે તો પણ રીસ ન કરે તે આક્રોશ વચનનો પરિસ્સહ ॥ ૧૨ ॥ કોઇ પ્રહાર કરે તેના ઉપર દ્વેષ ન કરે તે વધનો પરિસહ ॥ ૧૨ ॥ કોઈ ગૃહસ્થ પાસે યાચના કરતા ન આપે અથવા આપતાં સં-કોચ કરે તો પણ પોતે ગૃહસ્થપણું ન વાંચ્છે તે યાચનાનો પરિસ્સહ ॥ ૧૪॥ ગોચરી ગયાથકા શુદ્ધ આહાર વસ્ત્રાદિક ન પામે તે અલાભનો પરિસ્સહ ॥ ૧૫ ॥ રોગાદિક વેદ-નાએ પીડાતા દીનપણું ન કરે ને ચિકિત્સા પણ ન કરે તે રોગનો પરિસ્સહ ॥ ૧૬ ॥ સંસ્થારામાં ડાભ પ્રમુખના તરણા લાગતા અસમાધિ ન કરે તે તૃણ સ્પર્શનો પરિસ્સહ ॥૧૭॥ મેલ ઉપજે ને સ્નાનાદિક ન વછે તે મેલનો પરિસ્સહ ॥૧૮॥ કોઇ વાંદે પૂજે તો અહંકાર ન આણે ને કોઇ ન વાંદે તો દીલગીર ન થાય તે સત્કાર પુરસ્કારનો પરિસહ

॥ ૧૯ ॥ ઘણી બુદ્ધિ છતાં ગર્વ ન કરે, વિનય ન ચૂકે તે પ્રજ્ઞાનો પરિસ્સહ ॥ ૨૦ ॥ ભણતર ન આવડે તોય ભણવું ન મૂકે ને ઘણું આવડે તો છળ છળિઓ ન થાય તે અજ્ઞાનનો પરિસ્સહ ॥ ૨૧ ॥ જીનમતના સૂક્ષ્મ વિચાર સાંભળી સંદેહ આણે અને પરદર્શનિની ઉન્નતિ તથા કષ્ટાદિક ક્રિયા દેખી મૂઢ દ્રષ્ટિ ન થાય તે દંશણનો પરિસ્સહ ॥૨૨॥ એ બાવીસ પરીસ્સહ ને પૂર્વે આઠ કહ્યા તે એવં ત્રીશ ॥ દસ પ્રકારે યતિ ધર્મ તે કહે છે ॥ ખંતિ-ક્ષમાધર્મ તે ક્રોધનો અભાવ ॥૧॥ મુત્તિ–મુક્તિધર્મ તે નિર્લોભતા ॥ ૨ ॥ **અજ્જવે**–આર્યધર્મ તે માયાનો ત્યાગ ॥ ૩ ॥ **મદ્દવે**–માર્દવધર્મ તે માનનો ત્યાગ ॥ ૪ ॥ **લાઘવે**–હળવાપણું તે અલ્પ ઉપગરણ ॥ ૫ ॥ **સચ્ચે**–સત્યધર્મ તે સાચું બોલવું ॥ ૬ ॥ **સંજમે**–સંજમ ધર્મ તે સત્તરે ભેદે સંજમ પાળવો ॥ ૭ ॥ **તવે**–તપધર્મ તે ઈચ્છાનિરોધ ॥ ૮ ॥ **ચિયાએ**–ચોરીનો ત્યાગ કરવો તે ॥ ૯ ॥ **બંભચેરવાસે**–બ્રહ્મચર્ય ધર્મ તે મૈથુનનો ત્યાગ ॥ ૧૦ ॥ એ દસ પ્રકારે યતિધર્મ આરાધવો ॥ એ દસ ને આગળ ત્રીશ મળી કુલ ચાલીસ ભેદ થયા ॥ બાર ભાવના ભાવવી તે કહે છે ॥ લક્ષ્મી, કુટુંબ પરિવાર, યોવન, આઉખું એ અનિત્ય છે એમ ભાવવુ તે **અનિત્ય ભાવના** ॥ ૧ ॥ ધન કુટુંબાદિક મરણ આવે કોઇને શરણભુત નથી એમ ભાવવુ તે **અશરણ ભાવના** ॥ ૨ ॥ સંસારના સર્વ ભાવ આ જીવે અનુભવ્યા એમ ભાવવું તે

સંસાર ભાવના ॥ ૩ ॥ જીવ એકલો આવ્યો, એકલો જાશે, સુખ દુઃખ એકલો ભોગવશે પણ કોઇ સખાઈ થશે નહિ એમ ભાવવુ તે એકત્વ ભાવના ॥ ૪॥ આત્મા જ્ઞાન સ્વરૂપી અને શરીરાદિક જડરૂપ છે માટે આત્મા શરીરથી જુદો છે એમ ભાવવુ તે અન્યત્વ ભાવના ॥ ૫ ॥ કાયા જે લોહી, રસ, માસ પ્રમુખ અશુચિથી ભરેલી છે ને તેમાં નવ દ્વાર વહેતાં રહેલા છે, તે કાયા કદી પણ પવિત્ર છે નહીં એમ ભાવવું તે અશુચિ ભાવના ॥ ૬ ॥ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એણે કરી અશુભ કર્મ બંધાય છે, એમ ભાવવું તે આશ્રવ ભાવના ॥ ૭ ॥ મિથ્યાત્વાદિક આશ્રવનું સંવરવુ તે સંવર ભાવના ॥ ૮ ॥ બારે ભેદે તપશ્ચર્યાએ કરી કર્મનું ઝરવું તે નિર્જરા ભાવના ॥૯॥ લોકનું સ્વરૂપ ચિતવવું તથા તેમાં આપણો જીવ સર્વ ઠેકાણે અનંતિવાર ઉપન્યો એમ ભાવવું તે લોક ભાવના ॥ ૧૦ ॥ સમકિત પામવું દુર્લભ છે એમ ભાવવું તે બોધિ ભાવના ॥૧૧॥ ધર્મ પમાડનાર અને સંસારથી છોડાવનાર અરિહંત તથા સાધુ છે એમ ભાવવું તે ધર્મ ભાવના ॥ ૧૨ ॥ એવ બાર ને પૂર્વે ચાળીસ કહ્યા તે કુલ બાવન ભેદ થયા ॥ હવે પાંચ ચારિત્ર કહે છે ॥ આત્માને સમભાવે રાખવો જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ તે સામાયિક ચારિત્ર ॥ ૧ ॥ ફરીને ઉપસ્થાન કરવું, ફરી બીજી દીક્ષા દેવી તે છેદોપસ્થાપનિય ચારિત્ર ॥ ૨ ॥ ગચ્છથી

બહાર નવ જણા નિકળીને તપ કરે તે પ રહારવિશુધ્ધ ચારિત્ર તેની વિધિ સૂત્રથી જાણવી ॥ ૩ ॥ થોડુંક કષાય રહેલ એવો ચારિત્ર તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર ॥ ૪ ॥ જેવું સૂત્રમાં કહ્યું છે તેવું પાળવું તે જથાખ્યાત ચારિત્ર ॥ ૫ ॥ એ પાચ ને પૂર્વે કહ્યા તે બાવન એમ કુલ સત્તાવન ભેદ સંવર તત્વના જાણવા ॥ ૬ ॥

હવે સાતમો નિર્જરા તત્ત્વ કહે છે ॥ હવે નિર્જરા તત્વના છ બાહ્ય ને છ અભ્યંતર એવા બાર ભેદ છે ॥ છ બાહ્ય કહે છે ॥ અણુસણુ તે આહારનો ત્યાગ તેના બે ભેદ છે. એક નોકારસીથી માંડી છમાસી તપ સુધી ને બીજો જાવજીવ લગણુ. તેના ઘણા પ્રકાર છે ॥ ॥ ૧ ॥ ઉણોદરી તપ તે ઉણો પેટ રાખવો તેના બે ભેદ છે. દ્રવ્ય ઉણોદરી તે પાણી તથા ઉપગરણુ અલ્પ રાખવા ને બીજો ભાવ ઉણોદરી તે ક્રોધાદિક ઓછા કરવા ॥ ૨ ॥ વૃત્તિસંક્ષેપ તપ તે ચાર ભેદે. અભિગ્રહ ધારવા ॥ દ્રવ્યથી ॥ ૧ ॥ ક્ષેત્રથી ॥ ૨ ॥ કાળથી ॥ ૩ ॥ ભાવથી ॥ ૪ ॥૩॥ રસ પરિત્યાગ તે નીમી, આયંબીલ કરવો તથા છવીસ વિગયમાથી હરકોઈ વિગયનો ત્યાગ કરવો તે ॥ ૪ ॥ કાયકલેશ તપ તે લોચ કરાવતા આતાપના લેવી, કાઉસગ્ગ કરવો વિગેરે ॥૫॥ પડિસંલિનતા તપ તે ચારે ભેદે ઇંદ્રિય, કષાય, યોગ એ ત્રણુનું રોધવું ને ચોથું એકાત વસ્તિએ રહેવું તે ॥ ૬ ॥ હવે અભ્યતર તપના છ ભેદ કહે છે ॥

પ્રાયશ્ચિત્ત ॥ ૧ ॥ વિનય ॥ ૨ ॥ વૈયાવચ્ચ ॥ ૩ ॥ સજ્ઝાય ॥ ૪ ॥ ધ્યાન ॥ ૫ ॥ કાયોત્સર્ગ તપ. તે એક ધ્યાને કાઉસગ્ગ કરવો ઇત્યાદિ ॥ ૬ ॥ એ છ ભેદ અભ્યંતરના. કુલ બાર ભેદ થયા. એ બાર ભેદે તપશ્ચર્યા કરતા નિર્જરા થાય ॥ ઇતિ નિર્જરા તત્ત્વ સમાપ્ત ॥૭॥

હવે આઠમો બંધતત્ત્વ કહે છે ॥ બધતત્ત્વના ચાર ભેદ ॥ પ્રકૃતિબંધ ॥ ૧ ॥ સ્થિતીબંધ ॥ ૨ ॥ અનુભાગબંધ ॥ ૩ ॥ પ્રદેશબંધ ॥ ૪ ॥ પ્રકૃતિબધ તે કર્મનો સ્વભાવ તથા પરિણામ તે આઠ પ્રકારે કહે છે ॥ જ્ઞાનાવરણીય કર્મ તેણે અનંતો જ્ઞાનગુણ રોકયો છે ॥ ૧ ॥ દર્શનાવરણીય કર્મ તેણે અનંત દર્શન ગુણ રોકયો છે ॥ ૨ ॥ વેદનીય કર્મ તેણે અનત આત્મિક સુખ ગુણ રોકયો છે. ॥ ૩ ॥ મોહનીય કર્મ તેણે ક્ષાયક સમકિત તથા જથાખ્યાત ચારિત્ર ગુણ રોકયો છે ॥ ૪ ॥ આયુષ્ય કર્મ તેણે અક્ષયસ્થિતિ ગુણ રોકયો છે ॥ ૫ ॥ નામ કર્મ તેણે અમૂર્તિ ગુણ રોકયો છે ॥ ૬ ॥ ગોત્રકર્મ તેણે અગુરૂ લઘુ ગુણ રોકયો છે ॥ ૭ ॥ અંતરાય કર્મ તેણે અનંત આત્મિક શક્તિ ગુણ રોકયો છે ॥ ૮ ॥ એ આઠ કર્મનો જુદો જુદો સ્વભાવ છે ॥ હવે સ્થિતિબંધ તે આઠ કર્મની જેટલી સ્થિતિ છે તેટલી બાંધે ॥ જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય એ ચાર કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટિ ત્રીશ કોડાકોડ સાગરોપમની ॥ મોહનીય

કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટિ સીતેર કોડાકોડ સાગરોપમની છે ॥ આયુષ્ય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટિ તેત્રીસ સાગરોપમની છે ॥ નામ ને ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્ત્તની ઉત્કૃષ્ટિ વીશ કોડાકોડ સાગરોપમની છે ॥ એ સ્થિતિબંધ જાણવો ॥ અનુભાગ બંધ તે રસ, તીવ્ર મંદ રસાદિકર્મનો ॥ તે સુખ દુઃખ વિગેરે પ્રગટપણે ભોગવવું અથવા અનુભવવું ॥ પ્રદેશબંધ તે કર્મ પુદ્ગળના દળ તે આત્મા સઘાતે પ્રદેશે બંધાણા છે, તે ભોગવીને આત્માના પ્રદેશથી દૂર થાય તે ॥ એ ચાર બંધનો સ્વરૂપ મોદકના દ્દષ્ટાંતે કહે છે ॥ જેમ કોઇ મોદક ઘણા પ્રકારના દ્રવ્યને સંજોગે નીપનો, વાયુ, પીત્ત, કફને જેણે સ્વરૂપે કરી હણે તેને સ્વભાવ કહીએ ॥ ૧ ॥ તેજ મોદક પક્ષ, માસ, બેમાસ સુધી તેજ સ્વરૂપે રહે તે સ્થિતિબંધ ॥ ૨ ॥ તેજ મોદક તીખો, કડવો, કસાયલો, ખાટો, મીઠો હોય તેને રસ કહીએ ॥ ૩ ॥ તેજ મોદક અલ્પ દળનો નીપનો તે નાનો હોય ઘણા દળનો નીપનો એટલે મોટો હોય તેને પ્રદેશ બંધ કહીએ ॥ ૪॥ એણી રીત કર્મનો બંધ જાણવો. ઇતિ બંધ તત્ત્વ સમાપ્ત ॥૮॥

હવે **મોક્ષ તત્ત્વ** કહે છે ॥ મોક્ષ તત્ત્વના ૫ન્દર ભેદે સિદ્ધ થાય તે કહે છે ॥ તીર્થસિદ્ધા ॥ ૧ ॥ અતીર્થસિદ્ધા ॥ ૨ ॥ તીર્થંકરસિદ્ધા ॥ ૩ ॥ અતીર્થંકરસિદ્ધા ॥૪॥ સ્વલીંગસિદ્ધા ॥ ૫ ॥ અન્યલીંગસિદ્ધા ॥ ૬ ॥ ગૃહસ્થલીંગ-

સિદ્ધા ॥ ૭ ॥ સ્રીલીંગસિદ્ધા ॥ ૮ ॥ પુરૂષલીંગસિદ્ધા ॥ ૯ ॥ નપુસકલીંગ સિદ્ધા ॥ ૧૦ ॥ સ્વયબુદ્ધ સિદ્ધા ॥ ૧૧ ॥ પ્રત્યેક્બુદ્ધસિદ્ધા ॥ ૧૨ ॥ બુદ્ધબોહિસિદ્ધા ॥ ૧૩ ॥ એક-સિદ્ધા ॥ ૧૪ ॥ અનેકસિદ્ધા ॥ ૧૫ ॥ એ ૫ દરે ભેદે સિદ્ધ થાય તથા ચાર પ્રકારે જીવ મોક્ષ જાય ॥ જ્ઞાને કરી, દર્શને કરી, ચારિત્રે કરી, તપે કરી. હવે મોક્ષના નવ દ્વાર કહે છે ॥ સદ્પદ પરૂપણા તે મોક્ષ ગતિ પુર્વ કાળે હતી, હમણા છે, આગમે કાળે હશે તે છતિ અસ્તિ છે પણ આકાશના ફૂલનીપેરે નાસ્તિ નથી ॥ ૧ ॥ દ્રવ્ય પ્રમાણે તે સિદ્ધ અનંતા છે, અભવ્ય જીવથી અનત ગુણા અધિક છે, વન-સ્પતિ વર્જીને ત્રેવીશ દંડકથી સિદ્ધના જીવ અનત ગુણા અધિક છે. ॥ ૨ ॥ ક્ષેત્ર દ્વાર તે સિદ્ધશીલા પ્રમાણે, તે સિદ્ધશીલા પીસ્તાલીસ લાખ જોજનની લાંબી પહોળી છે. ત્રીગુણી ઝાઝેરી પરધિ છે, ઉંચપણે ત્રણસેં તેવીસ ધનુષ્ય ને બત્રીશ આગુળ પ્રમાણે છે, એટલા ક્ષેત્રમા સિદ્ધ છે ॥ ૩ ॥ સ્પર્શ દ્વાર તે સિદ્ધ ક્ષેત્રથી કંઈક અદકી સિદ્ધની સ્પર્શના છે ॥ ૪ ॥ કાળ દ્વાર તે એક સિદ્ધ આશ્રિ, સાદી, અનંત, સર્વ સિદ્ધ આશ્રિ અનાદિ અનંત ॥ ૫ ॥ અંતર દ્વાર તે સિદ્ધને ફરીને સંસારમા અવતરવું નથી. ને એક સિદ્ધ ત્યા અનંત સિદ્ધ ને અનત સિદ્ધ ત્યાં એક સિદ્ધ છે ॥ એટલે સિદ્ધ સિદ્ધમાં અંતર નથી ॥ ૬ ॥ ભાગદ્વાર તે સઘળા જીવને અનંતમે ભાગે સિદ્ધના જીવ છે, લોકને

અસંખ્યાતમે ભાગે સિદ્ધના જીવ રહ્યા છે ॥ ૭ ॥ ભાવ-દ્વાર તે સિદ્ધમાં ક્ષાયક ભાવ, કેવળ જ્ઞાન, કેવળ દર્શન, ક્ષાયક સમકિત, પરિણામિક ભાવ, તે સિદ્ધપણું જાણવું ॥ ૮ ॥ અલ્પબહુત્વદ્વાર તે સર્વથી થોડા નપુંસકસિદ્ધ તેથી સ્રીસિદ્ધ સંખ્યાતગુણા, તેથી પુરૂષસિદ્ધ સંખ્યાતગુણા ॥ એક સમયે નપુંસકલીંગે દશ સિદ્ધ થાય ॥ સ્રીલીંગે વીશ થાય, પુરૂષલીંગે એકસો આઠ સિદ્ધ થાય ॥ ૯ ॥ એ નવ દ્વાર મોક્ષ તત્ત્વના કહ્યા ॥ હવે ચૌદ બોલનો ધણી મોક્ષ જાય ॥ ત્રસપણે ॥ ૧ ॥ બાદરપણે ॥ ૨ ॥ સંજ્ઞીપણે ॥ ૩ ॥ વજ્રઋષભનારાચ સંઘયણપણે ॥ ૪ ॥ શુક્લધ્યાનપણે ॥ ૫ ॥ મનુષ્યની ગતિ ॥ ૬ ॥ ક્ષાયક સમકિત ॥ ૭ ॥ જથાખ્યાત ચારિત્ર ॥ ૮ ॥ પંડિત વીર્ય ॥ ૯ ॥ કેવળજ્ઞાન ॥ ૧૦ ॥ કેવળદર્શન ॥ ૧૧ ॥ ભવ્ય સિધિક ॥ ૧૨ ॥ પરમ શુક્લલેશી ॥ ૧૩ ॥ ચર્મશરિરી ॥ ૧૪ ॥ એ ચૌદ બોલનો ધણી મોક્ષ જાય ॥ જઘન્ય બે હાથની અવગાહના-વાળો સિધ્ધે ॥ ઉત્કૃષ્ટિ પાંચસેં ધનુષ્યની અવગાહનાવાળો મોક્ષ જાય ॥ જઘન્ય નવ વર્ષનો ઉત્કૃષ્ટો ક્રોડ પુર્વના આઉખાવાળો કર્મભૂમિ હોય તે મોક્ષ જાય ॥ મોક્ષ તે સર્વ કર્મ થકી આત્મા મુકાણો એટલે આત્મા અરૂપ ભાવને પામ્યો, કર્મથી ન્યારો થયો, પૂર્વ પ્રજોગે એક સમયે લોકાગ્રે પહોચ્યો, ત્યા અલોકને અડીને રહ્યો (અલોકમાં જાય નહિં કારણ કે ત્યાં ધર્માસ્તિકાય નથી, તેથી ત્યાં સ્થિર રહ્યો.)

બીજા સમયથી અચળ ગતિને પામ્યો. (અનંતકાળે પણ ત્યાંથી ચળવુ નથી તેમ હાલવું ચાલવું પણ નથી) અજર, અમર, અલક્ષ, અવિનાશી પદને પામ્યો, અનંત સુખની લહેરમા સદાકાળ નિર્મગ્નપણે રહે છે તેને મોક્ષ તત્ત્વ કહીએ ॥ ઇતિ મોક્ષ તત્ત્વ સમાપ્ત ॥ ૯ ॥

॥ શ્રી નવ તત્ત્વ સંપૂર્ણ ॥

શરણુ તમારૂં શ્રી વર્ધમાન.

ચોપાઇ.

શ્રી સિદ્ધારથ કુળ શણગાર, ત્રિશલાનંદન જગદાધાર;
સુંદર સોહે સોવન વાન, શરણુ તમારૂં શ્રી વર્ધમાન. ૧
તુમ નામે નાવે આપદા, ભૂત પ્રેત વ્યંતર નવિ કદા;
રોગ શોગ ચિંતા નવિ જાણુ, શરણુ તમારૂં શ્રી વર્ધમાન. ૨
તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મનવંચ્છિત સુદા,
તુમ નામે લહિયે સનમાન, શરણુ તમારૂં શ્રી વર્ધમાન. ૩
દુર્જન દુષ્ટ વૈરી વિકરાળ, તુમ નામે નાસે તત્કાળ,
તુમ નામે દિન દિન કલ્યાણુ, શરણુ તમારૂ શ્રી વર્ધમાન. ૪
ગ્રહાદિક પિડા નવિ કરે, નામ તમારૂં જે અનુસરે,
ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન, શરણુ તમારૂં શ્રી વર્ધમાન. ૫

શ્રી ૭ આરાના બોલ.

અથશ્રી જંબૂદ્વીપ પન્નતિ સૂત્રથી ૭ આરાના બોલ લિખ્યતે ।। દશ ક્રોડાક્રોડી સાગરોપમના ૭ આરા જાણવા. તેમા પહેલો આરો ૪ ક્રોડાક્રોડી સાગરોપમનો જાણવો. એ આરો **સુસમ સુસમ** નામે જાણવો. એકલુ સુખમા સુખ જાણવુ. એ આરાને વિષે ૩ ગાઉનુ દેહમાન અને ૩ પલ્યોપમનુ આઉખુ. ઉતરતે આરે ૨ ગાઉનુ દેહમાન અને ૨ પલ્યોપમનું આઉખુ જાણવુ. એ આરે બસે છપન પાંસલી, ઉતરતે આરે એકસો અઠાવીસ પાસલી જાણવી. એ આરાને વિષે ૧ વજ્રઋષભનારાચ સંઘયણ ને ૧ સમ ચઉરંશ સંઠાણ જાણવું. સ્રી પુરૂષના રૂપ સૌભાગ્ય ઘણા દિપે. એ આરાને વિષે અઠમ ભક્તે આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરસાઇ સાકર સરખી જાણવી, ઉતરતે આરે ખાડ સરખી જાણવી. એ આરાને વિષે દશ પ્રકારના કલ્પવૃક્ષ મનવંચ્છિત સુખ પહોચાડે. તે કલ્પવૃક્ષના નામ કહે છે.

ગાથા–મતંગાય ભિંગા તુડિયંગા, દીવ જોઈ ચિતગા;
ચિતરસા મણવેગા, ગિહાગારા અણિયગણાઓ ।।૧।।

અર્થ—મતંગા કહેતાં, મીઠા મધુરા રસનાં કલ્પવૃક્ષ થઈ આવે ।।૧।। ભિંગા કહેતાં, રત્નજડાવ ભાજનનાં

કલ્પવૃક્ષ થઇ આવે ॥ ૨ ॥ તુડિયંગા કહેતા, ૪૯ જાતિનાં વાજિંત્રનાં કલ્પવૃક્ષ થઇ આવે ॥ ૩ ॥ દીવ કહેતાં, રત્નજડાવ દીવીઓના કલ્પવૃક્ષ થઇ આવે ॥ ૪ ॥ જોઈ કહેતાં, સૂર્યની જ્યોતિના કલ્પવૃક્ષ થઈ અવે ॥ ૫ ॥ ચિતગા કહેતા, ચિત્રામણ સહિત ફૂલની માળાનાં કલ્પવૃક્ષ થઇ આવે ॥ ૬ ॥ ચિતરસા કહેતા, ચિત્તને ગમે તેવા રસવતી ભોજનના કલ્પવૃક્ષ થઈ આવે ॥ ૭ ॥ મણુવેગા કહેતા, રત્નજડાવ આભરણુના કલ્પવૃક્ષ થઈ આવે ॥ ૮ ॥ ગિહાગારા કહેતા, ૪૨ ભોમીયા આવાસના કલ્પવૃક્ષ થઇ આવે ॥ ૯ ॥ અણિયગણુાઓ કહેતા, રત્નજડાવ નાકને વાયરે ઉડે એવા વસ્ત્રનાં કલ્પવૃક્ષ થઇ આવે ॥ એ ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ મનવંચ્છિત સુખ આપે. એ આરાને વિષે છેક થાકતા જુગલના આઉખા આડા ૬ માસ રહે ત્યારે જુગલ પરભવનું આઉખું બાંધે. ત્યારે જુગલાણી એક જોડલું પ્રસવે. તે છોરૂની પ્રતિપાલના ૪૯ દિવસ કરે. જુગલ જુગલાણીને ક્ષણુમાત્રનો વિયોગ ન પડે. એકને છીંક ને એકને બગાસું આવે, મરીને દેવતા થાય. એના શરીરનો નિહરણુ દેવતા કરે. ગતિ એક દેવની જાણુવી.એ આરાને વિષે જુગલીયાને વૈર, વિરોધ, ઇર્ષ્યા, ઝેર નહિ ॥ ઈતિ પહેલો આરો સંપૂર્ણ ॥૧॥

હવે પહેલો આરો ઉતરીને બીજો આરો બેઠો. ત્યારે અનંતા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યવ અનંતા અનંતા હીણુા થયા. એ આરો ત્રણુ કોડાકોડી સાગરોપ-

મનો **સુસમ** નામે જાણવો. એકલું સુખ જાણવુ. એ આરાને વિષે બે ગાઉનુ દેહમાન અને બે પલ્યોપમનું આઉખું, ઉતરતે આરે એક ગાઉનું દેહમાન ને એક પલ્યોપમનું આઉખું. એ આરાને વિષે વજ્રઋષભનારાચ સંઘયણ, સમ ચઉરંશ સંઠાણ. એ આરે એકસો અઠાવીશ પાસલી, ઉતરતે આરે ચોસઠ પાંસલી જાણવી. એ આરે છઠભક્તે આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરસાઈ ખાંડ સરખી, ઉતરતે આરે ગોળ સરખી જાણવી. એ આરે દસ પ્રકારના કલ્પવૃક્ષ મનવંચ્છિત સુખ પહોંચાડે. છેક થાકતાં જુગલના આઉખા આડા છ માસ રહે ત્યારે જુગલ પરભવનું આઉખું બાંધે ત્યારે જુગલાણી એક જોડલું પ્રસવે. છોરૂની પ્રતિપાલના ૬૪ દિવસ કરે. જુગલ જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એકને છીંક ને એકને બગાસું આવે, મરીને દેવતા થાય. એના શરીરનું નિહરણ દેવતા કરે. ગતિ એક દેવની જાણવી ॥ ઇતિ બીજો આરો સંપૂર્ણ ॥ ૨ ॥

હવે બીજો આરો ઉતરીને **ત્રિજો આરો** બેઠો. ત્યારે અનંતા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યવ અનંતા હીણા થયા. એ આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો જાણવો. એ આરો **સુસમ દુસમ** નામે જાણવો. સુખ ઘણું ને દુઃખ થોડું જાણવું. એ આરાને વિષે એક ગાઉનું દેહમાન ને એક પલ્યોપમનું આઉખું જાણવું. ઉતરતે આરે ૫૦૦ ધ-

નુષ્યનું દેહમાન ને ક્રોડ પૂર્વનું આઉખું જાણવું. એ આરાને વિષે વજ્રઋષભનારાચ સંઘયણ ને સમચઉરંશ સંઠાણ જાણવું. એ આરાને વિષે ૬૪ પાંસલી જાણવી. ઉતરતે આરે ૩૨ પાંસલી જાણવી. એ આરાને વિષે ચઉથભક્તે અહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરસાઈ ગોળ સરખી જાણવી. ઉતરતે આરે થોડેરી જાણવી. એ આરે દસ પ્રકારના કલ્પવૃક્ષ મનવંચ્છિત સુખ પહોચાડે. છેક થાકતાં જુગલના આઉખા આડા છ માસ રહે ત્યારે જુગલ પરભવનું આઉખું બાંધે. ત્યારે જુગલાણી એક જોડલું પ્રસવે. તે છોરૂની પ્રતિપાલના ૭૯ દિવસ કરે. જુગલ જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એકને છીંક ને એકને બગાસું આવે, ત્યારે મરીને દેવતા થાય. એના શરીરનો નિહરણ દેવતા કરે. એ ત્રણ આરા યુગલના જાણવા. એકલો યુગલધર્મ જાણવો. એ આરાને વિષે જરા, રોગ, કુરૂપ નહિ, પ્રતિપૂર્ણ અંગ ઉપાંગ, વિષય સુખ ભોગવે, તે દાન પુણ્યના ફળ જાણવા. એ આરાને વિષે છેક થાકતાં ચોરાશીલાખ પૂર્વ ત્રણ વર્ષ ને સાડાઆઠ મહીના બાકી રહ્યા ત્યારે સર્વાર્થસિદ્ધ મહા વિમાનથકી તેત્રીસ સાગરોપમનું આઉખું ભોગવીને, ચવીને વનિતા નગરી નાભી કુલગર રાજા પિતા, મરૂદેવી માતાની કૂંખે શ્રી ઋષભદેવ સ્વામી ઉપન્યા. સવાનવ માસે જનમ્યા. પ્રથમ ઋષભનું સ્વપ્ન જોઈ ઋષભદેવ નામ પાડયું. ઋષભ-

દેવ સ્વામીએ યુગલધર્મ નિવારી અસિ ૧ ॥ મસિ ૨ ॥ કૃષિ ૩ ॥ ઇત્યાદિક બહોતેર કળા શીખવી. અનુકંપા નિમિત્તે વીશ લાખ પૂર્વ તો કુમારપણે રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ્ય ભોગવ્યું. ભરતને રાજ્ય સોંપીને ચાર-હજાર પુરૂષ સઘાતે સયમ લીધો. એક લાખ પૂર્વ સુધી સયમ પાળ્યો. કેવલ પામીને અષ્ટાપદ પર્વત ઉપરે પદ્મા-સને બેસીને દશ હજાર સાધુ સઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા. તે સ્વામીના ૬ કલ્યાણીક થયા. પહેલે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમા સર્વાર્થસિદ્ધ વિમાનથી ચવીને માતાની કૂંખે ઉપન્યા ૧ ॥ બીજે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમા જનમ્યા ॥૨॥ ત્રિજે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં રાજ્ય બેઠા ॥ ૩ ॥ ચોથે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં સંયમ લીધો ॥ ૪ ॥ પાચમે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં કેવલ-જ્ઞાન ઉપન્યું ॥ ૫ ॥ એ ૫ ને છઠું કલ્યાણીક અભિચ નક્ષત્રમા મોક્ષ પધાર્યા ॥૬॥ એ આરાને વિષે ગતિ પાંચ જાણવી. મોક્ષ વધી ॥ ઇતિ ત્રિજો આરો સંપૂર્ણ ॥ ૩ ॥

હવે ત્રિજો આરો ઉતરીને **ચોથો આરો** બેઠો. ત્યારે અનંતા વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ હીણા થયા. એ આરો એક ક્રોડાક્રોડ સાગરોપમમાં બેતાલીસ હજાર વર્ષ ઉણાનો જાણવો. એ આરો **દુસમ સુસમ** નામે જાણવો. દુઃખ ઘણું ને સુખ થોડું જાણવું. એ આરાને વિષે ૫૦૦ ધનુષનું દેહમાન ને ક્રોડ પૂર્વનું આઉખું. ઉતરતે આરે

સાત હાથનું દેહમાન ને સો વર્ષ ઝાઝેરાનું આઉખું. એ આરાને વિષે છ સંઘયણ ને છ સંઠાણ જાણવા. એ આરાને વિષે ૩૨ પાંસલી ઉતરતે આરે ૧૬ પાંસલી જાણવી એ આરાને વિષે દિન દિન પ્રત્યે આહારની ઈચ્છા ઉપજે, ત્યારે ૩૨ કવલનો આહાર કરે. ધરતીની સરસાઈ સારેરી, ઉતરતે આરે થોડેરી જાણવી. એ આરે છેક થાકતાં પંચોત્તેર વર્ષ ને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે દશમા દેવલોકથી વીસ સાગરોપમનું આઉખું ભોગવીને ચવીને માહણકુંડ ગામ નગરને વિષે ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાજીની કૂંખે મહાવીર સ્વામી ઉપન્યા. ત્યાં સ્વામી સાડી બ્યાસી રાત્રિ રહ્યા. ત્યાસીમી રાત્રે શકેંદ્રનું આસન ચળ્યુ. ત્યારે શકેંદ્રે ઉપયોગ મુકીને જોયું તો પ્રભુને ભિક્ષુક કુળે ઉપન્યા જોયા. અનંતે કાળે આશ્ચર્ય થયુ ! ત્યારે હરણગમેષી દેવતાને કહ્યું કે તમે જાઓ, જઈને મહાવીર સ્વામીનો ગર્ભ ક્ષત્રીયકુંડ નગરને વિષે, સિદ્ધાર્થ રાજાને ઘેર, ત્રિસલાદેવી રાણીની કૂંખે મુકો; અને ત્રિસલાદેવી રાણીની કૂંખે પુત્રીપણે ગર્ભ છે, તે દેવાનંદા બ્રાહ્મણીની કૂંખે મુકો. ત્યારે તે હરણગમેષી દેવતા તહેતિપ્રમાણ કરી તેજ વખતે તે માહણકુંડ આવ્યો ને ત્યાં ભગવંતને વંદણા નમસ્કાર કરીને કહ્યું જે સ્વામી ! રૂડું જાણજો. હું તમારો ગર્ભ સાહરૂં છું. તે વખતે દેવાનંદાજીને અવસ્વાપિની

નિદ્રા મુકીને, નાભીથી ગર્ભ સાહરીને ત્રિસલાદેવીજીની કુંખે મુકયો, ત્યાં સ્વામિ સર્વે થઈને સવાનવ માસે જનમ્યા. ત્રિસ વર્ષ ઘરમાં રહ્યા. એકાકીપણે સંયમ લીધો. સંયમ લઇને સાડાબાર વર્ષ ને એક પખવાડીયા સુધી આકરા તપ, જપ, જ્ઞાન, ધ્યાન કરીને સ્વામી કેવલજ્ઞાન કેવલદર્શન પામ્યા. બહોંતેર વર્ષનું આઉખું ભોગવીને ચોથા આરાના ત્રણ વર્ષ ને સાડાઆઠ મહિના બાકી રહ્યા તે વખતે મહાવીર સ્વામી નિર્વાણ પધાર્યા. તે સ્વામીના ૭ કલ્યાણિક થયા. તેમાં ૫ કલ્યાણિક તો ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમા થયાં. તે ચવણ કલ્યાણીક ૧ ॥ ગર્ભ સાહારણ કલ્યાણીક ૨ ॥ જન્મ કલ્યાણીક ૩ ॥ દિક્ષા કલ્યાણીક ૪ ॥ કેવલજ્ઞાન કલ્યાણીક ૫ ॥ એ પાંચ ને સ્વાતિ નક્ષત્રમાં નિર્વાણ પધાર્યા ૬ ॥ એ ૭ કલ્યાણીક ॥ એ આરાને વિષે ગતિ ૫ જાણવી. મહાવીર સ્વામી નિર્વાણ પધાર્યા તેજ વખતે ગૌતમ સ્વામીને કેવલજ્ઞાન ઉપન્યું. તેઓ બાર વર્ષ કેવલ પ્રવર્જા પાળીને નિર્વાણ પધાર્યા. તેજ વખતે સુધર્મા સ્વામીને કેવલજ્ઞાન ઉપન્યું. તેઓ આઠ વર્ષ સુધી કેવલ પ્રવર્જા પાળીને નિર્વાણ પધાર્યા. તેજ વખતે જંબૂ સ્વામીને કેવલજ્ઞાન ઉપન્યું. તેઓ ચુમાલીસ વર્ષ સુધી કેવલ પ્રવર્જા પાળીને નિર્વાણ પધાર્યા. મહાવીર સ્વામી પછી ભરતક્ષેત્રમાં ચોસઠ વર્ષ સુધી કેવલજ્ઞાન રહ્યું. ચોથા આરાનો જન્મેલો હોય તે પાચમા આરામા મોક્ષ જાય.

પાંચમા આરાનો જન્મેલો પાંચમા આરામાં મોક્ષ જાય નહિ. જંબૂસ્વામી મોક્ષ પહોંચ્યા પછી દશ બોલ વિચ્છેદ ગયા તે પરમ અવધિજ્ઞાન ૧ ॥ મનઃપર્યવ જ્ઞાન ૨ ॥ કેવલજ્ઞાન ૩ ॥ પરિહાર વિશુદ્ધ ચારિત્ર ૪ ॥ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર ॥૫॥ યથાખ્યાત ચારિત્ર ॥૬॥ પુલાકલબ્ધિ ॥૭॥ ક્ષાયકસમકિત ॥૮॥ આહારક શરીર ॥૯॥ જિનકલ્પી સાધુ ૧૦ ॥ ઇતિ ચોથો આરો સંપૂર્ણ ॥ ૪ ॥

હવે ચોથો આરો ઉતરીને **પાંચમો આરો** બેઠો. તે વખતે અનંતા વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ હીણા થયા. એ આરો **દુસમ** નામે, એકલું દુઃખ જાણવું. એ આરો ૨૧ હજાર વર્ષનો જાણવો. એ આરાને વિષે ૭ હાથનું દેહમાન ને સો વર્ષ ઝાઝેરાનું આઉખું. ઉતરતે આરે ૧ હાથનું દેહમાન ને ૨૦ વર્ષનું આઉખું. એ આરાને વિષે ૬ સંઘયણ ને ૬ સંઠાણ જાણવા, ઉતરતે આરે ૧ છેવટું સંઘયણ ને ૧ હુંડ સંઠાણ જાણવું. એ આરાને વિષે ૧૬ પાંસલી, ઉતરતે આરે ૮ પાંસળી જાણવી. એ આરાને વિષે દિન દિન પ્રત્યે આહારની ઇચ્છા ઉપજે, તે વખતે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરસાઇ કાંઇક સારી જાણવી, ઉતરતે આરે કુંભારના નિભાડાની છાર સરખી જાણવી. હવે પાંચમા આરાના ૩૨ લક્ષણ કહે છે. મોટા નગર તે ગામડા સરખા થશે ॥૧॥ ગામ તે મસાણ સરખા થશે ॥૨॥ ભલા કૂળના છોરૂ તે દાસ દાસીપણા કરશે ॥ ૩ ॥ પ્રધાન તે

લાલચી થશે ૪ ।। રાજા તે યમદંડ સરખા થશે ૫ ।। ભલા કૂળની સ્ત્રી તે લજ્જા રહિત થશે ૬ ।। રૂડા કૂળની સ્ત્રી વેશ્યા સરખી થશે ૭ ।। પોતાના પુત્ર પોતાને છાંદે ચાલશે ૮ ।। શિષ્ય ગુરૂના અપવાદ બોલશે ૯ ।। દુર્જન લોક સુખી થશે ૧૦ ।। સજ્જન લોક દુઃખી થશે ૧૧ ।। દુર્ભિક્ષ દુષ્કાળ ઘણાં પડશે ૧૨ ।। ઉંદર સર્પાદિકની દાઢ ઘણી થશે ૧૩ ।। બ્રાહ્મણ અર્થના લોભી થશે ૧૪ ।। હિંસા ધર્મના પરૂપક ઘણાં થશે ૧૫ ।। એક ધર્મમાં ઘણા ભેદ થશે ૧૬ ।। મિથ્યાત્વિ દેવતા ઘણાં પૂજાશે ૧૭ ।। મિથ્યાત્વિ લોક ઘણા થશે ૧૮ ।। માણસને દેવદર્શન દુર્લભ થશે ૧૯ ।। વિદ્યાધરની વિદ્યાના પ્રભાવ થોડા થશે ૨૦ ।। ગોરસ દુધ દહીંમા સરસાઇ થોડી રહેશે ૨૧ ।। બળદ પ્રમુખનાં બળ આઉખા થોડાં થશે ૨૨ ।। સાધુ સાધ્વીને માસકલ્પ તથા ચોમાસાં કર્યા જેવા ક્ષેત્ર થોડા થશે ૨૩ ।। શ્રાવકની ૧૧ પડિમા, સાધુની ૧૨ પડિમા વિચ્છેદ જશે ૨૪ ।। ગુરૂ શિષ્યને ભણાવશે નહિ ૨૫ ।। શિષ્ય અવિનીત, કલહકારી થશે ૨૬ ।। અધર્મકારી ઝગડાકારી કુમાણસ ઘણાં થશે, સુમાણસ થોડા થશે ।। ૨૭ ।। આચાર્ય આપ આપના ગચ્છની પરંપરા સામાચારી જુદિ જુદિ પ્રવર્તાવશે, તથા મૂઢ મૂર્ખજનને મોહ ને મિથ્યાત્વ પાસમા પાડશે, ઉત્સૂત્ર ભાખશે, આપ આપની પ્રશંસામા રાચશે, નિંદક કુબુદ્ધિ થશે ૨૮ ।। સરલ, ભદ્રિક, ન્યાયી, પ્રમાણિક માણસ થોડા

થશે ૨૯ ॥ મ્લેચ્છનાં રાજ્ય ઘણાં થશે ૩૦ ॥ હિંદુસા.. અલ્પ રૂદ્ધિયા થોડા થશે ૩૧ ॥ ખોટા કૂળના રાજા થશે તે નીચ કામ કરશે, અન્યાય અધર્મ કુવ્યસનમાં ઘણાં રાચશે ॥ ૩૨ ॥ એ ૩૨ લક્ષણ જાણવાં. એ આરાને વિષે ધાતુ સર્વે વિચ્છેદ જશે. લોહાની ધાતુ રહેશે, ચામડાની મોહરો ચાલશે જેને ઘેર સવાશેર દાણુ રહેશે તે ધનવંત કહેવાશે. એ આરાને વિષે એક ઉપવાસ કરશે તે માસખમણ સરખો થશે. એ આરાને વિષે જ્ઞાન તથા સૂત્ર સર્વે વિચ્છેદ જશે. તેમા દશવૈકાલિકના અધ્યયન ૪ પહેલા રહેશે. તે ઉપરે ૪ જીવ એકાવતારી થશે. તે ચારના નામ–દુપસહ નામે સાધુ ૧ ॥ ફેલ્ગુણિ નામે સાધ્વી ૨ ॥ નાગીલ શ્રાવક ૩ ॥ નાગશ્રી શ્રાવિકા ૪ ॥ અષાઢ શુદ ૧૫ ને દિવસે શકેંદ્રનું આસન ચળશે. તે વખતે શકેંદ્ર ઉપયોગ મુકી જોશે જે આજ પાચમો આરો ઉતરીને કાલે છઠો આરો બેસશે તે વખતે શકેંદ્ર આવી તે ચારે જીવને કહેશે જે કાલે છઠો આરો બેસશે માટે આલવો, પડિકમો, નિઃસલ્લ થાઓ. તેથી તે ૪ જીવ સર્વ જીવને ખમાવીને સંથારો કરશે. તે વખતે સંવર્તક વાયરો થશે. તેણે કરીને પહાડ, પર્વત, ગઢ, કોઠા, વાવ, કુવા, સરોવર સર્વે વિસરાલ થશે. વૈતાઢ પર્વત ૧ ॥ ગંગા ૨ ॥ સિંધુ ૩ ॥ ઋષભકુટ ૪ ॥ લવણ સમુદ્રની ખાડી ૫ ॥ એ ૫ સિવાયના સર્વ સ્થાનક ત્રુટી પડશે. તે ૪ જીવ સમાધી પરિણામે કાલ કરીને દેવ-

લોકમાં જશે. તે વખતે ૪ બોલ વિચ્છેદ જશે. પહેલે પોહરે જૈનધર્મ વિચ્છેદ જશે ૧ ॥ બીજે પોહરે ૩૬૩ પાખંડી મિથ્યાત્વિનો ધર્મ વિચ્છેદ જશે ૨ ॥ ત્રિજે પોહરે રાજનીતિ વિચ્છેદ જશે ૩ ॥ ચોથે પોહરે બાદર અગ્નિ વિચ્છેદ જશે ॥૪॥ એ આરે બેસતા ગતિ ૫ જાણવી, ઉતરતા ૪ ગતિ તે મોક્ષ અટકી. ઇતિ પાચમો આરો સંપૂર્ણ.

હવે પાંચમો આરો ઉતરીને છઠો આરો બેસશે. તે વખતે અનંતા વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ હીણા થશે. એ આરો ૨૧ હજાર વર્ષનો જાણવો, એ આરો દુસમ દુસમ નામે એકલું દુઃખમાં દુઃખ જાણવુ. એ આરે ૨ હાથનું દેહમાન ને ૨૦ વર્ષનું આઉખું, ઉતરતે આરે ૧૬ વર્ષનું આઉખું ને મૂંઢા હાથની કાયા જાણવી. એ આરાને વિષે ૧ છેવટું સંઘયણ ને હુંડ સંઠાણ જાણવું, ઉતરતે આરે પણ એમજ જાણવું. એ આરાને વિષે ૮ પાસલી, ઉતરતે આરે ૪ પાસલી જાણવી. એ આરાને વિષે ૭ વર્ષની સ્ત્રી ગર્ભ ધરશે. તે કાળા કુદર્શની રોગી ને રીસાળ, મોવાલી ઘણાં એવા છોકરા ઘણા જણશે. તે કુતરીની પેરે પરિવાર ભેળો ફેરવશે. એ આરાને વિષે ગંગા સિંધુ નદી રહેશે. તેમાં ૭૨ બીલ છે. તેમાં ત્રણ ત્રણ માળ છે. તેમાં મનુષ્ય, તિર્યંચ, પક્ષી બીજ માત્ર રહેશે. ગંગા સિંધુનો સાડીબાસઠ જોજનનો પટ છે. તેમાં રથના ચીલા પ્રમાણે પહોળું ને ગાડાની ધુરી બૂડે એટલું ઉંડું પાણી રહેશે. તેમા મચ્છ કચ્છ ઘણાં

થશે. તે જીર બીલના મનુષ્ય સાંઝે ને પ્રભાતે મચ્છ કચ્છ કાઢીને વેળુમાં ભારશે. સૂર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેણે કરી સિઝવાઈ રહેશે, તેનો આહાર કરશે. તેના હાડકા ચામડા તિર્યંચ ચાટીને રહેશે. માનવીના માથાની તુંબલીમા પાણી લાવીને પીશે. એ પ્રમાણે ૨૧ હજાર વર્ષ પૂરા કરશે. પાંચમા આરાના પ્રાણી નવકાર રહિત, સમકિત રહિત, વ્રત પચ્ચખાણુ રહિત હશે તે એવા છઠા આરાને વિષે આવીને અવતરશે. માટે એવુ જાણીને જે જીવ જૈનધર્મની આસ્થા રાખશે તે જીવ સુખી થશે.

॥ ઇતિ છ આરાના બોલ સંપૂર્ણ ॥

વ્યાખ્યાનની શરૂઆતમાં બોલવાની વાણીની સ્તુતિ.

સવૈયા.

વીર હિમાચલસેં નિકસી, ગુરૂ ગૌતમકે મુખ કુંડ ધરી હે,
મોહ મહાચલ ભેદ ચલી, જગકી જડતા સબ દૂર કરી હૈ;
જ્ઞાનપયોદધિ માંહિ રળી, બહુ ભંગ તરંગનસેં ઉછરી હે,
તાસુ સુશારદ ગંગ નદી, પ્રથમેં અંજલી નિજ શીશ ધરી હે. ૧
જ્ઞાન સુનીર ભરી સરિતા, સુરધેનુ પ્રમોદ સુક્ષીર નિધાની,
વૈદ જયો વ્યાધિ હરંત સદા, ભવ્ય જીવ ચકોરકો ચંદ્ર સમાની;
જૈન સિદ્ધાન્તકી જ્યોતિ ખડી, સુર વૃક્ષ સમાન મહાસુખ દાની,
લોક અલોક પ્રકાશ ભયે, મુનિરાજ બખાનત હૈ જિનબાની. ૨

શોભત દેવ વિષે મઘવા, ઉડુ વૃન્દ વિષે શશી મંગલકારી,
ભૂપ સમૂહ વિષે ભરતેશ્વર, કેશવ યોધ વિષે મનુહારી;
નાગનમેં ધરણેંદ્ર બડા, ચમરેંદ્ર અસુરનમેં અધિકારી,
ચું જિનશાસન સંઘ વિષે, મુનિરાજ દીપે શ્રુતજ્ઞાન ભંડારી. ૩

મનહર છંદ.

કૈસેકર કેતકી કણેર એક કહ્યો જાત,
આક દુધ ગાય દુધ અંતર ઘણેરો હૈ;
રીરી હોત પીરી પણ હોસ કરે કંચનકી,
કહા કાગ બાની કહા કોયલકી ટેર હૈ.
કહા ભાનુ તેજ કહા આગીયો બિચારો કહાં,
પુનમકો અજવાળો કહા અમાસ અંધેરો હૈ;
પક્ષ છોડ પારકી નિહાલ એક નીગે કર,
રાગી વ નિરાગી વેણુ અંતર ઘણેરો હૈ. ૪
વીતરાગ વાણી સાચી મુક્તિકી નિશાની યહ,
સુકૃતકી ખાની જ્ઞાની મુખસેં બખાની હૈ;
ઈનકું આરાધકે તરીયા હૈ અનંત જીવ,
સોહી જહાજ જાણુ શરદ્ધા મન આની હૈ.
શ્રદ્ધા હૈ સારધાર શ્રદ્ધાહીસેં ખેવો પાર,
શ્રદ્ધા બિન જીવ ખ્વાર નિશ્ચેકર માની હૈ;
વાણી તો ઘણેરી પન વીતરાગ તુલ્ય નાહી,
પ્યાલા ભર પિવે વાકો આનંદકી ખાની હૈ. ૫

લીંબડી સંપ્રદાયના પરમ તપસ્વી શ્રી લખાજી સ્વામિના ચાખખા.

ગણુધર ગૌતમને પાયે લાગુ, જેની લબ્ધિ બુદ્ધિ ઘણી સારી,
ગુણુ ગાઉં લખાજી તણા, તમો સાભળજો નરનારી;
લખોજી કચ્છ દેશનાં વેપારી રે, હું તો જાઉં એમની બલિહારી. ૧
ગામ બેલામા જન્મ ધર્યો ત્યાં, સામ બાઈ માત તમારી,
દેશાઇ હરજીવન તાત તુમારા, નીતિ રીતિ સદાચારી. લ૦ ૨
સોલ વર્ષના જબ થયા તબ, વાધી ઘણી સુંદરતાઈ;
ભણી ગણીને લાયક હુવા તવ, મનમા હરખી સાઇ. લ૦ ૩
શહેર લીમ્બડી મધ્યે આવી રહ્યા, તિહા મુનિ મળ્યા મહા ભાગી;
ભાણુજી સ્વામી પાસે દીક્ષા લીધી તબ, પૂર્ણ કમાણી જાગી. લ૦ ૪
આહાર પાણી મુનિ લુખા લેવે, તેમાં લેપ નહિ રે લિગારી;
પોથી પાનાની મમતા નહિ જેણે, મોહની કર્મ નાખ્યું મારી. લ૦ ૫
ત્રણ દ્રવ્ય રાખ્યા મોકળા તેમા, બે વાવરે મહા મુનિ,
તપસ્યા આતાપના કરે બહુ જિહા, તાતી વેલુ ઘણી ઉની. લ૦ ૬
સાત વર્ષ સંયમ પાળીઓને, ધોરાજી છેહેલો ચોમાસી;
બે સાધુએ તિહાં કાલ કર્યો પછે, ગુરૂ થયા ઉદાસી. લ૦ ૭
અસ્થિર આયુષ તિહાં કણે જાણ્યુ, હવે ન રહેવું બેસી;
સંથારો કરી પંડિત મરણે, શિવરમણી વરૂં ઉલ્હસી. લ૦ ૮
ખમત ખામણુ ગામોગામ કરતા, આવ્યા પુર લીંબડી મોઝારી;
સવા હરખા કહે ગુરૂ પ્રતાપે, નિત્ય નિત્ય વંદના હમારી. લ૦ ૯

અથશ્રી બીજો ચાળખો.

હાથ જોડી લખોજી ઉભા થયા, મુને સંથારો અદરાવો,
આજ કાલ કરતા દિન ગયા, હવે મુંને શ્યેમા લલચાવો;
લખોજી લઇ ગયા લ્હાવોરે, જેને અમરાપુરમાં જાવો. લ૦ ૧
ઘોરાજી સંથારો કરવો હતો મુને, તિહાં કણે તુમે અટકાવ્યો,
જો રે સંથારો કરવો હોય તો, શહેર લીંબડીમા આવો. લ૦ ૨
અતિ હર્ષ ભરી ઈહા કણે આવ્યો, તો પણ વાયદો ઠેરાવ્યો;
ચાર તીરથ ભેળા થઇને, વસન્ત પુનમ સુધી રખાવ્યો. લ૦ ૩
મહેર કરી ગુરૂ રાય પ્રીતેથી, મુને દુષણ અલવાવો,
દાવાનલ આ લાગી રહ્યો એમાં, મુને શ્યેમાં મુરછાવો. લ૦ ૪
સંસાર જેણે ખારો કરી જાણ્યો, મન મોક્ષ માહિ લગાવ્યો;
ધન્ય માતા તારી કુંખને જેણે, એહવો રત્ન નિપાવ્યો. લ૦ ૫
ચોથા આરાનો નમુનો મુનિ, પાંચમે આરે આવ્યો;
ઇન્દ્ર ચંદ્રથી ચલે નહિ, જિન માર્ગ ઘણો મલાવ્યો. લ૦ ૬
બાલે વેષે મુનિ બળિઓ થઇને, ભેખ ભલોરે ભજાવ્યો;
આગળથી કાયા શોષન કરી જેણે, મોક્ષમાં વહેલો જાવો. લ૦ ૭
સમતાના દરીયા દેવજી સ્વામિ, સંથારો અદરાવ્યો;
સવા હુગખા કહે ગુરૂ પ્રતાપે, અતિ ઘણો અલવાવ્યો. લ૦ ૮

અથશ્રી ત્રીજો ચાળખો.

સર્વેને ખમતખામણા ખમાવે, પાયે મસ્તક ધરી,
અપરાધ ખમજો માહરો, રાક દાવે કહે કરગરી,

લખોજી સુતા સંથારો કરી રે, આહાર પાણી મેલ્યા પરહરી. ૧
નમણુ ખમણુ તિહા કરે ઘણી, દોય ગુડા હીંચણુ ઢાળી,
કાયા વોસિરાવી અણુસણુ કર્યો એણે,જીવિતવ્યની ઈચ્છા ટાળી.લ.૨
ગજસુકુમાલ ખંધક તણી વાતો, એતો ચોથે આરે કહી,
એથી પરિસહો અધિકો ખમે જો, આવી પડે તો સહી. લ૦ ૩
મન અચલ જેનું મેરૂ સમો ને, કર્મ ભુકો કર્યો ભાગી,
દેવ દાનવથી ચલે નહિ જેના, મનમાં મોક્ષ લય લાગી. લ૦ ૪
ડોલાવ્યા કોઈના ડોલે નહિં, સુત જાયો તે માત અધિકારી,
સવાનવ મહિના સફલ થયા, કૂંખ શોભાવી અતિ સારી. લ૦ ૫
હાડ વજ્ર જેનાં ઋષભ સમા ને, વજ્ર પાટી ખીલી સારી,
પીસ્તાલીસ ઉપવાસે દેશના દીધી, એ તો સાધુમાં શિરદારી. લ૦ ૬
સ્થિર કરી એ તો બેઠા નથી, આવી અવની મોઝારી,
મન થયું તત્પર મુનિનું, એ તો ચાલવા મોક્ષ દુવારી. લ૦ ૭
સુરતા જેની સિદ્ધ સાહમી છે, વાણી વદે મધુરી,
સવા હરખા કહે ગુરૂ પ્રતાપે, મેં દાસ ગુરૂનાં હજુરી. લ૦ ૮

અથશ્રી ચોથો ચાળખો.

હસી રમાને કર્મ ખપાવ્યા, સુખ નવિ દીઠો અનૂરો,
ભર જોબનમા કર્યો સંથારો, એ તો ખેલ ખેલ્યો છે શુરો,
લખોજી નર નહિ અધૂરો રે, પરાક્રમ ગુણે કરી પુરો. ૧
આંખો ઉંડી ગઇ તારા તગતગે, નહિ લોહી માસ રહ્યા દેહે,
શુભ પરિણામે ખીલ્યા સાધુજી, જેમ ખીલે વનસ્પતિ મેહે. લ૦ ૨

અંગમાહિ ઉમંગ ઘણો છે, મળવા પ્રભુ હજુરો;
આઠ ઉપવાસે શાતા પુછી ત્યારે, ગુરૂ કહે સુખ પૂરો. લ૦ ૩
સવંત અઢારસે અઠયાસીઓ, વૈશાખ માસ અધૂરો,
વદ પાચમ રવિવારે સીધો, પાંસઠ દિને સત્થારો પૂરો. લ૦ ૪
કાયર પુરુષનું કામ નહિ એ તો, કેસરીસિંહ સાહૂરો.
ધણીનો માલ ધણીને દીયો, સત્યવાદી સાધુજી પૂરો. લ૦ ૫
હજી સુધી હાજી હાજી કરો છો, અંતર જ્ઞાન અધૂરો,
જિન માર્ગની પરીક્ષા કરી તુમે, કાંઈ મમતાને ચૂરો. લ૦ ૬
પરને દેશના દેતો ફિરે પણ, પોતે આક ધતૂરો,
કેવલી પાસે રહી ગયો કોરો, મતિ માનજો કોઈ બૂરો. લ૦ ૭
ગુણી પુરૂષના ગુણ સુણી તમે, કર્મ કરો ચકચૂરો,
સવા હરખા કહે ગુરૂ પ્રતાપે, ચોથો ચાળખો પૂરો. લ૦ ૮

અથશ્રી પાંચમો ચાળખો.

કરણી કીધી લખેજીયે રૂડી, તે સર્વે નજરે ભાળી,
કા માનખો ગુમાવો માનવી તમેં, ત્રોડી દિયો મોહ જાળી,
લખેજીએ જીવદયા પાળી રે, નાખ્યા કર્મનાં બીજ બાળી. ૧
અહંકાર અભિમાન મુકી દિયો ને, માયાને નાખો ગાળી,
ધર્મ ઉપર તુમેં ધ્યાનજ રાખો, પાપને નાખો ટાળી. લ૦ ૨
પરદારાની પ્રીતિ કરીને, હસી લિયો છો તાળી,
પરમાધામીને હાથ પડશો ત્યારે, દેશે ઠીંચણ ઢાળી. લ૦ ૩
કરજોડી કરગરી કહું છું તુમેં, મુકો માયા આછસળી,

નરક નિગોદે રડવડયા નર, નાખ્યા કઈ ઉછાળી. લ૦ ૪
કુટુંબ કબિલો કામ નહિ આવે, નહિ ચાલે ત્રિયા સાથ તારી,
અંતસમે અણુસણુ વિના તારી, નથી થવી છુટકબારી. લ૦ ૫
નરનારી તુમે ગુણુજ ગાવો, લખોજી મહા ભાગ્યશાળી,
નિત્ય ઉઠી તમે જાપ જપો, હાથ લઈ નવકરવાળી. લ૦ ૬
શહેર સાયલામા વાસો વસુ, મારા ઘર પાસે ચિત્રશાળી,
રાણો વખતસિહ રાજ કરે, જેણે પ્રજાને પ્રિતે પાળી. લ૦ ૭
સંવત અઢાર અઠયાસીઆનો આસો, જોડી દિન દીવાળી,
સવા હરખા કહે ગુરૂ પ્રતાપે, ગાથા સર્વ એકતાળી. લ૦ ૮

લીંબડી સંપ્રદાયના તપસ્વિની મહાસતી શ્રી મૂળીબાઇ સ્વામીના કવિતારૂપ માસ.

હું તો નમુ સિદ્ધ ભગવંત, મુકી આમળો રે,
ગુણ ગાઉં સતી મૂળી બાઈ, સહુકો સાંભળો રે,
સતી શ્રાવણ સુંદર માસ કે, શહેર વખાણું રે,
જેની શાખ સિદ્ધાંત મોઝાર, વઢવાણુ જાણું રે. ૧
તિહાં ક્રિડા કરે નર નારી, બેઠા ગોખ જાળી રે,
તેમાં રહે રતનશી વણિક, દશા શિરમાળી રે;
તસ્સ ઘરણી અમૃત બાઈ નાર, મધુરૂં બોલે રે,
તસ્સ કૂખે ઉપના મૂળી બાઈ, નહિ તસ્સ તોલે રે. ૨

અમૃત બાઈ સુતા સોય, સુંદરી સારી રે,
જેના રૂપ તણો નહિ પાર, સુર અવતારી રે,
માત પિતા તણું વચન, મૂળી બાઇ ન લોપે રે,
પિતાને પ્રાણ આધાર, કહિ નવિ કોપે રે. ૩
બાળપણા માહિ બાઇ, સમતામાં મ્હાલી રે,
માતાને તરૂણી વયે, તનયા બહુ વાલી રે,
પૂર્વ પુણ્ય તણે પસાય, પામી ધર્મ વહેલો રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ પહેલો રે. ૪

અથ બીજો માસ.

સતી ભાદ્રવે ભરપુર, જોબન જબ આયો રે,
કોઠારી નાનજી ઘેર, સગપણ કરાયો રે;
પરણી આવ્યા પતિને ઘેર, કરે બહુ ભક્તિ રે,
જેને મન વસિયો વૈરાગ, ડગાવી ન ડગતી રે. ૫
જેને રંગભોગની વાત, મન નથી ગમતી રે,
એ તો કરે આયંબિલ તપ, આત્મ બહુ દમતી રે;
નારી પાળે નિર્મળુ શીલ, કર્મ બહુ કાપે રે,
સાધુ સાધ્વીને સુઝતા આહાર, મૂળી બાઇ આપે રે. ૬
વસ્ત્ર પાત્ર પોખે અપાર, પાળે ધર્મ ગાઢો રે,
જેમ વરસે મૂસલધાર, મેઘ આષાઢો રે,
ખોડા ઢોરને ખવરાવે ખાણુ, અજા બહુ ઉગારે રે,
રાંકા ઢીકાને દીએ ઘણા ગરથ, દુઃખ નિવારે રે. ૭

ગરથ તણાં ભર્યાં ભંડાર, દાન બહુ દીધો રે,
આલ્યામા ન રાખી ઓછ, મનુષ્ય લ્હાવો લીધો રે;
ઓરમાઈયા ઉપર ક્યારે, ન કર્યો ભાવ દુજો રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ બીજો રે ૮

અથ ત્રીજો માસ.

આશોએ આશા ત્રોડી, સંસારની સર્વે રે,
મૂળીબાઈ કરે મન વિચાર, કરે કર્મ કોણ હવે રે;
આ તો ચાર દિવસની ચાદરડી, બાજીગરની બાજી રે,
સંસારના ખોટા ખેલ, થાવુ શું રાજીરે. ૯
સગા સાગવી સહુ કોઇ, છે સુખના બેલી રે,
અંત સમે આપણું નહિ કોઈ, જાવું છે મેલી રે;
હવે બળતા માંહિથી કાઢું, જે દઉં મારે હાથે રે,
તે થાય મારૂં નિરધાર, આવે મારે સાથે રે. ૧૦
મોહ મમતા મૂળી બાઇ, ન રાખે લિગાર રે,
ધર્મ વેરે વાવર્યું ધન, ગરથ ભંડાર રે,
તૃપતા કર્યાં ઘણાં જીવ, શાતા ઉપજાવે રે,
સ્વધર્મિ શુ ઘણો સ્નેહ, ધર્મ ગુણ ભાવે રે. ૧૧
કંગાલ તણો તે જાણો, મૂળી બાઈ માળવો રે,
લુલા અંધ અપંગ જે જીવ, તેને પાળવો રે;
ઉપાશ્રયે આવે આઠે પોર, સેવે સતી ચરણ રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ તરણ રે. ૧૨

અથ ચોથો માસ.

સતી આવ્યો કાર્તિક માસ, જે કરણી માડી રે,
મૂળી બાઈએ વિષય કષાય, મેલ્યા સર્વ છાંડી રે,
આછો વસ્ત્ર પહેરે નહિ અંગ, શણુગાર ન સજે રે,
એક મને અરિહંત દેવ, ધ્યાન ધરી ભજે રે. ૧૩
મુખ વાવરે નહિ મુખવાસ, સોપારી ન ખાવી રે,
જેને ગમે જ્ઞાનની ગોઠ, રહે સમભાવી રે;
કરે નહિ અંજન મંજન, સેંથો નવિ પૂરે રે,
ગાણા ગાવે નહિ સરલે સાદ, કંઠ મધૂરે રે. ૧૪
વળી વિકથાની તો વાત, કહિ નવિ કરે રે,
જેથી લાગે પોતાને પાપ, તેથી બહુ ડરે રે;
હાત દેખાડી કરે નહિ ગુઝ, હસિ નવિ લિયે તાળી રે,
કહિ કેશ તણો અલંકાર, પાટી નવી ઢાળી રે. ૧૫
નારી નીચ તણી સંગત, કદી નવિ કરે રે,
જેનાં વચન અમૃત સમાન, દીઠે દિલ ઠરે રે,
સ્રીચરિત્ર તણો લવ લેશ, ન જાણે લગાર રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ ચાર રે. ૧૬

અથ પાંચમો માસ.

સતી માગશરે મોહની, મૂળી બાઈએ ઉતારી રે,
અંગિકાર કર્યાં વ્રત બાર, દઢ મન ધારી રે;
આર્યાજી આણંદબાઈ, સતી સુધા વખાણુ રે,
શિખવ્યું મૂળી બાઇને સામાયક, પ્રથમ જાણું રે. ૧૭

કરે પોષા ને પડિક્કમણા, હનિચે હોય વેળા રે,
સતીઓનો કરે ઘણું સંગ, રહે નિત ભેળા રે;
મૂળી બાઇ ન કરે ઘરનુ કામ, ધરમે લય લાગી રે,
વિષય કષાય ને મોહ, મેલ્યા સર્વે ત્યાગી રે ૧૮
જેણે જાણ્યો અસ્થિર સંસાર, સુખ જાણ્યા કાચા રે,
ભાગસી સરિખા જાણ્યા ભોગ, મૂળી બાઇએ સાચા રે;
ચિત્ત ચિંતવણી કરે એહ, સંસાર કેદી મેલું રે,
બળતા માંહિથી નીકળી બહાર, સંજમ કેદી ખેલું રે. ૧૯
ઘેર આવણ જાવણના ફેરા, કેદિ હું છંડુ રે,
જો ત્રુટે મોહની તાત્ત, તો કર્મને ખંડુ રે;
મારે લેવો સજમ ભાર, નાવે કેહને આચ રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ પાંચ રે. ૨૦

અથ છઠો માસ.

સતી પોષે થયા પ્રસિદ્ધ, દીક્ષા વાત કાઢી રે,
મારે લેવો સંજમ ભાર, મતિ કરો કોઇ આડી રે;
બોલ્યો ઉરમાયો દિકરો, સુણ મોરી માઈ રે,
મારી સતીય શિરોમણી માત, વિજોગ કેમ થાઈ રે. ૨૧
લાડે કોડે રૂડી પેર, ઉછેર્યાં છે અમને રે,
સંસાર તજો શ્યા માટ, નવિ ઘટે તમને રે,
મારી જનની અંગજાથી, વધુ તમે રાખ્યા રે,
કદિ કડવા કસેલા વેણ, મુને નવિ ભાંખ્યા રે. ૨૨

હાથ જોડીને કરગરે, માનો માહરૂ કહ્યું રે,
તુમે લ્યો છો દીક્ષાનું નામ, નવિ જાય રહ્યુ રે,
કે છે પીયરનો પરિવાર, સહુ કો કરગરી રે,
આંખે વરસે જલ ધાર, નેતર ભરી ભરી રે. ૨૩
મૂળી બાઇએ સંસારનું દુઃખ, વરણુવ્યું વળી રે,
ઉતર્યું સહુને અંગોઅંગ, ગયા મદ ગળી રે;
આજ્ઞા લીધી તતકાળ, કરી ઝટપટ રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ ખટરે. ૨૪

અથ સાતમો માસ.

મહા મહીને મૂળી બાઈએ, કરી છે તઈયારી રે,
સંજમની સામગ્રી સાર, લાગે ઘણી પ્યારી રે;
લીધા પાતરા ને પુસ્તક, ખરચ્યા ધન ઘણા રે,
દાન દિયો ઉલટ ભાવ, નહિ રાખી મણા રે. ૨૫
આવ્યા શહેર લીંબડી મોઝાર, સતી મૂળી બાઇ રે,
કરે દીક્ષા તણો ઓચ્છવ, શેઠ રઘુ ભાઈ રે;
જૈન મારગ દીપાવ્યો જોર, ખરચી ધન જાતે રે,
શહેર લીંબડીના શાહુકાર, વાવરે પુન્ય ખાતે રે. ૨૬
મૂળી બાઈ થયા ઉજમાલ, હર્ષ નવિ માય રે,
મુને અહરાવો મહાવ્રત, ક્ષણુ લાખેણી જાય રે;
કરજોડીને બોલી બાઇ, કહે છે શિર નામી રે,
રતન બાઇ આપો દીક્ષા, કરી મહેરબાની રે. ૨૭

શિખવે દીક્ષા તણા પાઠ, જે નિત્ય નવા ગ્રંથ રે,
શિખવ્યા જીવ અજીવનાં ભેદ, જાણ્યા સર્વે અર્થ રે;
લક્ષ ચોરાશી જીવા જોનીની, જાણી ભલી ભાત રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ સાતરે. ૨૮

અથ આઠમો માસ.

ફાગણે ફેરા મટાડયા, આવાગમણના રે,
મૂળી બાઇએ આદર્યો મહાવ્રત, રતન ચિંતામણના રે;
સંવત અઢાર વર્ષ પાંસઠે, વસંત માસ રે,
વદ ચોથે લીધી દીક્ષા, રતન બાઇને પાસ રે. ૨૯
કુટુંબ સહુ કળકળે, સાહમું નવિ જોવે રે,
તિહાં પિયરનો પરિવાર, ધ્રુસકે રોવે રે;
મૂળી બાઇ કહે તત્કાળ, શ્યા માટે રોવો રે,
તુમેં કાચના કટકા માટ, રત્ન સીદ ખોવો રે. ૩૦
ભમતા ભમતા કાલ અનંત, આવ્યો મનુષ્ય ભવ આવો રે,
કાંઈ આદરો સત્ય શીયળ, લ્યો ધર્મ લાવો રે;
આદરિયા વ્રત પચ્ચખાણ, જેને જેહવી શક્તિ રે,
મૂળી બાઇ આવ્યા રત્ન બાઈ પાસ, કરે બહુ ભક્તિ રે. ૩૧
સંસાર સમુદ્ર માંહિથી, ગુરૂણીએ મુને તારી રે,
મારી બુડતાની ઝાલી બાહ, કાઢી મુને બારી રે,
સંયમ ખેલે ખાડા ધાર, કરે પૂરણ ખાટ રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ આઠ રે. ૩૨

અથ નવમો માસ.

ચૈત્રે ચિત્તે જોયુ મૂળીબાઇએ, મનમા વિચારી રે,
આઉખાનો ભરોસો નાહિ, ઘડી જાયે પિચારી રે;
આવશે પરદેશી આણુ, પાછા નવિ વળે રે,
મુને આ આવેલો સુંદર જોગ, પછે નહિ મળે રે. ૩૩
જો બાધુ તપ તલવાર, તો શિવ સુખ મળે રે,
જો કરૂ કરણી અઘોર, તો કર્મજ ટળે રે,
કરે છઠ ને અઠમ તપ, બેસે આસન વાળી રે,
નિર્દોષણુ લાવે આહાર, છન્નુ દોષ ટાળી રે. ૩૪
માસ ખમણુ કરે મન ગમતા, કીધા પંદર બહુ વાર રે,
કર્મને દીધા દાવાનલ, બાળી કીધા અંગાર રે;
વિગય માત્ર નવિ વાવ રે, લુખું લાવે અન્ન રે,
કાયા માની ગાડારૂપ, જાણી આપે ઉંજણુ રે. ૩૫
લીલુ વ્યજન વર્જ્યું જાવજીવ, ચેલી નવિ ખપે રે,
પ્રભુજીના ગુણુ ગ્રામ, બેઠા નિત્ય જપે રે;
કાચા કુંભ સરિખી જાણી દેહ, ન જુવે સંસાર સામો રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ નોમો રે. ૩૬

અથ દશમો માસ.

વૈશાખે વાવરે દ્રવ્ય હોય, ત્રીજો નવિ ખપે રે,
જૂનું પહેરે વસ્ત્ર તેમ, લોટ છાશ કલ્પે રે;
ત્રાણુ દીન પીધી વળી પ્રાછ, આખો તગતગે રે,
એ સતીની આગળ કોઇ, બીજી બાઈ ન લગે રે. ૩૭

શેઠ રઘુ ભાઇએ કરી વિનતી, સમજાવી દીધા રે,
ત્યારે બે રોટલીના આહાર, ઉપર આકરા તપ કીધા રે;
હાલતા હાડકા ખડખડે, પગ દોરી સમાન રે,
નસા જાલુ નરવિ દેખાય, જિમ્યા સુકું પાન રે. ૩૮
આપ તણા અવગુણ લેવે, પરને શોભા દેતા રે,
હું એક જિમ્યાએ કરી, વર્ણવ કરૂ કેતા રે;
સહુના ઉપર સમતા ભાવ, ન વદે વેણ દુઃખદાઇ રે,
અજવાળ્યુ કોઠારીનું કૂળ, સતી મૂળી બાઇ રે. ૩૯
વચન કઠણ તણા જે કેણ, ન ધરે કાન રે,
જેણે લગાડ્યુ મોક્ષસું મન, ધરી એક ધ્યાન રે;
તપ કરી કાયા માહિથી, કાઢી લીધો કસ રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ દશ રે. ૪૦

અથ અગીઆરમો માસ.

જેઠે જાણપણું સતીએ, ઘણું ઘણું આણ્યું રે,
કદી વોસરાવું મારી દેહ, બને એહવું ટાણું રે;
પછી બાધી તપની તેગ, અન્ન નવિ ખાવું રે,
આઠને પારણે દશ, એહવું બહુ દિન ચલાવ્યું રે. ૪૧
વળી પરીસહા તણી ચોટ, નિત્ય નવી ખેલે રે,
જો આવે દેવ દાનવ, તેહથી નવિ છલે રે;
શૂરપણે લીધી દીક્ષા, સિંહ તણી પેરે પાળી રે,
રાગ દ્વેષ કર્યા ચકચૂર, કર્મ દીધા બાળી રે. ૪૨
લાલચ ને લપસા, લેપ નહિ લિગારી રે,

એ સાચી સતી મૂળી બાઈ, જાઉં બલિહારી રે;
સુકે ભુખે કર્યું શરીર, નહિ લોહી ને માંસ રે,
માંહે રહ્યા વળગી અંશ, જીવ તણો હંસ રે. ૪૩
સર્પના ખોખા સરિખી દેહ, તેહવી કરી કાયા રે,
તપ કરી શોષ્યું શરીર, નવિ રાખી માયા રે,
હવે કરશે સંથારો સતી, સંદેહ નહિ લિગાર રે,
જાણે હરખા સુત સવરાજ, માસ એ ઇગ્યાર રે. ૪૪

અથ બારમો માસ.

સતી આષાઢે અણુસણ, આલવી સુતા રે,
દૂરે અનેક ભવના કીધ, કર્મ જે ખુતા રે,
નમણુ ખમણુ મૂળી બાઇ, ઘણી વિધિ કીધી રે,
ખમાવી જીવોની રાસ, દેહ વોસિરાવી દીધી રે. ૪૫
શેઠ રઘુભાઇ ઘેર જાણો, મેઘ બાઇ શેઠાણી રે,
જેણે આપ્યા સતીઓને દાન, ઉલટ ભાવ આણી રે,
ખેતશી ભાઈ ધુયા જમકુ બાઇ, કરે સૂત્ર અરથ રે,
સતીઓની સારે સેવ, અંત સમે સમરથ રે. ૪૬
વૈરાગ ઘોડે થયા અસવાર, સતી મૂળી બાઈ રે,
ધન્ય માતા અમૃત બાઈ કુખ, મણી રતન જાઇ રે;
શુભ પરિણામ ને શુભ લેશ્યા, અંત સમય આવી રે,
ગયા દેવલોક મોઝાર, સદ્ગતિ ચાવી રે. ૪૭
અજવાળી ચઉદશ દિન, સુર પહોતો મેર રે,
શુક્રવારે સિજ્યો સંથાર, ચાલ્યો દિન તેર રે

નેઉવાના આસાઢે કલ્યાણ, કિધા નિરધાર રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ બાર રે. ૪૮

અથ તેરમો અધિક માસ.

અધિક માસે કરી અધિકાઈ, સતી ગુણ ગાવો રે,
તુંમે કરો કરણી દિન રાત, કર્મ ખપાવો રે;
સતીનું થયુ શુભ કામ, આપ વિચારી કરવો રે,
જપ તપ સત શીયળ, ચિત્તમા ધરવો રે. ૪૯
દુષ્કર માનવનો ભવ, ભાંખ્યો વીતરાગે રે,
તેમા અરાધો જિનધર્મ, મળ્યો પુણ્ય જોગે રે,
રાજે રાણો વખતસિંહ ભૂપાલ, અન્યાય નવિ કરે રે,
મારા ઘર પાસે સ્થાનક, દીઠા દિલ ઠરે રે. ૫૦
જીવણભાઇએ ચણાવ્યું સ્થાનક, ઘેર જમકુ શેઠાણી રે,
નિત્ય કરે સતોની સેવ, અંતર હિત આણી રે;
સાધુ જનની કરજો સેવ, ભક્તિ લાવન રે,
પૂરા થયા માસ તેર, ગાથા બાવન રે. ૫૧
સંવત અઢાર બાણુએ, જોડયા માગશિર માસ રે,
તિથી તેરસ ને ગુરૂવાર, પક્ષ અજવાસ રે;
મૂળી બાઇ તણો મહિમાય, ચિંહું દિશે ગાજે રે,
ભણે હરખા સુત સવરાજ, સાયલામા બિરાજે રે. ૫૨

॥ ઇતિ શ્રી મૂળીબાઈ મહાસતીજીના કવિતારૂપ
તેર માસ સંપૂર્ણ ॥

અનુપૂર્વિ.

જ્યાં ૧ હોય ત્યા નમો અરિહંતાણું કહેવું.
જ્યાં ૨ હોય ત્યાં નમો સિદ્ધાણું કહેવું.
જ્યાં ૩ હોય ત્યા નમો આયરિયાણું કહેવું.
જ્યા ૪ હોય ત્યાં નમો ઉવજ્ઝાયાણું કહેવું.
જ્યા ૫ હોય ત્યાં નમો લોએસવ્વસાહુણં કહેવું.

ચોપાઈ.

અનુપૂર્વિ ગણજ્યો જોય, છમાસી તપનું ફળ હોય;
સંદેહ નવ આણો લગાર, નિર્મળ મને જપો નવકાર. ૧
શુદ્ધ વસ્ત્રે કરી ધરીને વિવેક, દિન દિન પ્રત્યે ગણવી એક;
એમ નિત અનુપૂર્વિ જે ગણે,તે પાંચસે સાગરના પાપને હણે. ૨

દોહરા.

એક અક્ષર નવકારનો, શુદ્ધ ગણે જે સાર,
તે બાંધે શુભ દેવનું, આયુષ્ય અપરંપાર. ૧
ઓગણીશ લાખ ત્રેસઠ હજાર, બસેંબાસઠ પળ;
ત્યા સુધી તે ભોગવે, નવકાર મંત્રનું ફળ. ૨
અશુભ કર્મકે હરનકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદસ અંગમે, દેખ લિયો તત્વ સાર. ૩

કોઠો ૧ લો.

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

કોઠો ૨ જો.

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

કોઠો ૩ જો.

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

કોઠો ૪ થો.

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

કોઠો ૫ મો.

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

કોઠો ૬ ઠો.

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

કોઠો ૭ મો.

૧	૩	૫	૨	૪
૩	૧	૫	૨	૪
૧	૫	૩	૨	૪
૫	૧	૩	૨	૪
૩	૫	૧	૨	૪
૫	૩	૧	૨	૪

કોઠો ૮ મો.

૨	૩	૫	૧	૪
૩	૨	૫	૧	૪
૨	૫	૩	૧	૪
૫	૨	૩	૧	૪
૩	૫	૨	૧	૪
૫	૩	૨	૧	૪

કોઠો ૯ મો.

૧	૨	૪	૫	૩
૨	૧	૪	૫	૩
૧	૪	૨	૫	૩
૪	૧	૨	૫	૩
૨	૪	૧	૫	૩
૪	૨	૧	૫	૩

કોઠો ૧૦ મો.

૧	૨	૫	૪	૩
૨	૧	૫	૪	૩
૧	૫	૨	૪	૩
૫	૧	૨	૪	૩
૨	૫	૧	૪	૩
૫	૨	૧	૪	૩

કોઠો ૧૧ મો.

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩

કોઠો ૧૨ મો.

૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

કોઠો ૧૩ મો.

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

કોઠો ૧૪ મો.

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

કોઠો ૧૫ મો.

૧	૪	૫	૩	૨
૪	૧	૫	૩	૨
૧	૫	૪	૩	૨
૫	૧	૪	૩	૨
૪	૫	૧	૩	૨
૫	૪	૧	૩	૨

કોઠો ૧૬ મો.

૩	૪	૫	૧	૨
૪	૩	૫	૧	૨
૩	૫	૪	૧	૨
૫	૩	૪	૧	૨
૪	૫	૩	૧	૨
૫	૪	૩	૧	૨

કોઠો ૧૭ મો.

૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
[illegible]	૪	૩	૫	૧
[illegible]	૨	૩	૫	૧
[illegible]	૪	૨	૫	૧
[illegible]	૩	૨	૫	૧

કોઠો ૧૮ મો.

૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

કોઠો ૧૯ મો.

૨	૪	૫	૩	૧
૪	૨	૫	૩	૧
૨	૫	૪	૩	૧
૫	૨	૪	૩	૧
૪	૫	૨	૩	૧
૫	૪	૨	૩	૧

કોઠો ૨૦ મો.

૩	૪	૫	૨	૧
૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

દુહા—આવે પ્રાણી એકલો, જાય એકલો આપ;
સાથે પુત્ર કલત્ર નહિ, સાથ પુણ્ય ને પાપ.
શત્રુ મિત્ર તુજ દેખતા, થયા લાખ જન રાખ;
એક દિન જીવડા આપણે, બળી થવું છે ખાખ.
ક્ષણ ક્ષણ આવરદા ઘટે, ઘટે દિવસ ને રાત,
કાલ તણું હમણા કરો, કાલ તણી શી વાત.
કાદવ કીટ સમ માનવી, લેશ ન કરો અભિમાન;
હું તુ આ સંસારમાં, બે દિનના મે[illegible]
માટે નિર્મળ ભકિતથી, ભજ પ્રભુનું નામ,
અવર કામ છોડી કરી, કર પરમારથ [illegible]

સમાપ્ત.

શ્રી વિદ્યાલયમાં થતાં કામકાજની યાદી.

મુંબાઇ—'શ્રી જૈન સ્થાનકવાસી વિદ્યાલય' એ ખાતુ ચાલુ કર્યાંને હાલ પાંચમું વર્ષ ચાલે છે. તેમાં થતાં કામકાજનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

૧. આ ખાતાની એક કમીટી નીમવામાં આવી છે, અને આ ખાતાનો આવક-જાવકનો હીસાબ દર વર્ષે ઑાડીટરો પાસે તપાસાવી, છપાવીને બહાર પાડવામાં આવે છે. ૨. દર માસની આઠમ-પાખી તિથિએ અને પર્યુષણમાં હંમેશાં કસાઈવાડે કપાતા જીવોને છોડાવવામાં આવે છે. ૩. ધાર્મિક અભ્યાસ માટે ચોપડીઓની જરૂર હોય અને મંગાવે તો મોકલવામાં આવે છે. ૪. પોતાના વપરાશ માટે દરેક માણસને પુંજણિઓ અને કાળા થાળિઓ મફત આપવામાં આવે છે. ૫. અશક્ત માણસોને માટે દવા ઘેર પહોંચાડવાની અને કોઇ પણ જાતની મદદની ઈચ્છાવાળાને માટે બનતી ગોઠવણ કરવામાં આવે છે. ૬. વિદ્યાલયને મોકલવામાં આવતી દરેક રકમની છાપેલી પહોંચ આપવામાં આવે છે. ૭. બહાર ગામથી જીવદયા વગેરે ખાતે જે રકમ આવે છે, તે સ્વીકારી લઇ પહોંચ મોકલાય છે, અને તેના વિગત રીપૉર્ટ દ્વારા બહાર પાડવામાં આવે છે. ૮. આ ખાતા તરફથી દરવર્ષે પાંચ પરણી ટીપો છપાવવામાં આવે છે, અને જ્યાં મગાવવામાં આવે ત્યાં મોકલવામાં આવે

છે. ૯. આ ખાતામાં ધર્મ ઉપગરણ રાખવામા આવે છે તે અશક્ત માણસ સિવાય પાસેથી કીંમત લઈ આપવામ આવે છે. ૧૦. વિદ્યાલયનું મકાન ધર્મકરણીને માટે આખે દિવસ ખુલ્લું રાખવામાં આવે છે. ૧૧. આ ખાતામાંથ જ્ઞાનનો ઉદય થાય તેવાં પુસ્તકો છપાવવામાં આવે છે અ તે પડતર કીંમતે વેચવામાં આવે છે. ૧૨. આ ખાતા મદદ આપનાર દાનવીર ગૃહસ્થોએ પોતાને ત્યાં આ ખાતાન ધર્માદા પેટી રાખી છે, તે આ ખાતાના વહીવટ કરનાર તરફથી ખોલવામાં આવે છે, અને નામવાર રકમ જમે કરી, રીપોર્ટમાં જાહેર પાડી, દરેકને છાપેલી પહોચ મોકલી આપવામાં આવે છે.

આશા છે કે, દાનવીર ગૃહસ્થો આવા ઉત્તમ ખાતા તરફ પોતાનો ઉદાર હાથ લંબાવી આ ખાતાને પગભર કરવા ચૂકશે નહિ.

લી. સેવકો,

શાહ ત્રીભોવનદાસ ગુલાબચંદ (જામનગરવાળા).

ગાંધી રતનચંદ પાનાચંદ (ચોરવાડવાળા)

ઑનરરી સેક્રેટરી.

આપને કોઈ પુસ્તક છપાવવું હોય અને તેમાં સુધારવાનું સારૂં અને મન પસંદ કામ કરાવવું હોય તો લખો:— વાડીલાલ [illegible] સંઘવી.

ઠે. સારંગપુર—તળીયાની પોળ—અમદાવાદ.